# પ્રકરણ-૧

**૧-૧ સામાન્ય માહિતી :-**

જૂનાગઢ જિલ્લાનું અસ્તિત્વ તા.૧૯-૪-૧૯૪૯ થી જૂનાગઢ તેમજ આજુબાજુના અન્ય દેશી રજવાડાના વિલીનીકરણથી થયું છે. આ રજવાડાઓમાં જૂનાગઢ, માણાવદર, માંગરોળ, બાંટવા, સરદારગઢ અને પોરબંદર મુખ્ય હતાં.

તા.૨-૧૦-૯૭ થી પોરબંદર જિલ્લો અસ્તિત્વમાં આવતાં તથા કોડીનાર તાલુકાને જૂનાગઢ જિલ્લામ સમાવિષ્ટ થતાં નવરચિત જૂનાગઢ જિલ્લાનો વિસ્તાર ૮૮૪૮ ચો.કિ.મી. થાય છે. આ જિલ્લાના પૂર્વે અમરેલી, ઉત્તરે રાજકોટ, પોરબંદર જિલ્લાથી ઘેરાયેલ છે. દક્ષિણ તથા પશ્ચિમે અરબી સમુદ્રથી ઘરાયેલ છે. આ જિલ્લો નૈસર્ગિક સમૃદ્ધિમાં મોખરે છે. ગીરના જંગલો ડુંગરાળ પ્રદેશ અને વિસ્તૃત મેદાનો અને તેમાં થઈને વહેતી નદીઓ, ઝરણાઓથી શોભતો આ જિલ્લો તેના વનરાજસિંહો તથા કેસર કેરી માટે વિશ્વ વિખ્યાત છે. જેના કારણે પરદેશી પ્રવાસીઓનું અનોખું આકષર્ણ રહેલ છે.

**૧-૨ આબોહવા અને વરસાદ :-**

જિલ્લાની આબોહવામાં ઘણી વિવિધતાં જોવામળે છે. જિલ્લામાં એક બાજુ વિશાળ દરિયા કિનારો અને બીજી બાજુ સપાટ મેદાન તથ ગીરનું ગીચ જંગલ આવેલ છે. ઉપરાંત જિલ્લામાં ડુંગરાળ પ્રદેશ પણ છે. ગ્રીષ્મ ઋતુ માં ખડકો ગરમ થાય છે. જેના કારણે ગીરનાર તળેટીમાં વસેલાં જૂનાગઢ શહેરની આબોહવા ઘણી જ ગરમ રહે છે. ચોમાસામાં સામાન્યત: જૂનના પ્રથમ પખવાડીયાથી સપ્ટેમ્બર સુધીમાં વરસાદ થાય છે. આ જિલ્લાના ચોરવાડ, માંગરોળ, ઉના, વેરાવળ એ સામાન્ય રીતે ઉનાળામાં હવા ખાવાના સ્થળો ગણાય છે. જયારે માળીયા,કેશોદ,ભેંસાણ અને માણાવદર તાલુકાઓની હવા સુકી ગણાય છે. જિલ્લાનો વર્ષ : ૨૦૧૧ માં સરેરાશ વરસાદ ૭૧૦ મી.મી. પડેલ જયારે આજ વર્ષમાં વરસાદના સરેરાશ ૨૬ દિવસો હતા. જૂનાગઢ ખાતેના સાગડી વીડી ફાર્મમાં વર્ષ : ૨૦૧૧ માં ઉનાળાનું સૌથી ઉષ્ણતામાન ૩૯.૧ ડીગ્રી સેન્ટીગેડ તથા શિયાળામાં સૌથી ઓછુ ઉષ્ણતામાન ૧૧.૪ ડીગ્રી સેન્ટીગ્રેડ નોંધાયેલ છે.

## (૧૦) વસતિ અને વિસ્તાર :-

૨૦૧૧ની વસતિ ગણતરીના કામચલાઉ આંકડાની સમીક્ષા કરતા જણાય છે કે જૂનાગઢ જિલ્લાનો દશકાનો (૨૦૦૧ -૨૦૧૧) વૃધ્ધિ દર ૧૨.૦૧ ટકા છે. જે રાજયના વૃધ્ધિ દર ૧૯.૧૭ કરતાં ઓછો છે. સને ૧૯૯૧-૨૦૦૧ ના રાજ્યના વૃધ્ધિ દર, ૨૨.૬૬ કરતાં ઘણો ઓછો છે. જૂનાગઢ જિલ્લાનું જાતિ પ્રમાણ ૯૫૨ છે. જે રાજયના જાતિ પ્રમાણ ૯૧૮ કરતા વધુ

જિલ્લા વિભાજન થતા જૂનાગઢ જિલ્લામાં ૧૪ તાલુકાઓ છે. જૂનાગઢ જિલ્લામાં ગ્રામ્ય વસતિ શહેરી વસતિ કરતા ૨ ગણાથી વધુ છે. જે રાજયની ગ્રામ્ય વસતિની ટકાવારી કરતા પણ ઓછી છે. જયારે શહેરી વસતિ રાજયની શહેરી વસતિની ટકાવારી કરતા વધુ છે. ગ્રામ્ય વસતિ રાજયની વસતિના ૫.૨૯ ટકા અને શહેરી વસતિ રાજયની વસતિના ૩.૫૨ ટકા હિસ્સો ધરાવે છે.

## વસતિ ગીચતા

૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ જિલ્લાની કુલ વસતિ રાજયની કુલ વસતિના ૪.૫૪ ટકા છે. દર ચો.કી.મી. દીઠ વસતિની ગીચતા ૩૧૦ ની છે. જે સમગ્ર રાજયમાં ૩૦૮ છે.

## જાતીય પ્રમાણ :-

જિલ્લામાં જાતીય પ્રમાણ દર ૧૦૦૦ પુરુષોએ ૯૫૨ સ્ત્રીઓનું છે. જે ગ્રામ્ય વિસ્તારમાં ૯૫૩ અને શહેરી વિસ્તારમાં ૯૫૧નું છે.

## અક્ષરજ્ઞાન :-

જૂનાગઢ જિલ્લાનો અક્ષરજ્ઞાનનો દર ૭૬.૮૮ ટકા છે જે રાજયના દર ૭૯.૩૧ કરતા ઓછો છે. પુરુષોનો અક્ષરજ્ઞાનનો દર ૮૫.૮૦ ટકા અને સ્ત્રીઓનો દર ૬૭.૫૯ ટકા છે. ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે જૂનાગઢ જિલાનો ગ્રામ્ય,શહેરી અને કુલ વિસ્તારનો અક્ષરજ્ઞાન પામેલી વસતિની માહિતી આ સહ રજુ છે :-

| બાબત | અક્ષરજ્ઞાન પામેલ વસતિ | અક્ષરજ્ઞાનનો અસરકારક દર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| વ્યકિત કુલ | ૧૮,૭૬,૬૭૧ | ૭૬.૮૮ |
| પુરુષ | ૧૦,૬૯,૧૯૯ | ૮૫.૮૦ |
| સ્ત્રી | ૮,૦૭,૪૭૨ | ૬૭.૫૯ |
| ગ્રામ્ય કુલ | ૧૨,૦૧,૦૬૭ | ૭૩.૭૭ |
| શહેરી કુલ | ૬,૭૫,૬૦૪ | ૮૩.૧૩ |

# પ્રકરણ-૨

જિલ્લા પંચાયત હસ્તકની જુદી જુદી સમિતીઓ નીચે મુજબ છે.

- સામાન્ય
- કારોબારી
- શિક્ષણ
- જિલ્લા સામાજિક ન્યાય
- બાંધકામ
- આરોગ્ય
- ૨૦ મુદા અમલીકરણ
- ખેત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ
- મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃતિ
- અપિલ સમિતિ

**તીર્થગ્રામ યોજના**

રાજ્ય સારકારશ્રીના પંચાયત વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૨૦૦૩/૨૧૦૪/ચ, તા.૨૧/૭/૨૦૦૪ તીર્થગ્રામ યોજના ગ્રામ્ય વિસ્તારમાં કોમી સદભાવ અને ભાઇચારાની ભાવના વધુ પ્રબળ બનાવવાનુ છે.

આ યોજના અંતર્ગત જે ગામોમાં છેલ્લા પાંચ વર્ષમાં કોઇ ગુન્હો નોંધાયો ન હોય તેમજ અન્ય નોર્મ્સ પરિપુર્ણ થતાં હોય તેવા ગામોને તીર્થગ્રામ જાહેર કરી એક લાખ રૂપીયા પુરસ્કાર તરીકે આપવાની જોગવાઇ કરેલ છે.

**પાવનગ્રામ યોજના:-**

રાજય સરકારશ્રીનાં પંચાયત વિભાગનાં ઠરાવ ક્રમાંક:પરચ-૨૦૦૭-૭૪-ચ, તા.૨૦/૧૦/૨૦૦૮ થી પાવનગ્રામ યોજના જાહેર કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ગામોમાં છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ ગુન્હા નોંધાયો ન હોય તેમજ અન્ય નોર્મ્સ પરિપૂર્ણ થતાં હોય તેવા ગામોને પાવન ગામ જહેર કરી રૂ.૫૦,૦૦૦/- (પચાસ હજાર) પુરસ્કાર તરીકે આપવાની જોગવાઇ કરેલ છે. જે અંતર્ગત સને ૨૦૧૧-૧૨નાં વર્ષમાં નીચે મુજબના ગામોને પાવનગામ જાહેર કરવામાં આવેલ છે.

**પત્રક**

| અનુ.નં. | તાલુકાનું નામ | પાવન ગામ તરીકે જાહેર કરેલ ગામનું નામ |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | વિરપુર |

૧. જિલ્લા પંચાયતના ચુંટાયેલ સભ્યોની યાદી પત્રક-૧ માં તથા જુદી જુદી સમિતિઓની યાદી પત્રક-૨ માં આપેલ છે.

૨. જિલ્લા પંચાયતનાં બંધારણ અંગેની માહિતી આ સાથેના પત્રક-૩ માં દર્શાવવામાં આવેલ છે. જિલ્લા પંચાયતની છેલ્લી ચુંટણી તા.૨૧-૧૦-૨૦૧૦ ના રોજ થયેલ હતી. જેની મુદત તા૮-૧૧-૨૦૧૫ ના રોજ પુરી થાય છે. જિલ્લા પંચાયત,તાલુકા પંચાયતના ચુંટાયેલા સભ્યો, લોકસભાના સભ્યો તથા વિધાનસભાના સભ્યો એમ કુલ બધા મળીને ૩૦૯ સભ્યો થાય છે. આ સાથેના પત્રક-૪ માં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીની ચુંટણીની માહીતી આપવામાં આવી છે. બંને કિસ્સામાં સર્વાનુમને ચૂંટણી થયેલ છે. જયારે પત્રક-૫ માં જિલ્લા પંચાયતની જુદી જુદી સમિતિની વર્ષ-૨૦૧૧-૨૦૧૨ દરમિયાન મળેલ બેઠકોની સંખ્યા તેમજ ઠરાવોની સંખ્યાની માહિતી આપવામાં આવી છે.

પત્રક – ૧

| જૂનાગઢ જિલ્લા પંચાયત નાં ચૂંટાયેલા સદસ્યશ્રીઓના નામની યાદી | | |
|---|---|---|
| ક્રમ | નામ | હોદો |
| ૧. | શ્રીમતી દીવીબેન બાબુભાઇ બારૈયા | પ્રમુખશ્રી |
| ૨. | શ્રી હિરેનભાઇ દેવાણંદભાઇ સોલંકી | ઉપપ્રમુખશ્રી |
| ૩. | શ્રી સુરસિંહભાઇ હમીરભાઇ મોરી | સદસ્યશ્રી |
| ૪. | શ્રી હરીભાઇ સામતભાઇ મગરા | સદસ્યશ્રી |
| ૫. | શ્રી જીકુભાઇ નાથાભાઇ સુવાગિયા | સદસ્યશ્રી |
| ૬. | શ્રી વાલજીભાઇ ગોરધનભાઇ ફડદુ | સદસ્યશ્રી |
| ૭. | શ્રી રમેશભાઇ નરશીભાઇ સોજીત્રા | સદસ્યશ્રી |
| ૮. | શ્રી કમળાબેન લખમણભાઇ ભીલવાળા | સદસ્યશ્રી |
| ૯. | શ્રી દેવાભાઈ પુંજાભાઇ માલમ | સદસ્યશ્રી |
| ૧૦. | કુ. પ્રિતીબેન પ્રતાપભાઇ પરમાર | સદસ્યશ્રી |
| ૧૧. | શ્રી મેણંદભાઇ પાંચાભાઇ ખટારીયા | સદસ્યશ્રી |
| ૧૨. | શ્રી રાવતભાઇ વકમાતભાઇ સીસોદીયા | સદસ્યશ્રી |
| ૧૩. | શ્રીમતી મલીબેન જાદવભાઇ મેર | સદસ્યશ્રી |
| ૧૪. | શ્રી કાળાભાઇ ખીમાભાઇ રાઠોડ | સદસ્યશ્રી |
| ૧૫. | શ્રી વિજયસિંહ નાથાભાઇ પરમાર | સદસ્યશ્રી |
| ૧૬. | શ્રી રાણાભાઇ સામતભાઇ રાઠોડ | સદસ્યશ્રી |
| ૧૭. | શ્રી હીરાભાઇ અરજણભાઇ જોટવા | સદસ્યશ્રી |
| ૧૮. | શ્રીમતી સુમિતાબેન ભુપેન્દ્રભાઇ ભાયાણી | સદસ્યશ્રી |
| ૧૯. | શ્રીમતિ નંદુબેન મનજીભાઇ ભંડેરી | સદસ્યશ્રી |
| ૨૦. | શ્રીમતિ નાથીબેન દેવાયતભાઇ વાઢેર | સદસ્યશ્રી |
| ૨૧. | શ્રીમતિ કાન્તાબેન ધીરજલાલ ભુવા | સદસ્યશ્રી |
| ૨૨. | શ્રીમતિ જયાબેન જાદવભાઇ ભોળા | સદસ્યશ્રી |
| ૨૩. | શ્રીમતી રેખાબેન નારણભાઇ ડાંગર | સદસ્યશ્રી |
| ૨૪. | શ્રીમતિ રખુબેન હમીરભાઇ કામળીયા | સદસ્યશ્રી |
| ૨૫. | શ્રીમતિ કિરણબેન રમેશભાઇ ચારીયા | સદસ્યશ્રી |
| ૨૬. | શ્રી બાલુભાઇ હરીભાઇ હિરપરા | સદસ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૨૭. | શ્રીમતિ ચન્દ્રીકાબેન હમીરભાઇ વાળા | સદસ્યશ્રી |
| ૨૮. | શ્રી જેઠાભાઇ પુંજાભાઇ ચુડાસમા | સદસ્યશ્રી |
| ૨૯. | શ્રી વલ્લભભાઇ મનજીભાઇ દુધાત | સદસ્યશ્રી |
| ૩૦. | શ્રીમતી શાન્તાબેન દિનેશભાઇ ખટારીયા | સદસ્યશ્રી |
| ૩૧. | શ્રી રૂડાભાઇ પૂનાભાઇ શિંગોડ | સદસ્યશ્રી |
| ૩૨. | શ્રી રામભાઇ રૂડાભાઇ ભાદરકા | સદસ્યશ્રી |
| ૩૩. | શ્રી વાલાભાઇ કાનાભાઇ ખેર | સદસ્યશ્રી |
| ૩૪. | શ્રી રણજીતસિંહ ખુમાણભાઇ પરમાર | સદસ્યશ્રી |
| ૩૫. | શ્રી રતીભાઇ હરીભાઇ સાવલીયા | સદસ્યશ્રી |
| ૩૬. | શ્રી બાબુભાઇ રામભાઇ પરમાર | સદસ્યશ્રી |
| ૩૭. | શ્રીમતી રંજનબેન કેશુભાઇ જાદવ | સદસ્યશ્રી |
| ૩૮. | શ્રી હરેશભાઇ બાવાભાઇ હુંમર | સદસ્યશ્રી |
| ૩૯. | શ્રી હરીભાઇ બોઘાભાઇ સોલંકી | સદસ્યશ્રી |
| ૪૦. | શ્રી ઓઘડભાઇ ડાયાભાઇ ગુજરીયા | સદસ્યશ્રી |
| ૪૧. | શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી | સદસ્યશ્રી |
| ૪૨. | શ્રી લક્ષ્મણભાઇ જાદવભાઇ ભરડા | સદસ્યશ્રી |
| ૪૩. | શ્રી વ્રજલાલ જીવાભાઇ હીરપરા | સદસ્યશ્રી |
| ૪૪. | શ્રીમતી જયાબેન મોહનભાઇ વાળા | સદસ્યશ્રી |
| ૪૫. | શ્રી જેઠાભાઇ કાળાભાઇ વાળા | સદસ્યશ્રી |

# પત્રક-૩

| જિલ્લા પંચાયતનુ બંધારણ | | | | | | | | | | | વર્ષઃ ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લા પંચાયતની સ્થાપના | સને ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | છેલ્લી ચુટણીની તારીખ | જિલ્લા પંચાયતની ધોરણસરની મુદત પુરી થતી હોય તે તારીખ | પદ નિર્મિત | | જિલ્લા પંચાયતની મતદાર વિભાગમાંથી સીધી ચુંટણીથી ચુંટાયેલા સભ્યો | | | | |
| | | | | | તાલુકા પંચાયતના સભ્યો | તાલુકા પંચાયત દ્વારા ચુંટાયેલા સભ્યો | સ્ત્રીઓ | અનુ.જાતિ | અનુ.જન જાતિ | અન્ય | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૧-૪-૬૩ | ૨૪૪૮૧૭૩ | ૨૧-૧૦-૨૦૧૦ | ૮-૧૧-૨૦૧૫ | ૨૫૨ | ૨૫૨ | ૧૬ | ૫ | ૦ | ૨૪ | ૪૫ |

| પત્રક-૩ ચાલુ....... | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ડાયરેક્ટર | જિલ્લા સહકારી સંઘના પ્રતિનિધિ | જિલ્લા ખરીદ વેંચાણ સંઘના ચેરમેન | લોકસભાના સભ્યો | રાજ્યસભાના સભ્યો | જિલ્લા કલેક્ટર | નગર પાલિકાના સભ્યો | વિધાનસભાના સભ્યો | કુલ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| - | - | - | ૩ | - | ૧ | - | ૧૦ | ૩૦૯ |

# પત્રક-૪

વર્ષઃ ૨૦૧૧-૨૦૧૨

| જિલ્લા પંચાયતનું નામ | ઉમેદવારનુ નામ | | મેળવેલ મતોની સંખ્યા | | ચુંટાયેલ ઉમેદવાર | |
|---|---|---|---|---|---|---|
| | પ્રમુખ | ઉપ્રમુખ | પ્રમુખ | ઉપ્રમુખ | પ્રમુખ | ઉપ્રમુખ |
| 1 | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| જિલ્લા પંચાયત જૂનાગઢ | (૧) શ્રીમતી દીવીબેન બાબુભાઇ બારૈયા | (૧) શ્રી હિરેનભાઇ દેવાણંદભાઇ સોલંકી | ૨૩ | ૨૩ | (૧) શ્રીમતી દીવીબેન બાબુભાઇ બારૈયા | (૧) શ્રી હિરેનભાઇ દેવાણંદભાઇ સોલંકી |
| | (૨) વાઢેર નાથીબેન દેવાયતભાઇ | (૨) શિંગોડા રૂડાભાઇ પુનાભાઇ | ૨૨ | ૨૨ | - | - |

# પત્રક-૫

**જિલ્લા પંચાયતોની સમિતિઓની બેઠક** **વર્ષઃ ૨૦૧૧-૨૦૧૨**

| જિલ્લા પંચાયતની સામાન્ય સમિતિ | | શિક્ષણ સમિતિ | | ખેત ઉત્પાદન, સિંચાઇ, સહકાર, પશુપાલન સમિતિ | | જાહેર બાંધકામ સમિતિ | | સામાજિક ન્યાય સમિતિ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા | બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા | બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા | બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા | બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૪ | ૧૧ | ૫ | ૮૦ | ૭ | ૫૪ | ૬ | ૪૧ | ૩ | ૩૨ |

| કારોબારી સમિતિ | | અપિલ સમિતિ | | આરોગ્ય સમિતિ | | મહિલા અને બાળ વિકાસ સમિતિ | | ૨૦-મુદા અમલીકરણ સમિતિ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા | બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા | બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા | બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા | બેઠકની સંખ્યા | ઠરાવની સંખ્યા |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧૧ | ૪૦૭ | ૧ | -- | ૨ | ૫ | ૨ | ૬ | ૪ | ૮ |

## ઇ-ગ્રામની કામગીરી :-

**હાર્ડવેર :-**

જૂનાગઢ જિલ્લાની કૂલ ૮૨૧ ગ્રામ પંચાયતોમાં રાજ્ય સરકારની સહાયથી કોમ્પ્યુટર હાર્ડવેરને લગતી તમામ સામગ્રી પૂરી પાડવામાં આવી, જેમા પ્રથમ ચરણમાં કૂલ ૪૧૬ ગ્રામ પંચાયતો, બીજા ચરણમાં કૂલ ૨૮૧ ગ્રામ પંચાયતો અને ત્રીજા અને અંતીમ ચરણમા કૂલ ૧૨૩ ગ્રામ પંચાયતોમા હાર્ડવેરને લગતી સામગ્રી માહે માર્ચ-૨૦૦૯ માં પૂર્ણ કરી જિલ્લાની ૧૦૦% કામગીરી પૂર્ણ કરવામા આવી ત્યારબાદ જે ૨૮૧ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર સાથે ઇન્કજેટ પ્રીન્ટર આપવામાં આવેલ હતા તેને ફેરબદલી કરીને એચપી ૧૦૦૭ નવા લેઝરજેટ પ્રીન્ટર આપવામાં આવ્યા તથા જૂના લોકફાળા, ફ્લડમાં વિનાશ પામેલ, ચોરાયેલ તથા એક નવી ગ્રામ પંચાયત મળી કૂલ ૨૦ જેટલા નવા સીસ કંપનીના કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે.

**વી.સી.ઇ. :-**

ગ્રામ પંચાયત ખાતે પૂરા પડાયેલ હાર્ડવેરનો કાર્યક્ષમ ઉપયોગ થાય અને લોકોને સેવાઓ મળી રહે તે હેતુસર કોમ્પ્યુટર પર કામ કરી શકે તેવા ગ્રામ કોમ્પ્યુટર સાહસીક (વી.સી.ઇ.) સાથે કરાર કરવામાં આવેલ છે.

**ટેકનિકલ સપોર્ટર :-**

ગ્રામ્ય કક્ષાએ પૂરા પડાયેલ કોમ્પ્યુટર હાર્ડવેર સતત ચાલુ રહે તેમજ ડેટાનો બેકઅપ લેવાય, એન્ટી વાયરસ સોફટવેર ઇન્સ્ટોલ કરવા તથા તલાટી કમ મંત્રીને/વીસીઇને તાલીમ આપવા દરેક ૩૦ ગ્રામ પંચાયત દિઠ એક TSTSP ની નિમણૂક કરવાની રાજ્ય સરકારની યોજના અન્વયે આ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ C.M.C.. કંપની દ્વારા ગ્રામ પંચાયત માટે ૩૩ ટી.એલ.ઇ તથા ૧ ડી.એલ.ઇ કામગીરી બજાવે છે.

**ઇ-ગ્રામ ખાતે શરૂ કરેલ સેવા:-**

**આર.ઓ.આર.:-**

ગ્રામ્ય કક્ષાએ ખેડૂતોને ૭/૧૨ તેમજ ૮અ ના ઉતારા મળી રહે તે હેતુસર જૂનાગઢ જિલ્લાની કુલ ૮૨૧ ગ્રામ પંચાયતમાં ROR ની સેવા ઓનલાઇન રીતે કાર્યરત કરેલ છે. આ સેવા VCE મારફત ઉપલબ્ધ કરાવેલ છે.

૩૧-માર્ચ -૨૦૧૨ સુધી ૭/૧૨ અને ૮અ ની ૧,૧૭,૯૯૪ નકલ ઓનલાઇન રીતે ઉપલબ્ધ કરાવેલ છે.

**ઇ-ગ્રામ ખાતે શરૂ થનાર સેવા :-**

બારકોડેડ રાશન કાર્ડ, ડ્રાયવીંગ લાયસન્સ, ઇજનેરી અને ફાર્મસી ના અરજી ફોર્મ વગેરે ની કામગીરી આવનાર સમયમાં જિલ્લાની તમામ ગ્રામ પંચાયત ખાતે શરૂ થનાર છે.

**વીજળી બીલ**

ગ્રામ્ય કક્ષાએ દરેકને ગ્રામજનોને B2C સેવા મળી રહે તે હેતુસર આ જિલ્લાનાં જૂનાગઢ તાલુકાના ૮૨૧ ગ્રામ પંચાયત ખાતે વીસીઇ મારફતે વિજળી બિલ સ્વીકારવા માટેનાં કેન્દ્ર કાર્યરત કરેલ છે.

માર્ચ-૨૦૧૨ સુધીમાં કુલ ૪,૦૪,૧૭૯ બીલો સ્વીકારવામાં આવેલ છે. જેમાંથી રૂ|.**૨૯,૪૧,૯૫,૩૫૬**/- નું કલેકશન થયેલ છે. જેમાંથી VCEને રૂ|. **૨૦,૨૦,૮૯૫**/- ની આવક તથા ગ્રામ પંચાયતને રૂ|.**૮,૦૮,૩૫૮**/- ની આવક થયેલી છે આમ, કૂલ રૂ|. **૨૮, ૨૯,૨૫૩**/- ની આવક થયેલ છે.

**વી-સેટ :-**

ગ્રામ્ય કક્ષાએ INTERNET સવલત પૂરી પાડવા રાજ્ય સરકારના ઇ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ અંતર્ગત ઇ-ગ્રામ કનેકટીવીટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર (ઇજીસીઆઇ) નો કોન્ટ્રાકટ ભારતી એરટેલ લીમીટેડને સોંપવામાં આવેલ છે. માર્ચ-૨૦૧૦ સુધીમાં જિલ્લાની તમામ ૮૨૧ ગ્રામ પંચાયતોમાં વી-સેટ ઇન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ થયેલ છે

પત્રકમાં તાલુકાવાર ઈ-ગ્રામ બાબતે થતી વિગતવાર કામગીરી દર્શાવવામાં આવેલી છે.

## જૂનાગઢ જિલ્લાની ૩૧-૦૩-૨૦૧૨ અંતિત ઇ-ગ્રામની સ્થિતી દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લા/ તાલુકાનુ નામ | કૂલ ગ્રામ પંચાયત | ઉપલબ્ધ ટેકનિકલ સપોર્ટર | ટેકનિકલ સપોર્ટરને ફાળવેલ ગ્રામ પંચાયત | થયેલ વી-સેટ ઇન્સ્ટોલેશન |
|---|---|---|---|---|---|
| **૧** | **જૂનાગઢ (જિલ્લો)** | **૮૨૧** | **૧(ઝન્ચ)** | **૮૨૧** | **૮૨૧** |
| ૧ | માણાવદર | ૫૫ | ૨ | ૫૫ | ૫૫ |
| ૨ | વંથલી | ૪૬ | ૨ | ૪૬ | ૪૬ |
| ૩ | જૂનાગઢ | ૫૮ | ૨ | ૫૮ | ૫૮ |
| ૪ | ભેંસાણ | ૩૭ | ૨ | ૩૭ | ૩૭ |
| ૫ | વિસાવદર | ૭૭ | ૩ | ૭૭ | ૭૭ |
| ૬ | મેંદરડા | ૩૯ | ૨ | ૩૯ | ૩૯ |
| ૭ | કેશોદ | ૫૩ | ૨ | ૫૩ | ૫૩ |
| ૮ | માંગરોળ | ૬૦ | ૨ | ૬૦ | ૬૦ |
| ૯ | માળીયા(હા.) | ૬૪ | ૩ | ૬૪ | ૬૪ |
| ૧૦ | તાલાળા | ૪૭ | ૨ | ૪૭ | ૪૭ |
| ૧૧ | વેરાવળ | ૫૩ | ૨ | ૫૩ | ૫૩ |
| ૧૨ | સુત્રાપાડા | ૪૭ | ૨ | ૪૭ | ૪૭ |
| ૧૩ | કોડીનાર | ૫૪ | ૨ | ૫૪ | ૫૪ |
| ૧૪ | ઉના | ૧૩૧ | ૫ | ૧૩૧ | ૧૩૧ |
| | **કૂલ** | **૮૨૧** | **૩૪** | **૮૨૧** | **૮૨૧** |

# પ્રકરણ-૩

**જિલ્લા પંચાયતની આવક અને ખર્ચઃ**

અહેવાલના વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન જૂનાગઢ જિલ્લા પંચાયતની ચોખ્ખી ઉપજ રુપિયા ૪૪,૭૪,૬૩૫ હજાર હતી. તેની સામે ખર્ચ રૂપિયા ૪૧,૩૮,૮૯૫ હજાર થવા જાય છે. વર્ષના અંતે સિલિક રૂપિયા ૧૦,૬૫,૩૩૨ હજાર છે. વર્ષ દરમ્યાન વસુલાતના વિવિધ ક્ષેત્રે તથા સરકારશ્રીના સદરો હેઠળ થયેલ ઉપજની વિગત નીચેની વિગતે પત્રક-૩.૧ માં આવક અને ખર્ચની વિગત પત્રક-૩.૨ માં દર્શાવેલ છે.

પત્રક – ૩.૧

## જિલ્લા પંચાયતની ઉપજઃ

| ક્રમ | સદર | ઉપજ (રૂ. હજારમાં) ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| 1 | જમીન મહેસુલ | ૧૦૩ |
| ૨ | સ્થાનિક ઇરીગેશન શેષ | ૧૬ |
| ૩ | સ્થાનિક સ્ટેમ્પ ડયુટી | ૧૪૯૭ |
| ૪ | સ્થાનિક કર લોકલ શેષ ફંડ | ૩૭૫૬૦ |
| ૫ | વ્યાજ | ૦ |
| ૬ | શિક્ષણ | ૨૬૦૪૩૬૯ |
| ૭ | તબીબી | ૧૦૧૬૯૫ |
| ૮ | વૈધાનિક અને નાના ખાતા | ૧૬૧૪૩૯૦ |
| ૯ | પ્રકિર્ણ અને અન્ય ઉપજ | ૧૬૮૫૪ |
| ૧૦ | ખેતીવાડી | ૩૫૨૩૮ |
| ૧૧ | સીવીલ કામો | ૨૫૭૧૭૯ |
| ૧૨ | સિંચાઇ | ૭૯૭૨૦ |
| ૧૩ | અછત | ૨૧૧૦૨ |
| ૧૪ | દેવા અને ઉપલક | ૧૩૦૭૨૧ |
| ૧૫ | કુલ આવક | ૪૯૦૦૪૪૪ |
| ૧૬ | તાલુકા રીફંડ | ૧૫૫૪૮ |
| ૧૭ | કુલ | ૪૮૮૪૮૯૬ |
| ૧૮ | તાલુકાને ફાળવેલ રકમ | ૪૧૦૨૬૧ |
| ૧૯ | જિલ્લા પંચાયતની ચોખ્ખી ઉપજ | ૪૪૭૪૬૩૫ |
| ૨૦ | ખુલતી સિલક | ૧૦૬૫૩૩૨ |
| ૨૧ | એકંદર કુલ | ૫૫૩૯૯૬૭ |

## પત્રક-૩.૨

## જિલ્લા પંચાયતનો ખર્ચ :-

| ક્રમ | સદર | ખર્ચ (રૂ. હજારમા) ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| ૧ | રીફંડ ડ્રો બેક | ૧૫૨૨૩ |
| ૨ | વહીવટ | ૨૦૯૨૩ |
| ૩ | વ્યાજ | ૦ |
| ૪ | શિક્ષણ | ૨૫૪૭૬૦૨ |
| ૫ | આરોગ્ય તબીબી | ૨૨૬૬૦૨ |
| ૬ | સુપર એજયુકેશનના એલાઉન્સ અને પેન્શન | ૦ |
| ૭ | પ્રકિર્ણ અને અન્ય ખર્ચ | ૦ |
| ૮ | વૈધાનિક અને નાના ખાતા | ૮૯૫૩૭૫ |
| ૯ | દુષ્કાળ રાહત | ૮૦૨૪ |
| ૧૦ | સીવીલ અને જાહેર કામો | ૩૨૪૨૧૪ |
| ૧૧ | નાની સિંચાઇ | ૭૮૩૧૪ |
| ૧૨ | દેવા વિભાગ અને ઉપલક | ૨૨૬૧૮ |
| ૧૩ | કુલ ખર્ચ | ૪૧૩૮૮૯૫ |
| ૧૪ | બંધ થતી સિલિક | ૧૪૦૧૦૭૨ |
| ૧૫ | એકંદર કુલ | ૫૫૩૯૯૬૭ |

# પ્રકરણ-૪

**૧. આરોગ્ય વિષયક માહિતીઃ**

આ જિલ્લામાં હાલમાં ૫૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા ૬ એલોપેથીક દવાખાના અને ૭ મોબાઈલ દવાખાનાઓ કામ કરી રહેલ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નીચે ૩૯૦ પેટા કેન્દ્રો કામ કરી રહેલ છે. આ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, એલોપેથીક દવાખાના તેમજ પેટા આરોગ્ય કેન્દ્ર મારફત ગ્રામ્ય વિસ્તારોમાં દર્દીઓને પ્રાથમિક સારવાર તેમજ આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિષયક સેવાઓ અને સવલતો પુરી પાડવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં અંદરનાં દર્દીઓને સારવાર મળી રહે તે હેતુ માટે અને ગ્રામ્ય વિસ્તારની બહેનોને પ્રસુતીની સવલત મળી રહે તે માટે પથારીઓની પણ સગવડ રાખવામાં આવી છે.

**૨. શાળા આરોગ્ય કાર્યક્રમઃ**

ચાલુ વર્ષ દરમિયાન જિલ્લાની કુલ પ્રાથમિક અને માધ્યમિક ૨૩૪૨ શાળાઓ પૈકી ૨૩૪૨ શાળાનાં ૪૮૯૨૭૭ વિદ્યાર્થીઓની તથા કુલ આંગણવાડી ૨૩૩૬ પૈકી ૨૩૩૬ આંગણવાડીના ૧૩૭૦૫૯ લાભાર્થી બાળકોની શારીરીક તપાસ કરવામાં આવી હતી. તે પૈકી જરૂરિયાતવાળા બાળકોને વિટામીન-એ, લોહતત્વ,ફોલીકએસીડ અને આંખની સારવારની દવા આપવામાં આવી હતી. ઓગષ્ટ-૮૯ થી જિલ્લા મથકે આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત શાળા આરોગ્ય સેલની રચના કરવામાં આવી છે. તેમજ શાળા આરોગ્ય સેલની કામગીરીને સંગીન બને તે હેતુથી શાળા આરોગ્ય નિરીક્ષકોની જગ્યાઓ ફેરબદલી તાલુકા મથકેથી જિલ્લા મથકે કરવામાં આવી છે.

શાળા આરોગ્ય કાર્યક્રમને સંગીન બનાવવા સારું તથા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું આરોગ્ય સ્તર ઊંચુ લાવી શકાય તે હેતુથી જિલ્લા મથકે શાળા આરોગ્ય સેલમાં કામ કરતાં શાળા આરોગ્ય મદદનીશો તથા શાળા આરોગ્ય નિરીક્ષકોને રાજ્ય કક્ષાએ આ કાર્યક્રમની તથા આરોગ્ય સેલની રચનાના હેતુઓ અંગે તથા ફરજો અંગે તાલીમ આપવામાં આવેલ છે.

જિલ્લાની ૧૪ તાલુકાઓની પ્રાથમિક શાળાઓની મુલાકાત દરમિયાન શાળા આરોગ્ય મદદનીશો તથા શાળા આરોગ્ય નિરીક્ષકો વિદ્યાર્થીઓ તંદુરસ્ત અને આરોગ્યપ્રદ જીવન જીવતાં શીખે તે હેતુ સિધ્ધ કરવા માટે શાળાઓમાં નીચે મુજબની પ્રવૃત્તિ શરૂ કરેલ છે.

(૧) વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરાવવી.

(૨) તબીબી તપાસ બાદ ખામી માલૂમ પડેલ વિદ્યાર્થીઓની ખામી દૂર કરવા પ્રયત્ન કરવા.

(૩) પોષણ આહાર યોજનાઓનો લાભ વિધાર્થી વધુ પ્રમાણમાં લેતાં થાય.

(૪) ચેપી રોગ વિરોધી રસીઓ દ્વારા રોગ પ્રતિકારક શક્તિ મેળવતાં થાય.

(૫) આરોગ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ આરોગ્યપ્રદ ટેવો કેળવે.

(૬) શાળાનું સ્વસ્થ્યપ્રદ વાતાવરણ તૈયાર કરવા માટે જરૂરી કાર્યવાહી કરવી.

(૭) ઘનિષ્ટ ઝુંબેશ સ્વરૂપે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જતાં તેમજ શાળાએ ન જતાં ૦ થી ૧૮ વર્ષ સુધીનાં તમામ બાળકોને તપાસીને સ્થળ ઉપર તબીબી અધિકારી મારફત શક્ય તેટલી સારવાર આપવામાં આવે છે. ત્યારબાદ વધુ સારવાર અર્થે તાલુકા મથકે રોગ નિષ્ણાંત તજજ્ઞશ્રીઓનો કેમ્પ રાખી યોગ્ય કે જરુરી સારવાર આપવામાં આવે છે. તેમજ હૃદય, કીડની અને કેન્સર જેવી ગંભીર પ્રકારની બીમારીવાળા બાળકોને અમદાવાદ સિવિલ હોસ્પીટલ ખાતે વિના મુલ્યે સરકારી ખર્ચે સારવાર આપવામાં આવે છે.

ઉપરોક્ત તમામ પ્રવૃત્તિઓનું સંકલન મોનીટરીંગ અને રીપોર્ટીંગની કામગીરી શાળા આરોગ્ય સેલ મારફતે જિલ્લા કક્ષાએથી કરવામાં આવે છે.ખાસ શાળા આરોગ્ય તબીબી તપાસણી કાર્યક્રમ વધુ સફળ થાય તે માટે શાળાનાં શિક્ષકભાઇ/ બહેનોને આ ઝુંબેશ અંગેની તાલીમ આપવામાં આવે છે. તજજ્ઞોના કેમ્પમાં મળી આવનાર દ્રષ્ટિની ખામીવાળા બાળકોને જો ચશ્માંની જરુર પડે તો વિના મુલ્યે ચશ્માં આપવાનું આયોજન અંધત્વ નિવારણ સોસાયટી મારફતે વિતરણ કરવામાં આવે છે.ચાલુ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં ૫૫૧૬ જરુરિયાત વાળા બાળકોને ચશ્મા વિતરણ કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષથી આ શાળા આરોગ્ય કાર્યક્રમ સરકારશ્રીના નવીનતમ અભિગમ એવા શાળા આરોગ્ય સપ્તાહ ના રૂપમાં ઉજવવામાં આવેલ છે.જેમાં સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ પ્રથમ દિવસે પાણીના સ્ત્રોતોની સફાઇ, ગ્રામ સફાઇ, શાળા સફાઇ તથા વૃક્ષારોપણ જેવી કામગીરી દરેક ગામમાં કરવાની હતી. બીજા દિવસે બાળકોની પ્રાથમિક આરોગ્ય તપાસણી આરોગ્ય કાર્યકર તથા આંગણવાડી કાર્યકર ધ્વારા કરવાની હતી. ત્રીજા દિવસને પોષણ દિન તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ હતું. તે મુજબ આ દિવસે દરેક ગામમાં આરોગ્ય કાર્યકર તથા આંગણવાડી કાર્યકર ધ્વારા બાળ તંદુરસ્તી હરિફાઇ, તંદુરસ્ત સગર્ભા હરિફાઇ, વાનગી હરિફાઇ, રેલી, ભવાઇ, પૌષ્ટીક વાનગી પ્રદર્શન જેવા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હતાં.તેમજ ચોથા દિવસે દરેક પ્રા.આ.કેન્દ્રના તબીબી અધિકારીશ્રી ધ્વારા પ્રા.શાળા, માધ્ય.શાળા, આંગણવાડીના બાળકો તથા શાળાએ ન જતાં બાળકોની આરોગ્ય તપાસણીની કામગીરી કરવામાં આવેલ હતી.તેમજ છેલ્લે પાંચમાં દિવસે દરેક ગામોમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે બાળ ગીતો, આરોગ્યપ્રદ રમતો, વકતૃત્વ સ્પર્ધા, નાટક, ઇનામ વિતરણ, તથા ગ્રામ સભા, વાલી મીટીંગ જેવી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓ શિક્ષકો, આરોગ્ય કાર્યકર, આંગણવાડી કાર્યકર તથા ગ્રામ પંચાયત ધ્વારા હાથ ધરવામાં આવેલ હતી.

જે મુજબ આ શાળા આરોગ્ય સપ્તાહના કાર્યક્રમ દરમ્યાન જુનાગઢ જિલ્લામાં વિવિધ ગામોમાં કુલ ૯૨૯-કુવા, ૬૭૧-વોટર વર્કસ, ૯૪૨-અન્ય સ્ત્રોતો, ૭૩૮-ગામો, ૨૦૯૮-શાળા તથા ૧૦૦૯-અન્ય સ્ત્રોતોની સફાઇ કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.તેમજ ૧૪૮૮-જેટલા વૃક્ષો ગામોમાં તથા ૨૫૨૮ જેટલાં વૃક્ષો શાળાઓમાં રોપવામાં આવેલ હતાં. તેમજ ત્રીજા દિવસની કામગીરી અંતગર્ત ૧૦૦૬-બાળ તંદુરસ્તી હરિફાઇ, ૮૬૦-તંદુરસ્ત સગર્ભા હરિફાઇ,

૬૮૧-વાનગી હરિફાઇ, ૭૬૭-રેલી, ૨૧-ભવાઇ, ૬૮૫-પૌષ્ટીક વાનગી પ્રદર્શન તેમજ ૮૫૦-દાદા-દાદી મીટીંગ જેવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ હતી. તેમજ પાંચમા દિવસે ૧૩૧૩-બાળ ગીતો, ૯૧૦-આરોગ્યપ્રદ રમતો, ૬૨૫-વકતૃત્વ સ્પર્ધા, ૧૧૬-નાટક, ૧૨૨૩-ઇનામ વિતરણ, ૧૯૬-આરોગ્ય ગ્રામ સભા, ૭૮૫-વાલી મીટીંગ જેવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ હતી.

**૩. ચેપી રોગો સામેનાં પગલાંઓઃ**

આ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, એલોપેથીક દવાખાનાઓ તેમજ પેટા કેન્દ્રો મારફતે ગ્રામ્ય વિસ્તારમાં ફેલાંતા ચેપી રોગો જેવાં કે પ્લેગ, કોલેરા, મેલેરિયા, કમળો, ટાઇફોઇડ વગેરે રોગો સામે લોકોને રક્ષણ મળે તે માટેનાં પગલાં ભરવામાં આવે છે. આ માટે આઇ.ડી.એસ.પી.કાર્યક્રમ અંતગર્ત જીલ્લાના જનરલ હોસ્પીટલ, સરકારી હોસ્પીટલ, સા.આ.કેન્દ્ર, પ્રા.આ.કેન્દ્ર તથા એલો.ડીસ્પે.ના કુલ ૭૯ નકકી કરેલ યુનિટ તથા પ્રા.આ.કેન્દ્રના પેટા કેન્દ્ર એવા ૩૯૦ પેટા કેન્દ્રોમાંથી માંથી દર અઠવાડિયે રિપોર્ટ મંગાવવામાં આવે છે અને આ રિપોર્ટની વેબસાઇટ પર ડેટા એન્ટી કરવામાં આવે છે. તે મુજબ રોગચાળાના આંકડા પર ચાંપતી નજર રહેલ છે.આ અંગે વર્ષ ૨૦૧૧ નો આઇ.ડી.એસ.પી.નો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.જે અહેવાલ જુનાગઢ જિલ્લાની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.તેમજ ચેપી રોગોનાં જંતુના ફેલાવા અટકાવવા માટે પાણી શુધ્ધીકરણ માટે તેમજ સ્વચ્છતાં માટેના પગલાં ભરવામાં આવે છે. અને આ માટે જરુરી દવાઓ રસીઓ વિગેરે રાખવામાં આવે છે.

**૪. માતૃ બાળ કલ્યાણ સેવાઓ :-**

આ વિસ્તારની બહેનોને પ્રસુતી પહેલાંની તેમજ પ્રસુતી પછીની સારવાર માટે તે હેતુસર ગ્રામ્ય વિસ્તારમાં  પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો તેમજ એલોપેથીક ડીસ્પેન્સરી દ્વારા સારવાર આપવામાં આવે છે. અહેવાલનાં વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન જિલ્લાનાં ૪૬૩૨૭ બહેનોને પ્રસુતી પહેલાં સારવાર આપવામાં આવી હતી. તેમજ ૪૧૧૨૧ બહેનોને પ્રસુતી દરમ્યાન સેવાઓ આપવામાં આવી હતી. જેમાં ૨૭૩૦ સ્કીલ બર્થ એટેન્ડન્ટ મારફત પ્રસુતી કરાવેલ અને ૨૫૬ તાલીમ પામેલ દાયણ  મારફત  પ્રસુતિ કરાવેલ પ્રસુતિ પછીની પૂર્ણ સારવાર ૩૮૭૪૨ બહેનોને આપવામાં આવી હતી.  ઉપરાંત ૦ થી ૧ વર્ષ ૪૦૬૬૦ બાળકોને સારવાર આપવામાં આવેલ હતી.  આ યોજનાનો હેતું જેટલાં જન્મે તેટલાં સારું જીવે અને બાળ મરણ  પ્રમાણ ઘટાડવાનો છે.

**પલ્સ પોલિયો કાર્યક્રમ :-**

આ વરસ દરમિયાન જુદી જુદી તારીખોએ પલ્સ પોલીયોની રસી આખા જિલ્લામાં ઝુંબેશના રૂપે ૦ થી ૫ વર્ષના બાળકોને આપવામાં આવેલ. તેની માહિતી નીચે મુજબ રાઉન્ડ વાઈઝ આપેલ છે.

| રાઉન્ડ નંબર | તારીખ | કાર્યભારણ | થયેલ કામગીરી | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧૯-૦૨-૨૦૧૨ | ૩૦૨૮૨૩ | ૨૯૨૦૩૭ | ૯૬.૪૪ |
| ૨ | ૧૫-૦૪-૨૦૧૨ | ૩૦૨૮૨૩ | ૨૯૦૯૭૨ | ૯૬.૦૯ |

**સઘન મીઝલ્સ કેચઅપ રાઉન્ડ રસીકરણ કાર્યક્રમ :-**

આ વરસ દરમિયાન તા.૩૦ જાન્યુઆરી ૨૦૧૨ થી તા.૧૫ માર્ચ ૨૦૧૨ દરમ્યાન જુનાગઢ જિલ્લાના કોર્પોરેશન સિવાયના તમામ વિસ્તારમાં સઘન મીઝલ્સ કેચઅપ રાઉન્ડ રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવેલ. જે અન્વયે મીઝલ્સની રસી આખા જિલ્લામાં ઝુંબેશના રૂપે ૯-માસથી ૧૦ વર્ષના બાળકોને આપવામાં આવેલ. તેની માહિતી નીચે મુજબ આપેલ છે.

| રાઉન્ડ નંબર | તારીખ | કાર્યભારણ | થયેલ કામગીરી | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૩૦-૦૧-૨૦૧૨ થી ૧૫-૦૩-૨૦૧૨ દરમ્યાન | ૪૧૮૯૯૬ | ૩૭૫૪૬૫ | ૮૯.૬૧ |

**૫. બાળમરણ ઘટાડવાનો કાર્યક્રમ :-**

આ કાર્યક્રમ નીચે આ જિલ્લામાં ચાલતાં સંકલિત બાળ વિકાસ યોજના કાર્યક્રમ સગર્ભા બહેનોની ખાસ કાળજી રાખવા માટે તેમને પોષક તત્વોવાળો ખોરાક મળી રહે તે માટે તેમજ તેમના મેડીકલ ચેકઅપ અંગે ખાસ ધ્યાન આપવામાં આવે છે. માતાઓને જરીરી આયર્ન ટેબ્લેટ પુરી પાડવામાં આવે છે. તેમજ માતૃ મરણ - બાળ મરણ ઘટાડવામાં આવે છે.

**૬. દાયણ તાલીમ પ્રોગ્રામ :-**

૧૯૭૫ થી તાલીમ પ્રોગ્રામ ચાલું છે. જેમાં ગામડામાં દેશી દાયણોને તાલીમ આપી સુવાવડ કામ સેપ્ટીક પ્રિકોશનથી કરે તે માટે એક માસની તાલીમ આપવામમાં આવે છે. તાલીમ પામેલ એમ. સી. એચ. યુ. આઇ.પી. અને કુટુંબ કલ્યાણની બધી જ કામગીરીમાં મદદ કરે છે. પ્રત્યેક દાયણને ડીલીવરી દીઠ રૂ. ૫૦-૦૦ લેખે નોંધણી ફી ચુકવવામાં આવતી હતી. હાલ સરકારશ્રીની સુચના મુજબ દરેક સુવાવડ સંસ્થાકીય થાય અને તેને કારણે જ માતા મરણ અને બાળ મરણમાં ઘ્ટાડો થાય તેથી ઘરે સુવાવડ બંધ કરાવીને સંસ્થાકીય સુવાવડને પ્રોત્સાહન મળે તે હેતુસર જનની સુરક્ષા યોજના અને ચિરંજીવી યોજના અમલમાં મુકેલ છે. જેની વિગતવાર માહિતી સામેલ છે.આ તાલીમ પામેલ દાયણ્ જો સુવાવડના કેસને ડીલેવરી માટે સંસ્થામાં લઇ આવે તો તેમને રૂ.૨૦૦/- ચુકવવામાં આવે છે.

**૭. આશા- એક્રેડીટેડ સોશ્યલ હેલ્થ એકટીવીસ્ટ**

એન.આર.એચ.એમ. હેઠળ છેવાડાના ગ્રામ્ય કક્ષાના તમામ લોકોને સારું આરોગ્ય પ્રાપ્ત થાય, તથા લોકોને ગુણવત્તાસભર આરોગ્યની તમામ સેવાઓ મળી રહે તે માટે જુનાગઢ જિલ્લામાં આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.જેમાં જુનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૨૭ આશા બહેનોની

જરૂરિયાત સામે ૧૫૦૦ આશા બહેનોની પસંદગી કરવામાં આવેલ છે. આ પસંદગી કરેલ બહેનોને આરોગ્યના તમામ પ્રોગ્રામ વિષયક જાણકારી માટે અલગ અલગ પ્રકારના મોડયુલ દ્વારા જે તે બ્લોક કક્ષાએ તાલીમ આપીને સુદ્રઢ કરવામાં આવેલ છે.તેઓને એન.આર.એચ.એમ.ની નકકી કરેલ માગર્દર્શિકા મુજબ કરેલ કામગીરીના પ્રમાણમાં વળતર ચુકવવામાં આવે છે.

જુનાગઢ જિલ્લાના તમામ આશા બહેનાને તેમના માટે જરૂરી આરોગ્ય શિક્ષણનું સાહિત્ય તથા પત્રિકા તેમજ આશા ડાયરીનું વિતરણ કરવામાં આવેલ.

**૮. જિલ્લા આરોગ્ય અધિકારીની જગ્યા અપગ્રેડ કરવા બાબત.**

જિલ્લા આરોગ્યની પ્રવૃતિને વેગ આપવા માટે જિલ્લા આરોગ્ય અધિકારીની જગ્યા અપગ્રેડ કરી મખ્ય જિલ્લા આરોગ્યની કરવામાં આવેલ છે.

**૯. ચિરંજીવી યોજના:-**

- **હેતુ :**

  સંસ્થાકિય પ્રસુતિમાં વધારો કરીને માતા મરણ અને બાળ મરણમાં ઘટડો કરવો.

- **આ યોજનાના લાભાર્થીઓ:**

  બીપીએલ/એસ.ટી. કુટુંબની સગર્ભા માતાઓ.
  જેની ઉંમર ૧૯ વર્ષ થી વધુ હોય.
  ગમે તેટલી સુવાવડ સુધી આ યોજનાનો લાભ મળે છે.
  સગર્ભાનું રજીસ્ટ્રેશન ૨૦ અઠવાડીયા પહેલાં થયેલું હોવું જોઇએ.
  ડીલેવરી પહેલા બે વખત સગર્ભાવસ્થા દરમ્યાન જે તે ચિરંજીવી ડોકટર પાસે તપાસ કરાવેલ હોવી જોઇએ.

- **આ યોજનામાં શું લાભ મળશે.**

  જે ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાંત આ યોજનામાં જોડાયેલ હોય ત્યાં બી.પી.એલ/એસ.ટી.કુટુંબની સગર્ભા બહેનોને મફતમાં સુવાવડ કરાવી દેવામાં આવશે.
  તેમના દવાખાના પર સુવાવડ માટે જવાના વાહનભાડાના રૂ.૨૦૦/- (ગ્રામ્ય વિસ્તારના) રૂ.૧૦૦/- (શહેરી વિસ્તારના) ચુકવી આપવામાં આવશે.
  સુવાવડ માટે સાથે આવનાર સહાયકને રૂ.૫૦/- ચુકવવામાં આવશે.

  માહે ઓટોબર-૨૦૦૭ થી જૂનાગઢ જિલ્લામાં માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા અમલમાં આવેલ 'ચિરંજીવી યોજના' હેઠળ અત્રેના જિલ્લાના ૨૦ ખાનગી ગાયનેકોલોજીસ્ટ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે તથા તાજેતરમાં અત્રેના જિલ્લા બહારના બે ખાનગી ગાયનેકોલોજીસ્ટ (જેતપુર, જિલ્લો: રાજકોટ) સાથે પણ અત્રેના જિલ્લા દ્વારા આ યોજના હેઠળ એમ.ઓ.યુ. કરાવમાં આવેલ છે. આ યોજના હેઠળ ફકત એમ.ઓ.યુ. કરેલ ગાયનેકોલોજીસ્ટ દ્વારા વિનામુલ્યે સેવાઓ આપવામાં આવે છે. તેમજ વર્ષ વાઇઝ આ યોજના હેઠળ થયેલ કામગીરી આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ચિરંજીવી યોજના હેઠળ થયેલી કામગીરી |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૩૦૪ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૭૯૮ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૨૨૫૭ |
| ૪ | ૨૦૦૯-૧૦ | ૭૬૨૨ |
| ૫ | ૨૦૧૦-૧૧ | ૭૧૯૭ |
| ૬ | ૨૦૧૧-૧૨ | ૫૩૪૧ |

**૧૦. જનની સુરક્ષા યોજના:-**

- **હેતુ :**

  સંસ્થાકિય પ્રસુતિમાં વધારો કરીને માતા મરણ અને બાળ મરણમાં ઘટડો કરવો.

- **આ યોજનાના લાભાર્થીઓ:**

  બીપીએલ/એસ.સી./એસ.ટી. કુટુંબની સગર્ભા માતાઓ.
  જેની ઉંમર ૧૯ વર્ષ થી વધુ હોય.
  પ્રથમ બે સુવાવડ સુધી આ યોજનાનો લાભ મળે છે.
  સગર્ભાનું રજીસ્ટ્રેશન ૨૦ અઠવાડીયા પહેલાં થયેલું હોવું જોઇએ.

- **આ યોજનામાં શું લાભ મળશે.**

  ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીને રૂ.૫૦૦/- અને રૂ.૨૦૦/- (વાહન વ્યવહારના)
  શહેરી વિસ્તારમાં લાભાર્થીને રૂ.૫૦૦/- અને ૧૦૦/- (વાહન વ્યવહારના)
  આ ચુકવણું સંબંધિત તબીબી અધિકારીશ્રીના પ્રમાણપત્ર આવ્યા પછી કરવામાં આવે છે.
  સીઝેરીયન જો આવે તો રૂ.૧૫૦૦/- ની સહાય ચૂકવવામાં આવે છે.

  જૂનાગઢ જિલ્લામાં કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના દ્રારા અમલમાં આવેલ જનની સુરક્ષા યોજના હેઠળ અત્રેના જિલ્લામાં વર્ષ ૨૦૦૬ માં આ યોજનાના લાભાર્થી એવા કુલ ૨૫૨૭ બહેનોને આ યોજના હેઠળ સહાય ચુકવવામાં આવેલ અને ૯૮.૭૨% સિધ્ધી હાંસલ કરેલ જે માટે અત્રેના જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને ટાઉન હોલ, ગાંધીનગર ખાતે તા.૧૧-૪-૦૭ નારોજ યોજાયેલ સમારોહમાં માન.આરોગ્ય મંત્રીશ્રી અશોકભાઇ ભટ્ટ દ્રારા એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

આ યોજનાની જૂનાગઢ જિલ્લાની વર્ષ વાઇઝ માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | જનની સુરક્ષા યોજના હેઠળ થયેલી કામગીરી |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૩૧૭૨ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૫૩૮૯ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૬૭૨૨ |
| ૪ | ૨૦૦૯-૧૦ | ૧૪૬૧૫ |
| ૫ | ૨૦૧૦-૧૧ | ૧૨૬૭૮ |
| ૬ | ૨૦૧૧-૧૨ | ૧૩૩૪૪ |

**૧૧. બાળ સખા યોજના**

માહે મે-જુન-૨૦૦૯ થી જૂનાગઢ જિલ્લામાં માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા અમલમાં આવેલ 'બાળસખા યોજના' હેઠળ અત્રેના જિલ્લાના ૨૦ ખાનગી બાળરોગ નિષ્ણાંત સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે આ યોજના હેઠળ ફકત એમ.ઓ.યુ. કરેલ બાળરોગ નિષ્ણાંત દ્વારા વિનામુલ્યે સેવાઓ આપવામાં આવે છે. તેમજ વર્ષ વાઇઝ આ યોજના હેઠળ થયેલ કામગીરી આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | બાળસખા યોજના હેઠળ થયેલી કામગીરી |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૫૨૭૩ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૬૪૦૭ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૫૦૧૩ |

**૧૨. વુમન કમ્પોડેન્ટ પ્લાન**

વુમન કમ્પોડેન્ટ પ્લાન હેઠળ ફકત એક અથવા બે દિકરી ધરાવતાં દંપતિ કુટુંબ કલ્યાણ ઓપરેશન કાયમી પધ્ધતિ અપનાવે તેવા લાભાર્થીઓને સરકારશ્રી તરફથી આ યોજના અન્વયે ફકત એક દિકરી વાળા લાભાર્થીને રૂ ૬,૦૦૦/- અને બે દિકરી ધરાવતા લાભાર્થીઓને રૂ.૫,૦૦૦/- ના એન.એસ.સી. આપવાની યોજના કાર્યરત છે. આ યોજના હેઠળ આ જિલ્લામાં નીચે મુજબની વિગતે લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

જુનાગઢ જિલ્લામાં ફકત દિકરી યોજના અન્વયે લાભ લીધેલ લાભાર્થીઓનું વર્ષ્ વાઇઝ પત્રક

| વર્ષ્ | ફકત એક દિકરી વાળા દંપતિના કેસ | | ફકત બે દિકરી વાળા દંપતિના કેસ | | કુલ | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | કેસની સંખ્યા | એન.એસ.સી.ની રકમ રૂ. માં | કેસની સંખ્યા | એન.એસ.સી.ની રકમ રૂ. માં | કેસની સંખ્યા | એન.એસ.સી.ની રકમ રૂ. માં | |
| ૨૦૦૫-૦૬ | ૦ | નીલ | ૧ | ૫,૦૦૦/- | ૧ | ૫,૦૦૦/- | |
| ૨૦૦૬-૦૭ | ૦ | નીલ | ૧ | ૫,૦૦૦/- | ૧ | ૫,૦૦૦/- | |
| ૨૦૦૭-૦૮ | ૧ | ૬,૦૦૦/- | ૨ | ૧૦,૦૦૦/- | ૩ | ૧૬,૦૦૦/- | |
| ૨૦૦૮-૦૯ | ૬ | ૩૬,૦૦૦/- | ૭ | ૩૫,૦૦૦/- | ૧૩ | ૭૧,૦૦૦/- | |
| ૨૦૦૯-૧૦ | ૭ | ૪૨,૦૦૦/- | ૫ | ૨૫,૦૦૦/- | ૧૨ | ૬૭,૦૦૦/- | |
| ૨૦૧૦-૧૧ | ૧ | ૬,૦૦૦/- | ૭ | ૩૫,૦૦૦/- | ૮ | ૪૧,૦૦૦/- | |
| ૨૦૧૧-૧૨ | ૧ | ૬,૦૦૦/- | ૧૩ | ૬૫,૦૦૦/- | ૧૪ | ૭૧,૦૦૦/- | |

**૧૩. જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ :**

- **હેતુ :**

  સંસ્થાકિય પ્રસુતિમાં વધારો કરીને માતા મરણ અને બાળ મરણમાં ઘટડો કરવો.

- **આ યોજનાના લાભાર્થીઓ:**

  તમામ સગર્ભા માતાઓ.
  જેની ઉંમર ૧૯ વર્ષ થી વધુ હોય.
  આ યોજનામાં લાભ લીધેલ તમામ સગર્ભા માતાના નવજાત બાળક(જન્મના ૩૦-દિવસ સુધીના)

- **આ યોજનામાં શું લાભ મળશે.**

  કોઇ પણ સરકારી દવાખાના ખાતે તમામ સગર્ભાને સુવાવડ માટે ભાડા વગર વાહનની વ્યવસ્થા. ડીલેવરીમાં કોઇ પણ જાતનો ખર્ચ નહિ. (લેબોરેટરી, દવાઓ, ખોરાક વિગરે જેવા ખર્ચનું ચુકવણું જે તે સરકારી દવાખાનાની રોગી કલ્યાણ સમિતિ ધ્વારા કરવામાં આવશે.)

સુવાવડ પછી જે તે સગર્ભાએ 48-કલાક જે તે દવાખાનામાં ફરજિયાત રોકાણ કરવાનું રહેશે. આ રોકાણ બાદ માતા અને બાળકને પરત તેમના ઘર સુધી પહોંચાડવા માટે પણ વિના મૂલ્યે વાહનની વ્યવસ્થા કરવામાં આવશે.

જન્મ થયેલ બાળકને પણ તેમના જન્મના 30-દિવસની અંદર તકલીફ થાય અને સારવારની જરૂરિયાત જણાયતો તેમને પણ સરકારી દવાખાના ખાતે સારવારમાં લાવવા તથા પરત મુકવા માટે વાહનની વિના મૂલ્યે વ્યવસ્થા કરવામાં આવે છે.તેમજ તે બાળકની સારવારમાં જે તે સરકારી દવાખાના ખાતે કોઇ પણ જાતનો ખર્ચ નહિ. (લેબોરેટરી, દવાઓ, ખોરાક વિગરે જેવા ખર્ચનું ચુકવણું જે તે સરકારી દવાખાનાની રોગી કલ્યાણ સમિતિ ધ્વારા કરવામાં આવશે.)

આ યોજના અંતર્ગત સરકારી દવાખાના ખાતે આવેલ માતા કે બાળકને વધુ સારવાર માટે રીફર કરવાની જરૂર જણાયે તે માટે પણ ભાડા વગર વાહનની વ્યવસ્થા.

આ યોજના હેઠળ આ જિલ્લામાં નીચે મુજબની વિગતે લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ થયેલી કામગીરી | |
|---|---|---|---|
| | | કેટલી સગર્ભા માતાને લાભ આપેલ છે. | કેટલા નવજાત બાળકને લાભ આપેલ છે. |
| ૧ | ૨૦૧૧-૧૨ | ૨૪૦ | ૭૩ |

**૧૪. કસ્તુરબા પોષણ સહાય યોજના:-**

- **હેતુ :**
  (1) સગર્ભા બહેનને પોષણક્ષમ આહાર માટે સહાય,
  (2) સંસ્થાકિય પ્રસુતિ કરાવે તે માટે સહાય.
  (3) જન્મનાર તમામ બાળકને રસીકરણથી છ ઘાતક રોગ સામે રક્ષીત કરાવે તે માટે સહાય. તે મુજબ કામગીરી હાથ ધરી માતા મરણ અને બાળ મરણમાં ઘટડો કરવો.

- **આ યોજનાના લાભાર્થીઓ:**
  બીપીએલ કુટુંબની સગર્ભા માતાઓ.
  જેની ઉમર ૧૯ વર્ષ થી વધુ હોય.
  સગર્ભાનું રજીસ્ટ્રેશન અર્લી રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઇએ.

- **આ યોજનામાં શું લાભ મળશે.**
  આ યોજનામાં તેના હેતુ મુજબ ત્રણ સ્ટેજમાં સહાય ચુકવવામાં આવે છે.
  **સ્ટેજ** (1) જે તે સગર્ભા બહેન તેની સગર્ભાવસ્થાનું અર્લી રજીસ્ટ્રેશન કરાવે તો તે લાભાર્થીને રૂ.૭૦૦/- સંબંધિત લાભાર્થીના ખાતામાં ચેકથી જમા કરાવવામાં આવે છે.

**સ્ટેજ** (2) આ યોજનાના લાભાર્થી જે તે સગર્ભા બહેન તેની સુવાવડ હોસ્પીટલ-દવાખાના ખાતે કરાવે તો તે લાભાર્થીને રૂ.૭૦૦/- સંબંધિત લાભાર્થીના ખાતામાં ચેકથી જમા કરાવવામાં આવે છે.
**સ્ટેજ** (3) આ યોજનાના લાભાર્થી તેના નવજાત બાળકને જન્મના 1-વર્ષની અંદર કુલ્લી ઇમ્યુનાઇઝેશન કરાવે તો તે લાભાર્થીને રૂ.700/- સંબંધિત લાભાર્થીના ખાતામાં ચેકથી જમા કરાવવામાં આવે છે.
આ ચુકવણું સંબંધિત તબીબી અધિકારીશ્રીના પ્રમાણપત્ર આવ્યા પછી કરવામાં આવે છે.

આ યોજનાની જૂનાગઢ જિલ્લાની વર્ષ વાઇઝ માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ થયેલી કામગીરી | | |
|---|---|---|---|---|
| | | સ્ટેજ-1 | સ્ટેજ-2 | સ્ટેજ-3 |
| ૧ | ૨૦૧૧-૧૨ | ૨૧૪ | ૧૬૨ | ૧૩૭ |

# પ્રકરણ-૫

**કુટુંબ કલ્યાણ ક્ષેત્રે પ્રગતિ :-**

(૧) કુટુંબ કલ્યાણ કાર્યક્રમ એ રાષ્ટ્રીય કાર્યક્રમ છે. પરિણીત દંપતિ કે જેઓમાં બહેનોની ઉમર ૧૫થી ૪૪ વર્ષની વચ્ચે હોય તે દરેક દંપતિને કાર્યક્રમની વિવિધ પધ્ધતિ ધ્વારા આવરી લઇ જન્મ-મરણ ઘટાડવા માટે દરેક પધ્ધતિવાર વર્કલોડ નકકી કરવામાં આવે છે.

(૨) આરોગ્ય સેવાઓની સુવિધામાં વધારો થતાં મૃત્યુદરમાં ઘણો ઝડપી ઘટાડો થયેલ છે. પરંતું તેની સામે જન્મ પ્રમાણનો દર ઝડપથી ઘટતો ન હોવાથી દેશમાં વસતિ વધારાનો પ્રશ્ન ઉદભવેલ છે. કુટુંબ કલ્યાણ ક્ષેત્રે મેળવેલ લક્ષ્યાંકોની ૧૦૦ ટકા સિધ્ધિ થાય તે માટે દરેક તાલુકામાં સરકારી - અર્ધસરકારી તથા બીન સરકારી મશીનરીને કામે લગાડી તેમજ ફિલ્મ શો, લઘુ અને ગુરુ શિબિરો યોજીને લોકોમાં જાગૃતિ લાવવા પ્રયત્નો કરવામાં આવે છે. કાર્યક્રમની સાથે સંકળાયેલ નાના-મોટાં કર્મચારી- અધિકારી વારંવાર બેઠક યોજી થયેલ કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવે છે. અહેવાલનાં વર્ષ દરમિયાન કુટુંબ કલ્યાણ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રે થયેલ કામગીરીની વિગત નીચેની વિગતે પત્રકમાં છે. (વર્ષ- ૨૦૧૧-૧૨)

જિલ્લામાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ થયેલ કામગીરીની વિગત દર્શાવતું પત્રકઃ

| ક્રમ | વિગત | વર્ષ:- ૨૦૧૧-૧૨ | | |
|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | સિધ્ધી | ટકા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઓપરેશન | ૧૪૧૧૦ | ૮૦૦૧ | ૫૭ |
| ૨ | આંકડી | ૨૯૨૨૬ | ૨૭૩૮૬ | ૯૪ |
| ૩ | નિરોધ યુઝર્સ | ૪૬૫૬૭ | ૨૯૦૭૫ | ૬૨ |
| ૪ | ઓરલ પીલ્સ યુઝર્સ | ૧૧૪૦૬ | ૮૮૬૧ | ૭૮ |

**(3). બેટી વધાવો કાર્યક્રમ ®પી.એન.ડી.ટી. એકટ અન્વયેની કામગીરી.**

આ ૨૦૧૧-૧૨ દરમિયાન જુનાગઢ જિલ્લાના તમામ તાલુકાઓમાં બેટી વધાવો કાર્યક્રમ અંતગર્ત રેલી તથા સેમીનાર યોજવામાં આવેલ હતા.તેમજ જુનાગઢ જિલ્લાના ગાયનેકોલોજીસ્ટશ્રીનો તથા રેડીયોલોજીસ્ટશ્રી તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પદાધિકારીશ્રીઓનો એક સેમીનાર તા.૨૬-૦૩-૨૦૧૨ ના રોજ પ્રેરણાધામ-જુનાગઢ ખાતે માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ અને આ સેમીનારમાં હાજર રહેલને પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ અંગેની સમજણ આપવામાં આવેલ.

# પ્રકરણ-૬

**ઇમ્યુનાઇઝેશન :-**

જિલ્લામાં યુ.પી.આઇ.(ઇમ્યુનાઇઝેશન) કાર્યક્રમ-૧૯૮૯ ના વર્ષ થી અમલમાં છે. હાલમાં આ કાર્યક્રમનું નવું નામ આર. સી. એચ. આપવામાં આવેલ છે. આ શાખામાં સરકારશ્રી તરફથી અપાતી સુચનાઓ પ્રમાણે માતા અને બાળકોમાં થતાં રોગો ધનુર, ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઓરી વગેરેની રસી આપી રોગોનું પ્રમાણ ઘટાડવાનું અને માતા બાળકના મૃત્યુ પ્રમાણ ઘટાડવાની કામગીરી કરવાની છે. વર્ષ-૨૦૧૧-૨૦૧૨ દરમિયાન નીચે મુજબ કામગીરી થયેલ છે.

| ક્રમ | વિગત | ૨૦૧૧-૨૦૧૨નું કાર્યભારણ | માર્ચ-૨૦૧૨ અંતિત કામગીરી | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | ટી.ટી. સગર્ભા | ૫૨૫૦૦ | ૪૫૫૮૦ | ૮૭ |
| ૨ | બી.સી.જી-.0-૧ વર્ષ | ૪૭૭૨૭ | ૩૯૯૫૫ | ૮૪ |
| 3 | પોલીયો- 0-૧ વર્ષ | ૪૫૨૫૩ | ૩૯૨૩૩ | ૮૭ |
| ૪ | ડી.પી.ટી. - 0-૧ વર્ષ | ૪૫૨૫૩ | ૪૦૪૩૯ | ૮૯ |
| ૫ | હીપેટાઇટીસ – બી | ૪૫૨૫૩ | ૩૮૦૬૪ | ૮૪ |
| ૬ | મીઝલ્સ- 0-૧ વર્ષ | ૪૫૨૫૩ | ૩૯૨૬૪ | ૮૭ |
| ૭ | કુલ્લી ઇમ્યુનાઇઝેશન | ૪૫૨૫૩ | ૩૮૯૯૦ | ૮૬ |
| ૮ | પોલીયો બુસ્ટર | ૪૫૨૫૩ | ૩૭૩૬૩ | ૮૩ |
| ૯ | ડી.પી.ટી. બુસ્ટર | ૪૫૨૫૩ | ૩૮૪૧૮ | ૮૫ |
| ૧૦ | વીટા એ ૧ લો ડોઝ | ૪૫૨૫૩ | ૩૯૩૦૭ | ૮૭ |
| ૧૧ | વીટા એ 2 થી ૯ ઓગસ્ટ | ૧૮૧૦૧૨ | ૧૪૮૨૩૦ | ૮૨ |
| ૧૨ | વીટા એ 2 થી ૯ ફેબ્રુઆરી | ૧૮૧૦૧૨ | ૧૩૧૧૯૦ | ૭૨ |
| ૧૩ | ડીટી ૫ વર્ષ -૧ | ૪૪૬૧૯ | ૨૯૮૦૭ | ૬૭ |
| ૧૪ | ડીટી ૧૦ વર્ષ -૧ | ૪૩૧૦૨ | ૩૨૧૭૩ | ૭૫ |
| ૧૫ | ડીટી ૧૬ વર્ષ -૧ | ૪૧૧૧૯ | ૩૧૨૭૧ | ૭૬ |
| ૧૬ | સેશન | ૨૦૦૦૦ | ૨૦૯૩૬ | ૧૦૫ |
| ૧૭ | સગર્ભા રજીસ્ટ્રેશન | ૫૨૫૦૦ | ૪૬૩૨૭ | ૮૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | અર્લી રજીસ્ટ્રેશન | ૪૬૩૨૭ | ૪૦૮૪૨ | ૮૮ |
| ૧૯ | ફેરી સગર્ભા૧૦૦+૨૦૦ | ૫૨૫૦૦ | ૪૫૫૦૨ | ૮૭ |
| ૨૦ | પ્રસુતી રજીસ્ટ્રેશન | ૪૭૭૨૭ | ૪૧૧૨૧ | ૮૬ |
| ૨૧ | સંસ્થાકીય પ્રસુતિ | ૪૧૧૨૧ | ૩૮૧૩૫ | ૯૩ |
| ૨૨ | ઇન્ફન્ટ રજીસ્ટ્રેશન | ૪૭૭૨૭ | ૪૦૬૬૦ | ૮૫ |
| ૨૩ | એંટીનેટલ ૩ તપાસ | ૫૨૫૦૦ | ૩૯૫૨૩ | ૭૫ |
| ૨૪ | પોસ્ટનેટલ-૩ રજીસ્ટ્રેશન | ૪૭૭૨૭ | ૩૮૭૪૨ | ૮૧ |
| ૨૫ | ઇંફંટ મરણ | - | ૭૨૯ | - |
| ૨૬ | માતામરણ | - | ૨૬ | - |
| ૨૭ | એબોર્શન | - | ૧૬૩૨ | - |
| ૨૮ | મૃતજન્મ | - | ૭૪૨ | - |
| ૨૯ | ઓપરેશન એલટીએલ | ૧૪૧૧૦ | ૮૦૦૧ | ૫૭ |
| ૩૦ | આંકડી | ૨૯૨૨૬ | ૨૭૩૮૬ | ૯૪ |
| ૩૧ | નિરોધ યુઝર્સ/નંગ | ૪૬૫૬૭ | ૨૯૦૭૫/૨૦૯૩૩૯૮ | ૬૨ |
| ૩૨ | ઓરલપીપલ્સ યુઝર્સ/નંગ | ૧૧૪૦૬ | ૮૮૬૧/૧૧૫૧૮૭ | ૭૮ |
| ૩૩ | એમ.ટી.પી. | - | ૪૦૪ | - |

# પ્રકરણ-૭

**રાષ્ટ્રિય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ (મેલેરીયા)**

મેલેરીયા કાર્યક્રમ એકટીવીટી કેલેન્ડર વર્ષ – જાન્યુઆરી થી ડીસેમ્બર ગણવામાં આવે છે. દર વર્ષે સંયુકત નિયામકશ્રી, એન.વી.બી.ડી.સી.પી. ગાંધીનગર તરફથી લોહીના નમુના એકત્રિત કરવાનો લક્ષ્યાંક ફાળવણી આપવામાં આવે છે. સને ૨૦૧૧ નો વાર્ષિક લક્ષ્યાંક ૪૦૩૯૨૩ ફાળવી આપવામાં આવેલ. વર્ષ : ૨૦૧૧ દરમ્યાન ૫૦૭૨૭૧ લોહીના નમુના એકત્રિત કરવામાં આવેલ છે. જે ૧૨૬% સિધ્ધી હાંસલ કરેલ છે. મેલેરીયાના કુલ પોઝીટીવ કેસો ૧૮૩૩ નોંધાયેલ છે. તે પૈકી ૧૪૧ પ્લાઝમોડીયમ ફાલ્સીપેરમ (મગજનો તાવ) નોંધાયેલ છે. તમામ મેલેરીયા પોઝીટીવ કેસોને સંપુર્ણ સારવાર આપવામાં આવેલ છે.

**૧. એકટીવ સર્વેલન્સ.:-**

એકટીવ સર્વેલન્સ કામગીરીમાં આરોગ્ય કાર્યકર ધ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નકકી થયેલ ગામ વિસ્તારમાં દરેક ઘરોની પખવાડિયા મુલાકાત લઈ દરેક તાવના કેસોના લોહીના નમુના મેળવી દર્દીની ઉંમર પ્રમાણે નિયત કરેલ પ્રાથમિક સારવાર આપવામાં આવે છે. એકટીવ સર્વેલન્સ હેઠળ સને ૨૦૧૧ દરમ્યાન કુલ : ૧૪૭૫૫૮ લોહીના નમુનાઓ એકત્રિત કરવામાં આવેલ છે. જે પૈકી ૧૪૫ મેલેરીયા પોઝીટીવ કેસો નોંધાયેલ છે જે પૈકી ૫ પ્લાઝમોડીયમ ફાલ્સીપેરમ (મગજનો તાવ) નોંધાયેલ છે.

**૨. પેશીવ એજન્સી.**

જિલ્લાનાં તમામ સિવિલ હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, એલોપેથિક દવાખાના તથા અન્ય દવાખાનાઓ, મોબાઈલ ટીમ મારફત તાવના કેસોના લોહીના નમૂનાઓ એકત્રિત કરીને પ્રાથમિક સારવાર આપવામાં આવે છે.

વર્ષ : ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબની કામગીરી થયેલ છે.

**૨.૧ મેલેરિયા કલીનીક :-**

વર્ષ : ૨૦૧૧ દરમ્યાન સામુહીક આરોગ્ય કેન્દ્ર, સિવિલ હોસ્પીટલ, પ્રા.આ.કેન્દ્રમાં 168474 લોહીના નમુનાઓ એકત્રિત કરવામાં આવેલ છે. જેમાંથી ૧૫૮૬ મેલેરીયા

પોઝીટીવ કેસ નોધાયેલ, તે પૈકી ૧૩૩ પ્લાઝમોડીયમ ફાલ્સીપેરમ (મગજનો તાવ) નોંધાયેલ છે.

### ૩. તાવ સારવાર કેન્દ્રો :-

વર્ષ : ૨૦૧૧ દરમ્યાન તાવ સારવાર કેન્દ્રો ધ્વારા તાવના દર્દીના લોહીના ૧૯૧૨૩૯ નમુનાઓ એકત્રિત કરવામાં આવેલ છે. જેમાંથી ૧૦૨ મેલેરીયા પોઝીટીવ કેસ નોધાયેલ, તે પૈકી ૩ પ્લાઝમોડીયમ ફાલ્સીપેરમ (મગજનો તાવ) નોંધાયેલ છે.

### ૪. બાયોલોજીકલ કન્ટ્રોલ કામગીરી :-

વર્ષ : ૨૦૧૧ દરમ્યાન મચ્છર ઉત્પતિ પર નિયંત્રણ કરવાના હેતુસર પોરાનાશક કામગીરી માટે જિલ્લામાં મોટા જળાશયો જેવા કે તળાવ, અવાવરૂ કુવા, વાવ, મોટાખાડા, ચેકડેમ, માછલી ઉછેર કેન્દ્ર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. અને ત્યાંથી અન્ય પાણીના મોટા ભરાવા થયેલ સ્થળોએ મુકવામાં આવે છે.જિલ્લામાં ૧૯ નેચરલ હેચરી તથા 23 કન્સ્ટ્રકટેડ હેચરી કાર્યરત છે.

### ૫. સ્પ્રેઇંગ કામગીરી.

છેલ્લા ત્રણ વર્ષની મલેરીયાની પરિસ્થિતિ ધ્યાને લઈ નકકી થયેલ નિયત ધોરણ મુજબ પસંદગી પામેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ગામોમાં આલ્ફાસાયફરમેથ્રીન ૫% જંતુનાશક દવાનો છંટકાવ બે રાઉન્ડમાં કરવામાં આવેલ છે.જિલ્લાની કુલ વસ્તી પૈકી ૩,૧૪,૨૮૨ ની વસ્તીને આ દવા છંટકાવમાં આવરી લેવામાં આવેલ.

### ૬. દવા યુકત મચ્છરદાની :-

લોકોની મચ્છરદાનીને દવાયુકત કરવા નજીકના પ્રા.આ.કેન્દ્રોનો અથવા આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. લોકોની મચ્છરદાનીને મફત દવાયુકત કરી આપવામાં આવે છે. દવાયુકત મચ્છરદાની અસર છ માસ સુધી રહે છે. વર્ષ : ૨૦૧૧ દરમ્યાન જંતુનાશક દવા યુકત મચ્છરદાની કરવા માટે સંયુકત નિયામકશ્રી એન.વી.બી.ડી.સી.પી. ગાંધીનગર થી ફાળવેલ દવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને જંતુનાશક દવા ફાળવવામાં આવેલ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ મારફત વર્ષ : ૨૦૧૧ દરમ્યાન 83873 મચ્છરદાની દવા યુકત કરી આપવામાં આવેલ છે.

# :: સ્વાન્ત સુખાય પ્રોજેકટ ::

## ન્યુટ્રીશન

**ધ્યેય :- ૦ થી ૬ વર્ષના બાળકોમાં કુપોષણમાં ઘટાડો કરવો.**

**પ્રવૃતિઓ** :

- ❖ કુપોષીત અને અતિકુપોષીત બાળકોની યાદી તૈયાર કરવી.
- ❖ દરેક તાલુકામાં જાન્યુઆરીથી માર્ચ દરમ્યાન દર માસે એક વાર બાળરોગ નિષ્ણાંતોના કેમ્પો રાખવા.
- ❖ કેમ્પના દિવસે તમામ બાળકોની તપાસણી થાય તે સુનિશ્ચિત કરવું.
- ❖ બાળકોના કુટુંબને પોષણ સબંધી શિક્ષણ આપવું.
- ❖ અતિકુપોષીત બાળકોને વધારાનું પોષણ આપવું.
- ❖ કુપોષીત અને અતિકુપોષીત બાળકોનું ટ્રેકીંગ.
- ❖ હેલ્થ કાર્ડ બનાવવા.
- ❖ આયોજન:
    - ❖ જિલ્લા કક્ષાએ બી.એચ.ઓ. અને સી.ડી.પી.ઓ. સાથે મીટીંગ
    - ❖ તાલુકા વાઇઝ કેમ્પનું આયોજન
    - ❖ વધારાના પોષણનું આયોજન
    - ❖ સંભવીત ખર્ચનું આયોજન
    - ❖ ટ્રેકીંગ સીસ્ટમ માટે એન.આઇ.સી. સાથે મળી સોફટવેરનું આયોજન.

**વિસ્તૃત આયોજન** :

**મેડીકલ કેમ્પ**

- ❖ દર માસે દરેક તાલુકામાં બાળરોગ નિષ્ણાંતોનો એક કેમ્પ થાય
- ❖ કેમ્પના દિવસે તમામ બાળકો આવે તે માટે વાહન વ્યવસ્થા
- ❖ કેમ્પના દિવસે સહયોગ માટે સ્ટાફનું ડેપ્યુટેશન
- ❖ બાળરોગ નિષ્ણાંતોને મળી કેમ્પની તારીખોનું આયોજન
- ❖ બાળકોની જરૂરી દવાઓ નિ:શુલ્ક મળે તેનું આયોજન
- ❖ લેબોરેટરી તપાસ નિ:શુલ્ક મળે તેનું આયોજન
- ❖ બાળકોની તપાસણીના રેકર્ડ માટે હેલ્થકાર્ડ નમુનો તૈયાર કરી પુરતા પ્રમાણમાં છપાવવું.
- ❖ હેલ્થકાર્ડમાં થયેલ નોંધણીની ડેટાએન્ટ્રી
- ❖ પ્રથમ તપાસણી બાદ ફોલોઅપ તપાસણીનું આયોજન
- ❖ અતિગંભીર બાળકો માટે ઉચ્ચ કક્ષાએ મોકલવાની વ્યવસ્થા

**વધારાનું પોષણ**

- અતિકુપોષીત અને બોર્ડર લાઇન કુપોષીત બાળકો માટે વધારાનું પોષણ
- ૦ થી ૨ વર્ષના બાળકો માટે પ્રોટીન પાવડર
- ૨ થી ૬ વર્ષના બાળકો માટે શીંગ અને ગોળની ચીકી બનાવવી જેમાં બાળક દીઠ રોજના ૫૦ ગ્રામના પેકેટો લેખે અઠવાડિયાના પેકેટ બનાવી અઠવાડિક સપ્લાઇ કરવો.
- ગ્રામ્ય કક્ષાએ કુટુંબની આર્થિક સ્થિતિ પ્રમાણે ઉપલબ્ધ ખાદ્સામગ્રીમાંથી વધારામાં વધારે પોષણ મળે તે માટે કુટુંબોને પોષણ સબંધી શિક્ષણ આપવું.

**પુરક પોષણ**

અતિ કુપોષીત અને બોર્ડર લાઇન કુપોષીત ૩ વર્ષથી ઉપરના બાળકો માટે આઇ.સી.ડી.એસ.ના નોમ્સ ઉપરાંત વધારાના પોષણ માટે શીંગ અને ગોળથી બનેલી ચીકી (૫૦ ગ્રામ પ્રતિ બાળક પ્રતિદિવસ) આપવી ૨ વર્ષના બાળકો માટે પ્રોટીનના પાવડરની ૨૦૦ ગ્રામની એક બોટલ પ્રતિમાસ દુધમાં નાખીને પીવા માટે આપવી.

૩૦૦૦ કી.ગ્રા. ચીકી લોક સહકારથી આંગણવાડીમાં વહેંચણી કરવામાં આવી રહી છે

**પોષણ શિક્ષણ**

મમતા દિવસ દરમ્યાન કુપોષીત અને અતિકુપોષીત બાળકોના વાલીઓ સાથે આંગણવાડી કાર્યકર, ફીમેલ હેલ્થ વર્કર અને આશાની મીટીંગો કરી જે તે બાળકની કુટુંબની આર્થિક પરિસ્થિત પ્રમાણે ઘરમાં ઉપલબ્ધ ખોરાકમાંથી વધુમાં વધુ પોષણ મળી રહે તેવા આહાર માટે પોષણ શિક્ષણ આપવામાં આવશે. જરૂર પડયે ગ્રામ આગેવાનો સાથે મીટીંગ કરી અતિ ગરીબ કુટુંબોના આવા બાળકો માટે ગામ લોકોના સહયોગથી પોષણક્ષમ આહાર મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

**રજીસ્ટરો**

**બુકલેટ**

દરેક બાળક દીઠ બુકલેટ બનાવવી (એનેક્ષર - ૧ પ્રમાણે) ઇઆ બુકલેટમાં બાળકની તમામ વિગત જેવી કે તપાસની વિગતો અને પ્રોગ્રેસની વિગતો નોંધવામાં આવશેઇ છેલ્લાં પેજે ગ્રોથ ચાર્ટ પ્રીન્ટ કરી તેમાં માસીક વજનની નોંધ કરવામાં આવશે.

**રજીસ્ટર**

દરેક પ્રા.આ.કેન્દ્ર વાઇઝ આવા બાળકો માટે રજીસ્ટર નિભાવવામાં આવશે (એનેક્ષર - ૨ પ્રમાણે)જેમાં બુકલેટના રેકર્ડની માસીક નોંધ કરવામાં આવશે. આ નોંધની વિગત ફીમેલ હેલ્થ વર્કર ધ્વારા પૂરી પાડવામાં આવશે. આ વિગતોની કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી કરવામાં આવશે.

### પોષણ આહાર વિતરણ કાર્ડ (એનેક્ષર-૩)

પોસ્ટકાર્ડ સાઇઝનું એક કાર્ડ બનાવવામાં આવશે જેમાં લાભાર્થીને પુરક પોષણ મળ્યા બદલ લાભાર્થીના વાલીની સહી લેવામાં આવશે જેથી લાભાર્થીને આહાર મળ્યાની ખાત્રી થઇ શકે.

### આંગણવાડી વર્કરની જવાબદારી

- ❖ મેડીકલ તપાસમાં તમામ બાળકો આવે તે જોવુ
- ❖ ડોકટર તરફથી લખાયેલ દવા બાળકને નિયમીત અપાય તે જોવુ
- ❖ પુરક પોષણ બાળકને નિયમીત અપાય અને બાળક લે તેની ખાતરી કરવી.
- ❖ બાળકની બિમારીમાં ફરક ન પડે અથવા વજનમાં વધારો ન થાય તો રીપોર્ટ કરવો
- ❖ કુટુંબની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે આ બાળક માટે જરૂરી પોષણ માટે કાઉન્સલીંગ કરવું.
- ❖ હેલ્થ ચેકઅપ કાર્ડની વિગતો સંપૂર્ણ ભરાય અને હેલ્થ રજીસ્ટરમાં એન્ટ્રી થાય તે જોવું.
- ❖ વધારાના માઇક્રો ન્યુટ્રીયન સમયસર અપાય તે જોવુ દા.ત. આયોડાઇઝ સોલ્ટ, ઝીંકની ગોળી, વિટામીન એ, આઇ.એફ.એ.ની ગોળી, વિટામીનની ગોળીઓ
- ❖ ઝાડા થયેલ બાળકોને ઓ.આર.એસ.થી સારવાર આપવી અને ઝાડાના હિસાબે બાળકનું વજન ન ઘટે તે જોવું.
- ❖ શ્વસન તંત્રની બિમારી માટે બાળકને તાકાલિક પી.એચ.સી. પર સારવાર માટે લઇને જવું.

### ઇ-ન્યુટ્રીશ્યન

રજીસ્ટરોમાં થયેલ ડેટા એન્ટ્રીના આધારે કોમ્પ્યુટરમાં દરેક બાળકવાઇઝ દર માસે એન્ટ્રી કરવામાં આવશે. એન.આઇ.સી. સાથે સંકલન કરી ઓનલાઇન થઇ શકે તેવો સોફટવેર બનાવવામાં આવેલ છે. જેથી કોઇપણ જગ્યાએથી કોઇપણ બાળકની ગ્રોથની પ્રગતિ અથવા ડેવીયેશન જોઇ શકાય જેમાં નીચેની બાજુએ થતાં ડેવીયેશનમાં એલાર્મ સીસ્ટમ વિકસાવી શકાય.

### એવોર્ડ

જાન્યુઆરી ૨01૨ થી માર્ચ ૨૦૧૨ સુધીમાં જે કોઇ વિસ્તારમાં ૧૦૦% બાળકોના અપગ્રેડેશન સૌથી પહેલા થશે તેવા ૧૦ અધિકારી, કર્મચારીને એવોર્ડ આપી જાહેર સન્માન કરવામાં આવશે.

**મેડીકલ કેમ્પ**

- આ પ્રોજેક્ટના ભાગરૂપે કુલ ૧૪ તાલુકામાં ૩૪ કેમ્પ યોજાયા છે
- જેમા ૪૯૩૧ અતિકુપોષિત/કુપોષિત બાળકોને તપાસ્યા છે અને જે પૈકી ૩૪૧૫ ને સ્થાનિક કક્ષાએ સારવાર અપાય છે તથા ૬૫ ને ઉચ્ચ કક્ષાએ સારવાર અર્થે રીફર કરાયા છે
- મુખ્ય બીમારીમાં ૪૩ હ્રદય રોગના, ૧૪ કીડની રોગના, ૮૩૨ ફેફસાં અને ૩૪૫ આંતરડાના રોગોવાળા બાળકો મળેલ છે આ ઉપરાંત ૨૦૨૭ અન્ય સામાન્ય બીમારી વાળા બાળકો શોધવામાં આવેલ છે
- મેડીકલ સારવારથી ઉપરના બાળકો પૈકી ૩૦ ટકા જેટલા બાળકો સારવારથી પણ અપગ્રેડ થઇ શકે છે

# પ્રકરણ-૮

**સંકલિત બાળ વિકાસ યોજના :-**

સંકલિત બાળ વિકાસ યોજના ગુજરાત રાજયમાં બીજી ઓકટોબર ૧૯૭૫ થી અમલમાં આવેલ છે.માનવ વિકાસ એ દેશના વિકાસ માટે અગત્યનું પરીબળ છે. જેમાં સરકારશ્રીએ નીચે મુજબના હેતુઓ,સેવાઓ,લાભાર્થીઓ વિગેરે કાર્યો દ્વારા સંકલિત બાળ વિકાસ યોજનાને વેગ આપવામાં આવે છે.

**સંકલિત બાળ વિકાસ યોજનાના હેતુઓ:-**

(૧) ૦ થી ૬ વર્ષના બાળકોનું પોષણ અને આરોગ્ય સ્તરનો પાયો નાખવો.

(૨) બાળકના શારીરીક,માનસિક તથા સામાજિક વિકાસનો પાયો નાખવો.

(૩)બાળ મૃત્યુ,બાળ માંદગી,કુપોષણ તેમજ અધ વચ્ચેથી શાળા છોડી જનાર બાળકોનું પ્રમાણ ઘટાડવું

(૪)બાળ વિકાસને વેગ આપવા માટે વિવિધ વિભાગો સાથે નીતી અને અમલ અંગે અસરકારક સંકલન કરવું

(૫) બાળકોની પોષણ અને આરોગ્ય વિષેની સામાન્ય કાળજી અંગે માતાઓની કાર્યક્ષમતા વધારવી.

**સેવાઓ:-**

(૧)પૂર્વ પ્રાથમિક શિક્ષણ

(૨) પૂરક પોષણ

(૩)રોગ પ્રતિકારક રસીઓ

(૪)આરોગ્ય તપાસ

(૫)સંદર્ભ નિષ્ણાંત સેવાઓ

(૬)પોષણ/આરોગ્ય શિક્ષણ

**લાભાર્થીની વિગત:-**

(૧) ૦ થી ૬ વર્ષના બાળકો

(૨)સગર્ભા બહેનો

(૩)ધાત્રી બહેનો

(૪) ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓ

**પૂર્વ પ્રાથમિક શિક્ષણ:-**

૩ થી ૬ વર્ષના લાભાર્થીઓની આંગણવાડી પર પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવેછે.તેમાં સામાન્ય અક્ષરદીપ, ભાષા જ્ઞાન,સંખ્યા જ્ઞાન તેમજ નેચર વોડ,વસ્તુ આકાર, રંગ તમામ વિગેરેની ઓળખ શિખવવામાં આવેછે.

**પૂરક પોષણ:-**

૦ થી ૬ વર્ષના બાળકો,સગર્ભા,ધાત્રી માતા,૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને લાભ મળવા પાત્ર છે.જેમાં સરકારશ્રી તરફથી પુરક પોષણ લેવલીથી સીધો આંતરિક વાહન પર ખાદ્ય સામગ્રી પુરી પાડવામાં આવેછે.જેની વિગત નીચે મુજબ છે.

(૧) બાલભોગ

- આ બાલભોગ ૫૦૦ ગ્રામના પેકેટમાં બાલળકોને ૬ માસથી ૩ વર્ષના બાળકોને ઘરે આપવામાં આવેછે.એક લાભાર્થી દીઠ ૭ પેકેટ આપવામાં આવેછે.ઉપરાંત અતિ કુપોષિત લાભાર્થીને ૧૦ પેકેટ ઘરે આપવામાં આવેછે.

(૨) ફોર્ટીફાઇડ આટો

- આ ફોર્ટીફાઇડ આટા ૩ થી ૬ વર્ષના બાળકોને આંતરિક વાહન પર આપવામાં આવેછે. આ ખર્ચ રાજ્ય કક્ષાએથી સીધુજ આંતરિક વાહન પર મોકલવામાં આવેછે.

(૩) સુખડી,શિરો,ઉપમા,પ્રીમીક્ષ

- આ સુખડી, શિરો,ઉપમા,પ્રીમીક્ષ એ સગર્ભા-ધાત્રી-કિશોરીઓને ઘરે આપવામાં આવેછે. સુખડીના ૧ પેકેટ (૧ કીલો),શિરાના ૩ પેકેટ (૫૦૦ ગ્રામ)ઉપમા ૨ પેકેટ (૫૦૦ગ્રામ)ના પેકેટ ઘરે આપવમાં આવેછે.

ન્યુટ્રીકેન્ડી

-આ રાજ્ય લેવલેથી સીધુ આંતરિક વાહન પર ૩ થી ૬ વર્ષના બાળકોને દરરોજની એક ન્યુટ્રીકેન્ડી આપવામાં આવેછે.

આયોડીન યુકત નિમક

- સગર્ભા-ધાત્રીને આરોગ્ય શાખા તરફથી ખર્ચ પાડીને આંતરિક વાહન પર આપવામાં આવેછે.

લોહતત્વની ગોળી

-આરોગ્ય શાખા તરફથી સગર્ભા-ધાત્રી-કિશોરીને આપવામાં આવેછે.

**સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત યોજનાઓ:-**

(૧) બાલીકા સમૃધ્ધી યોજના:

આ યોજનાનો લાભ બી.પી.એલ.કુટુંબોમાં ૧૫-૦૮-૧૯૯૭ પછી જન્મેલા બાલીકાને ભારત સરકારશ્રી તરફથી જન્મોતર રૂ.૫૦૦/-અનુદાન અને આજ બાલીકાને ધો.૧૦ સુધી ભણે તે માટે તેને વર્ષવાઇઝ શિષ્યવૃતિ તેના બેંક ખાતામાં જમા કરાવવામાં આવેછે.અને ખર્ચ તાલુકા આઇ.સી.ડી.એસ. કચેરીએ પાડવાનો રહેશે.તા.૧/૦૪/૧૨ થી બાલીકા સમૃધ્ધી યોજના બંધ થયેલ છે.

(૨) કિશોરી શક્તિ યોજના:

૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓ લાભાર્થી છે. જેમાં યોજના નં ૧-બાલીકાથી બાલીકા સંપર્ક (૧૧ થી

૧૫ વર્ષની વય જૂથ)

યોજના નં.૨ -બાલીકા મંડળો (૧૧ થી ૧૮ વર્ષની વય જૂથની કિશોરીઓ)

(૩) સબલા યોજના :-૧૧-૧૪ વર્ષની કિશોરી,૧૫-૧૮ વર્ષની શાળાએ જતી અને શાળાએ ન જતી કિશોરીને વોકેશનલ તાલીમ ,ઘરે શીરો સુખડી આપવામાં આવેછે.

(૪) આંગણવાડી કાર્યકત્રી વીમા યોજના

આ યોજના આંગણવાડી કાર્યકર/હેલ્પર માટે તા. ૧/૪/૨૦૦૪ થી અમલમાં આવેલ છે.

આ યોજનાનું પ્રીમીયમ કેન્દ્ર સરકાર રૂ.૧૦૦/ તથા રૂ ૧૦૦/- રાજ્ય સરકારશ્રી દ્વારા ભરવામાં આવેછે.

સબલા:-

વર્ષ ૨૦૧૧-૧૨ માં "સબલા" યોજના અમલમાં આવેલી છે. જેમાં ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને યોગ્ય ઉત્કર્ષ તાલીમો આપી આર્થિક ઉપાર્જન યોગ્ય જરૂરી શિક્ષણ આપવામાં આવેછે.જેમાં પુરક પોષણનો પણ લાભ આપવામાં આવેછે. ૨૦૦૩ સબલા જૂથની રચના થયેલ છે.

જૂનાગઢ જિલ્લામાં કુલ ૨૫૮૮ આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલ છે.

જે તમામ ૨૫૮૮ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

**મકાન બાંધકામની વિગત**

૧૨૫ પેકેજમાં આંગણવાડીના મકાન બનાવવામાં આવેલ છે. જે હાલમાં ૧૦૭ મકાનનું કામ પૂર્ણ થયેલ છે. એક મકાનનું કામ ચાલુ છે. ૬ મકાન જમીન નહી હોવાના પ્રશ્ને કામ ચાલુ નથી જેમાં બાળકોની બેબી ટોઇલેટ સાથેના આંગણવાડી કેન્દ્રોમાં બાળકો લાભ લે છે.

૨૦૦ પેકેજમાં સર્વે શિક્ષા અભિયાન હેઠળ કામ ચાલુ છે. ૧૬૬ કેન્દ્ર પૂર્ણ થયેલ છે. બાકીના કામ ચાલુ છે.૩૧૭ પેકેજમાંથી નવા ખાતા ખોલાવીને ખાતામાં ગ્રાન્ટ જમા કરેલ છે. તેમાંથી ૭૨ મકાનો પૂર્ણ થયેલ છે.વર્ષ ૨૦૧૧-૧૨ માં નવા ૨૮૮ કે ન્દ્રો બાંધકામ મંજુર થયેલ છે.જેની ગ્રા ન્ટ ફાળવણાની કામગીરી ચાલુ છે.

રીલાયન્સ યોજનામાંથી ૧૦૦ મકાન બનાવવામાં આવેલ છે.

હાલ ૧૦૦૨ યોજનાના પોતાના મકાન છે. તે ઉપરાંત આ યોજનામાંથી આંગણવાડી કેન્દ્રો મકાન બાંધકામ મંજુર કરેલ છે. હાલમાં ૧૨૭૭ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં બેસેછે.

કુલ પોતાના મકાન ;-૧૦૦૨

ભાડાના મકાન :- ૧૨૭૭

પંચાયત ,કોમ્યુ,શાળામાં બેસતી આંગણવાડી:-૨૦૮

કુલ :- ૨૫૮૮ કેન્દ્રો છે.

આંગણવાડીના મકાન રીપેરીંગમાં પણ સર્વ શિક્ષાઅભિયાન હેઠળ કુલ ૧૦૪ આંગણવાડી કેન્દ્રમાં રીપેરીંગ પૂર્ણ કરેલ છે. ૧૫ કામો બાકી છે.

ડી.આર.ડી.એ. તરફથી બેબી ટોયલેટ બનાવવામાં આવેછે.

ઉપરાંત ગેસ કનેકશન આંગણવાડી દીઠ આપવામાં આવેલ છે.૨૪૯૫ અપાયેલ છે. બાકી ૯૩ ની કાર્યવાહી ચાલુ છે. ગેસ કનેકશન માટે ફલેકસી ફંડમાંથી રૂ.૧૦૦૦/-માંથી પ્લેટફોર્મ સ્ટેન્ડ બનાવવામાં આવેલ છે.જે કેન્દ્રોને આંગણવાડીના પોતાના મકાનો છે તેટલા કેન્દ્રોમાં વીજ કનેકશન પણ આપવામાં આવેલ છે.

અન્નપ્રાશન કાર્યક્રમ: -

સરકારશ્રીના પરિપત્ર મુજબ મહીનાના ચોથા શુક્રવારે અન્નપ્રાશન કાર્યક્રમ ઉજવવામાં આવેછે. જેમાં જે બાળક ૬ માસ પૂર્ણ કરે અને ૭મો માસ બેસે ત્યારે આ અન્નપ્રાશન વિધી આંગણવાડી પર કરવામાં આવેછે.

માતૃમંડળ :-

સરકારશ્રીના પરિપત્ર મુજબ દરેક આંગણવાડી દીઠ એક માતૃમંડળની રચના કરી તેનું બેંક એકાઉન્ટ ખોલાવવામાં આવેછે.આ માતૃ મંડળ દ્વારા સગર્ભા ધાત્રીને અઠવાડીયામાં બે દિવસ રૂ.૫/ની મર્યાદામાં સુખડી બનાવી વિતરણ કરે છે. તેમજ ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી પર બે દિવસ ફળ વિતરણ તથા અઠવાડીયામાં ૬ દિવસ ગરમ નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ છે.

સખી મંડળ:-

આ યોજના ડી.આર.ડી.એ.ની હોય સખી મંડળો ગામ વાઇઝ ૪ થી ૫ સખીમંડળોની રચના કરી બેંક એકાઉન્ટ ખોલવામાં આવેલ છે. જેમાં બહેનોના જૂથ બચત કરી આર્થિક ઉપાર્જન કરી સક્ષમ બને તેવો સરકારશ્રીનો અભિગમ છે.

# પ્રકરણ-૯

**આયુર્વેદ ક્ષેત્રે પ્રગતિ :-**

જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા પંચાયત હેઠળ ૨૩-આયુર્વેદ દવાખાનાઓ, ૧૨-હોમીયોપેથીક દવાખાનાઓ મળીને કુલ ૩૫ સારવાર સંસ્થાઓ આવેલ છે.

આયુર્વેદ દવાખાનાઓમાં ગ્રામ્ય વિસ્તારનાં પ્રજાજનોને આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે. જે ખૂબજ ઉપયોગી પુરવાર થયેલ છે.

આયુર્વેદ દવાખાનાના મેડીકલ ઓફીસરો તરફથી દર્દીઓને તપાસવા ઉપરાંત મેલેરિયા તેમજ કુટુંબ કલ્યાણ તથા પલ્સ પોલીયો જેવી રાષ્ટ્રીય કામગીરીમાં મદદરુપ થાય છે. આ અંગે થયેલ કામગીરી માસિક તથા વાર્ષિક પત્રકો નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથીક પધ્ધતિ કચેરી, ગાંધીનગરને મોકલવામાં આવે છે.

ઉપરોકત આયુવેર્દિક દવાખાનાઓ પૈકી ૨૩ દવાખાના વર્ગ-૨ ના છે. વર્ગ-૨ ના ૨૩-આયુર્વેદ દવાખાના પૈકી ૯ દવાખાનાઓ ૧૦૦ ટકા ગ્રાન્ટવાળા છે. અને ૧૪ દવાખાનાઓ ટ્રેઝરી પેમેન્ટ વાળા છે. હોમીયોપેથીના ૧૨ દવાખાનાઓ ટ્રેઝરી પેમેન્ટ વાળા છે.

ઉપરોકત તમામ દવાખાનાઓની વહીવટી કામગીરી દેખરેખ જિલ્લા કક્ષાએથી કરવામાં આવે છે. તેમજ ગ્રાન્ટ ફાળવણી, દવાખાનામાં થયેલ કામગીરીનાં પત્રકો એકત્રીત કરી સંબંધિત વડી કચેરીઓને મોકલવામાં આવે છે. આયુર્વેદ દવાખાનાઓના વપરાશ માટેની પેટન્ટ દવાઓ ડ્રેસીંગ મટીરીયલ્સની ખરીદી તથા જથ્થાની ફાળવણીની કામગીરી જિલ્લા કક્ષાએથી કરવામાં આવે છે. આવી દવાઓ સરકારી આયુર્વેદ ફાર્મસીઓ તેમજ વિકાસ મંડળ પાસેથી ખરીદવામાં આવે છે. જયારે પેટન્ટ દવાઓની ખરીદી નિયામકશ્રી, ગાંધીનગરની કચેરીના રેઇટકોન્ટ્રાકટ પ્રમાણે માન્ય ફાર્મસીઓ પાસેથી જરુરીયાતના જથ્થા મુજબની ખરીદી કરી આયુર્વેદ દવાખાનાઓને પુરી પાડવામાં આવે છે.

**વર્ષ : ૨૦૧૧-૧૨ દરમ્યાન નીચે મુજબની કામગીરી કરેલ છે.**

1. ચિકનગુનિયા,સ્વાઇનફ્લુ જેવા સંક્રામક રોગો ન થાય તે માટે ગિરનાર લીલી પરિક્મ્માામાં આવતા યાત્રિકોને તા.૦૪/૧૧/૨૦૧૧ થી તા. ૭/૧૧/૨૦૧૧ સુધીમાં ૨,૮૭,૦૦૦(બે લાખ સતીયાસી હજાર ) લોકોને અમૃતપેય ઉકાળાનું પાન કરાવેલ છે. તા.૧૬/૦૨/૨૦૧૨ થી તા.૨૦/૦૨/૨૦૧૨ સુધી મહા શિવરાત્રીના મેળામાં આવેલ યાત્રિકોમાટે આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ રાખેલ. તેમાં આયુર્વેદ ઓ.પી.ડી.-૧૦,૧૨૩,હોમીયોપેથિક ઓ.પી.ડી.-૧૯૭૫, અમૃતપેય ઉકાળા વિતરણ -૨૦,૩૬૦,અને વનસ્પતિ ચિત્ર પ્રદર્શનમાં અંદાજીત -૩૫૦૦૦ લોકોએ લાભ લીધેલ છે..

2. દરેક આયુર્વેદ દવાખાનાના મેડીકલ ઓફીસર દ્વારા આજુબાજુના ગામની મુલાકાત લઇ આંગણવાડી, પ્રાથમિક તથા હાઇસ્કુલમાં જઇ બાળકોને સ્વસ્થવૃત તથા યોગ અને આયુર્વેદની સમજણ અપાય છે
3. ગ્રામ પંચાયત તથા ગ્રામ જનોનો સમ્પર્ક કરી વૃધ્ધો તેમજ સગર્ભા સ્ત્રીઓને આયુર્વેદિક રીતે સ્વાસ્થ્યની કાળજી લેવાની સમજણ અપાય છે.

| **ક્રમ** | **કામની વિગત** | **દર્દીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ઓપીડી આયુર્વેદિક<br>ઓપીડી હોમિયોપેથિક્ | ૧,૭૨,૨૧૪<br>૭૫,૩૧૨ |
| ૨ | પરિક્રમ્મા | ૨,૮૭,૦૦૦ |
| ૩ | શિવરાત્રી મેળો | ૩૨,૪૨૮ |
| ૪ | વનસ્પતિ ચિત્ર પ્રદર્શન | ૩૫,૦૦૦ |

જિલ્લા કક્ષાએ તથા ક્ષેત્રીય કક્ષાએ કામગીરી કરતા કર્મચારીઓ તથા મેડીકલ ઓફીસરોની મહેકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | વર્ગ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | જિલ્લા આયુર્વેદ અધિકારી | ૧ | ૧ | ૦ |
| ૨ | નાયબ ચીટનીશ | ૩ | ૧ | ૦ |
| ૩ | જુનીયર કલાર્ક | ૩ | ૨ | ૨ |
| ૪ | પટ્ટાવાળા | ૪ | ૧ | ૧ |

| ક્રમ | વિગત | વર્ગ | ભરેલ | ખાલી | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર આયુર્વેદ | ૨ | ૧૭ | ૬ | |
| ૨ | મેડીકલ ઓફીસર હોમીયોપેથીક | ૩ | ૦૯ | ૦૩ | |

# પ્રકરણ-૧૦

**જાહેર બાંધકામ ક્ષેત્રે સિધ્ધિ :-**

જિલ્લા પંચાયત હેઠળ રસ્તા તથા મકાનોની મરામત અને જાળવણી, નવા બાંધકામ વગેરે માટે બાંધકામ શાખા દ્વારા કામગીરી કરવામાં આવે છે.

બાંધકામ વિભાગ હેઠળ નીચેની વિગતે પત્રક-૧ માં દર્શાવેલ વિગતે કુલ-૮ પેટા વિભાગો કાર્યરત છે.

**પત્રક – ૧** **વર્ષ : ૨૦૧૧-૧૨**

| ક્રમ | પેટા વિભાગનું નામ | કાર્યમથક | કાર્યક્ષેત્રના તાલુકાઓ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, જૂનાગઢ | જૂનાગઢ-૧ | જૂનાગઢ/માણાવદર |
| ૨ | પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, જૂનાગઢ-૨ | જૂનાગઢ | વંથલી/ભેંસાણ |
| ૩ | પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, વિસાવદર | વિસાવદર | વિસાવદર |
| ૪ | પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, કેશોદ | કેશોદ-૧ | માંગરોળ/કેશોદ |
| ૫ | પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, માળીયા | કેશોદ-૨ | મેંદરડા, માળિયા |
| ૬ | પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, વેરાવળ | વેરાવળ | તાલાળા,વેરાવળ, સુત્રાપાડા |
| ૭ | પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, ઉના | ઉના | ઉના |
| ૮ | પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, કોડીનાર | કોડીનાર | કોડીનાર |

જિલ્લામાં આવેલ પંચાયત હસ્તકના મકાનો તથા રસ્તાઓ સબબ વર્ષ દરમિયાન થયેલ ખર્ચ તથા ભૌતિક સિધ્ધિ અંગેની માહિતી સાથેના પત્રક-૨ માં દર્શાવેલ છે.

પંચાયત મા. અને મ. વિભાગો દ્વારા વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન રસ્તાની મરામત અને જાળવણીના કામો હાથ ધરાયેલ હતાં જે અન્વયે હેડવાર મંજુર થયેલ રકમ તથા વર્ષ દરમિયાન થયેલ ખર્ચની માહિતી સાથેના પત્રક-૩ માં આપવામાં આવેલ છે.

## પત્રક - ૨ વર્ષ : ૨૦૧૧-૧૨

| ક્રમ | સદર | કામની સંખ્યા | મંજુર થયેલ રકમ રૂ.લાખમાં | થયેલ કુલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૩૦૫૪-ખાસ મરામત | ૧૨ | ૩૧૦.૦૦ | ૧૪૦૭.૪૧ |
| ૨ | ૩૦૫૪-પી.એમ.જી.એસ.વાય. | --- | --- | --- |
| ૩ | ૩૦૫૪-ઓ.ડબલ્યુ. તથા ૪૦૦ થી વધુ વસતિની કનેકટીવીટી | ૧ | ૧૫.૦૦ | --- |
| ૪ | એસ.સી.એસ.પી. | ૪૩ | ૩૯૩૬.૫૦ | ૧૧૮૪.૫૭ |
| ૫ | કિશાન પથ | ૨૨ | ૧૫૩૦.૯૦ | ૧૨૦૩.૬૬ |
| ૬ | ૧૨ મું નાણાપંચ | --- | ---- | --- |
| ૭ | ૩૦૫૪-બજેટ ,ઓ.ડબલ્યું,પી.આર. | ૩૦ | ૧૧૨૩.૫૦ | ૧૯૨૮.૪૭ |
| ૮ | ૩૦૫૪-નાબાર્ડ | --- | --- | ૭૩૩.૧૪ |
| ૯ | ૨૨૧૬ હાઉસીંગ પ્લાન | --- | --- | --- |
| ૧૦ | ૨૨૧૦ મેડીકલ પ્લાન | --- | --- | --- |
| ૧૧ | ૮૬૭૪ સીકયુરીટી (જમીન સંપાદન) | -- | --- | --- |
| ૧૨ | ૩૦૫૪ એમ.એન્ડ આર.(સી.આર) | --- | --- | ૨૬૪.૮૨ |
| ૧૩ | ૩૦૫૪ સી.આર.એફ. | ૩ | ૧૪૬૯.૭૦ | --- |
| ૧૪ | ૩૦૫૪ એસ્ટા | --- | --- | ૯૯.૬૨ |
| ૧૫ | ૩૦૫૪ એસ.ટી.રૂટ | ૧ | ૧.૦૦ | --- |
| ૧૬ | ૩૦૫૪ એમ.ઓ.ડબલ્યું | --- | --- | --- |
| ૧૭ | ૩૦૫૪ ટી એન્ડ પી. | --- | --- | ૪.૧૦ |
| ૧૮ | ૩૦૫૪ ડબલ્યું સી એસ્ટા | --- | --- | ૪૬૩.૮૯ |
| ૧૯ | ૨૦૫૯ એમ.એન્ડ આર ટુ નોન રેસી. | --- | --- | ૧૪.૩૯ |
| ૨૦ | ૨૦૫૯ એસ્ટા | --- | --- | ૩૭૧.૭૫ |
| ૨૧ | ૨૨૧૬ એમ.એન્ડ આર ટુ નોન રેસી. બિલ્ડીંગ | --- | --- | --- |
| ૨૨ | ૨૨૪૫ ફ્લડ આઇ.આર | --- | --- | --- |
| ૨૩ | ૨૨૪૫ ફ્લડ પી.આર | --- | --- | --- |
| ૨૪ | ૩૦૫૪ ૧૩ મું નાણાપંચ | ૨૭ | ૧૬૯૫.૦૦ | --- |
| ૨૫ | ૨૨૧૦ મેડીકલ એમ.એન્ડ આર | --- | --- | --- |
| ૨૬ | ઘેડ બ.ઉ.જો | ૧૨ | ૧૪૦૬ | --- |
| ૨૭ | બજેટ ઉચ્ચક જોગવાઇ | ૬ | ૩૨૦.૦ | --- |

પંચાયત મા. અને  મ. વિભાગ દ્રારા વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન ગામડાઓમાં આવેલ પંચાયત હસ્તકના મકાનો, રસ્તાના પ્રકાર, લંબાઈ તથા તે સબબ થયેલ ખર્ચની માહિતી નીચેના  પત્રક-૩ માં આપવામાં આવેલ છે.

**પત્રક - ૩** **વર્ષ : ૨૦૧૧-૧૨**

| **ક્રમ** | **વિગત** | **થયેલ સિધ્ધી** |
|---|---|---|
| ૧ | પંચાયત હસ્તકના સરકારી મકાનોની સંખ્યા વર્ષની શરૂઆતમાં | ૪૬૫૧ |
| ૨ | વર્ષ દરમ્યાન નવા બાંધેલ મકાનોની સંખ્યા | ૦ |
| ૩ | મકાન બાંધવાનો ખર્ચ રૂ.લાખમાં | ૧૪૬.૮૮ |
| ૪ | મકાનની જાળવણી ખર્ચ  રૂ.લાખમાં | --- |
| ૫ | વર્ષની શરૂઆતમાં રસ્તાઓની લંબાઈ કિ.મી.માં | ૪૦૩૬ |
| ૬ | વર્ષ દરમ્યાન બાંધવામાં આવેલ નવા રસ્તાની લંબાઈ કિ.મી.માં | ૫૫૪.૪૬ |
| ૭ | રસ્તા બાંધવા પાછળ થયેલ ખર્ચ રૂ.લાખમાં(૩૦૫૪) | --- |
| ૮ | રસ્તા જાળવણી પાછળ ખર્ચ રૂ.લાખમાં (૩૦૫૪) એમ.એન્ડ આર | --- |

જિલ્લા પંચાયત બાંધકામ શાખા હેઠળ વર્ષ : ૨૦૧૧-૧૨ દરમ્યાન જુદી-જુદી યોજના હેઠળ નવા બાંધવામાં આવેલ રસ્તા તથા જાળવણી કરવામાં આવેલ રસ્તાની વિગત નીચે પત્રક-૪ માં દર્શાવેલ છે.

# પત્રક - ૪

**વર્ષ : ૨૦૧૧-૧૨**

| ક્રમ | યોજનાનું નામ | થયેલ સિધ્ધી કિ.મી. માં | | |
|---|---|---|---|---|
| | | કાચાથી ડામર | મેટલથી ડામર | રીકાર્પેટ |
| ૧ | ઓરીજનલ વર્ક (ઓ.ડબલ્યુ) યોજના | 0.00 | 0.00 | 0.00 |
| ૨ | રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામિણ બેન્ક (નાબાર્ડ યોજના) | 0.00 | 0.00 | 0.00 |
| ૩ | ખાસ મરામત કાર્યક્રમ યોજના | 0.00 | 0.00 | ૩૭.૧૫ |
| ૪ | પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના | 3.30 | 0.00 | 0.00 |
| ૫ | કિશાન પથ યોજના | 0.00 | 0.00 | ૯૭.૭૯ |
| ૬ | બજેટ યોજના | 0.00 | 0.00 | ૬૬.૯૦ |
| ૭ | સેન્ટ્રલ રીઝર્વ ફંડ યોજના (સી.આર.એફ.) | 0.00 | ૬.૭૦ | ૪.૫૦ |
| ૮ | ૧૨મું નાણાપંચ | 0.00 | 0.00 | ૫૯.૯૦ |
| ૯ | પ્રવાસ વર્ષ યોજના | 0.00 | 0.00 | 0.00 |
| ૧૦ | ખાસ અંગભૂત | ૨૧.૫૦ | 0.00 | ૪૦.૦૫ |
| ૧૧ | જિલ્લા આયોજન મંડળ | 0.00 | 0.00 | 0.00 |
| | કુલ | ૨૪.૮૦ | ૬.૭૦ | ૩૦૬.૨૯ |

# પ્રકરણ-૧૧

**જિલ્લાની ખેતી વિષયક પ્રવૃતિ :-**

જૂનાગઢ જિલ્લામાં ખેતીને લગતી અધતન સંશોધનની ભલામણો ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવા માટે વિશ્વબેંકના સહયોગથી ખેતી વિસ્તરણને લગતી તાલીમ અને મુલાકાત યોજના સને ૧૯૭૯-૮૦ થી જૂનાગઢ જિલ્લામાં શરૂ થયેલ છે. આ માટે ખેતી વિષયક અધતન જ્ઞાનમાહિતી માર્ગદર્શન વગેરે ખેડૂતોને જે જે સમયે જરૂર હોય ત્યારે અને સમયાંતરે મળતા રહે તે આ યોજનાનો મુખ્ય ઉદેશ છે.

જિલ્લા કક્ષાએ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે જિલ્લા ખેતીવાડી અધિકારી કામગીરી કરે છે. તેની મદદમાં જિલ્લા કક્ષાએ બે અધિકારીઓ પાક સંરક્ષણની કામગીરી સંભાળે છે.

આ યોજના હેઠળ જિલ્લામાં બે પેટા વિભાગ કચેરીઓ આવેલ છે. (૧) જૂનાગઢ (૨)વેરાવળ જેમા મદદનીશ ખેતી નિયામક કક્ષાના બે બે અધિકારીઓ તથા અન્ય તાંત્રિક સ્ટાફ ફરજ બજાવે છે. તાંત્રિક અને વહીવટી કામગીરી માટે જૂનાગઢ પેટા કચેરી હેઠળ જૂનાગઢ, વંથલી, વિસાવદર, માણાવદર, મેંદરડા અને ભેંસાણ તેમજ વેરાવળ પેટા કચેરી હેઠળ વેરાવળ, કેશોદ, માંગરોળ, માળીયા, તાલાળા, સુત્રાપાડા, કોડિનાર અને ઉના તાલુકા મુકેલ છે. તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી અને ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સેવકની કામગીરી બજાવે છે.

જિલ્લા તથા પેટા વિભાગ કક્ષાના અધિકારી દર બે મહિને પ્રથમ મંગળવારે, બુધવારે ખેતીના અધતન સંશોધન માટેની કૃષિ યુનિ. જૂનાગઢમાં તાલીમ મેળવે છે. જેના આધારે પેટા વિભાગીય કક્ષાએ વિસ્તરણ અધિકારી (ખેતી) તથા ગ્રામ સેવકોને અધતન જાણકારી આપવામાં આવે છે. આ તાલીમમાં દૃશ્ય શ્રાવ્ય સાધનો. જીવંત નમૂનાઓ તથા પખવાડિક ખેતી કામોની પત્રિકાઓનો સમાવેશ પણ કરવામાં આવે છે.

ખેતી વિષયક સંદેશાઓ વિસ્તરણ અધિકારી તથા ગ્રામ સેવકો નકકી કર્યા મુજબ જેતે ગામડામાં જઈ ખેડૂતોનો સંપર્ક કરીને ખેતી, બીજ, વાવેતર, ખાતર, પાક સંરક્ષણ પગલાં પિયત વ્યવસ્થા અને ખેડૂતોના પ્રશ્નો અંગે માર્ગદર્શન આપે છે.

જૂનાગઢ જિલ્લાનું અસ્તિત્વ તા. ૧૯-૪-૧૯૪૯ થી જૂનાગઢ રાજય તેમજ આજુબાજુના અન્ય દેશી રજવાડાઓના વિલીનીકરણથી થયુ છે.

**પિયત સુવિધા :-**

ખેતી નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા વર્ષ : ૨૦૦૪-૦૫ ના પ્રકાશિત અહેવાલ મુજબ જિલ્લાનો કુલ પિયત વિસ્તાર ૨૫૭૧૧૨ હેકટર છે જે, પૈકી કેનાલ થી ૧૩૭૭૩ હેકટર વિસ્તારમાં પિયત ક્ષમતા છે. બાકીનો વિસ્તાર કુવાથી પિયત થાય છે. આમ જિલ્લામાં પિયતનો મુખ્ય સ્ત્રોત ભુગર્ભ જળ છે. જિલ્લાની મુખ્ય નદીઓમાં ઓઝત, મધુવંતી, આંબાજળી, ઝાંઝેસરી, ઉબેણ, કાલીન્દ્રી, હિરણ, મચ્છુન્દ્રી, રાવલ તથા શિંગોડાનો સમાવેશ થાય છે.

**ભુરચના :-**

આ જિલ્લો મોટા ભાગે જૂનાગઢ પાસે આવેલા ગીરનાર પર્વત અને સપાટ અને ફળદ્રુપ જમીનવાળો છે. જિલ્લામાં જંગલ વિસ્તાર, ડુંગરાળ વિસ્તાર અને બાકીનો ભાગ સપાટ જમીન છે. જમીનો મુખ્યત્વે જળકૃત અને અગ્નિકૃત ખડકોની બનેલ છે. જેનું વર્ગીકરણ કરતાં કાળી જમીન મગફળી, કપાસ જેવા પાકોને, મધ્યમ કાળી જમીન બાગાયત પાકોને, નીચાણવાળા પ્રદેશની ફળદ્રુપ જમીન દેશી કપાસ, જુવાર, ઘંઉ તથા ચણાના પાકોને માફક આવે તેવી છે. જમીન ચુનાનું પ્રમાણ ઉંચુ છે. અને દરિયા કાંઠાની જમીનમાં ક્ષારનું પ્રમાણ વધુ છે.

**કુદરતી અને ભૌતિક સાધનો :-**

ચોરવાડ, વેરાવળ ચુનાના પથ્થરો એ જિલ્લાની મુખ્ય પેદાશ છે. પથ્થરની ખાણો જૂનાગઢ અને અન્ય તાલુકામાં આવેલ છે. જંગલ વિસ્તારમાં સાગ, વાંસ જેવા ઈમારતી લાકડાં, સીતાફળ, રાયણ, ટીમરૂ, રાવણા જેવા ફાળાઉ વૃક્ષો છે. આમ જૂનાગઢ જિલ્લો કુદરતી સંપતીથી સમૃધ્ધ છે.

## સને ૨૦૧૧ દરમ્યાન જિલ્લામાં પડેલ વરસાદની તાલુકાવાર વિગત નીચે મુજબ છે

| ક્રમ | તાલુકાનું નામ | સને ૨૦૧૧ માં થયેલ કુલ વરસાદ (મિ.મિ.) | વરસાદનાં દિવસો |
|---|---|---|---|
| ૧ | ઉના | ૭૪૯ | ૩૧ |
| ૨ | સુત્રાપાડા | ૯૪૪ | ૨૮ |
| ૩ | કેશોદ | ૬૨૦ | ૩૦ |
| ૪ | જૂનાગઢ | ૫૫૬ | ૩૯ |
| ૫ | તાલાળા | ૯૦૦ | ૩૨ |
| ૬ | વેરાવળ | ૭૦૮ | ૨૩ |
| ૭ | કોડીનાર | ૫૯૪ | ૨૨ |
| ૮ | ભેંસાણ | ૪૭૭ | ૧૯ |
| ૯ | માણાવદર | ૭૨૭ | ૨૧ |
| ૧૦ | માળીયા હાટીના | ૯૧૭ | ૨૯ |
| ૧૧ | માંગરોળ | ૬૩૭ | ૧૬ |
| ૧૨ | મેંદરડા | ૫૯૮ | ૨૫ |
| ૧૩ | વિસાવદર | ૭૮૨ | ૨૮ |
| ૧૪ | વંથલી | ૭૨૯ | ૨૭ |

**જિલ્લા પંચાયત ખેતીવાડી શાખા દવારા સને ૨૦૧૧-૧૨ દરમ્યાન નીચે મુજબ કામગીરી થયેલ છે.**

**૧. સેન્દ્રિય ખાતરને પ્રોત્સાહન આપતી યોજના :-**

આ યોજના હેઠળ નાના/સિમાંત ખેડૂતોને સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન આપવા જૈવિક ખાતરો, તાલપત્રી,પંપસેટ,સુધારેલ ખેતી ઓજાર,પાક સંરક્ષણ સાધનો,વર્મી કમ્પોસ્ટ સેન્દ્રિય ખાતરો જેવા ઘટકોમાં રૂ. ૧૬૩.૮૩ લાખના લક્ષ્યાંક સામે રૂ.૧૬૪.૦૬ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

**૨. અનુ. જાતિના ખેડૂતોને પાક ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન આપવા અંગેની યોજના :-**

અનુસુચિત જાતિ ના ખેડૂતોને પાક ઉત્પાદન વધારવા માટે ઉપયોગી સાધન સામગ્રી જેવીકે સુધારેલ બિયારણના કિટસ, પાક સંરક્ષણ સાધન, પાક સંરક્ષણ દવા, સુધરેલ ખેત ઓજાર, બળદ, બળદગાડા જેવા ઘટકોમાં સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ દરમ્યાન રૂ.૨૩૫.૮૮ લાખના લક્ષ્યાંક સામે રૂ. ૨૩૦.૫૨ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે.

**૩. કેન્દ્ર પુરસ્કૃત કપાસ વિકાસ કાર્યક્રમ :-**

કોટન મીનીમીશન-૨ હેઠળ કપાસનું ઉત્પાદન વધારવા અને ગુણવતા સુધારવા માટે ખેડૂતોને વિવિધ ઘટકો જેવા કે પાક સંરક્ષણ સાધનો, બાયો એજન્ટ, તાલિમ, ખેડૂત શિબીરો જેવા ઘટકોમાં સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ દરમ્યાન રૂ. ૮.૯૫ લાખના લક્ષ્યાંક સામે રૂ. ૯.૦૨ લાખની સહાય ખેડૂતોને ચુકવવામાં આવેલ છે.

**૪. કેન્દ્ર પુરસ્કૃત તેલીબીયા અને કઠોળ વિકાસ યોજના :-**

આ યોજના હેઠળ તેલીબીયા અને કઠોળ પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને વિવિધ ઘટકો જેવા કે સુધારેલ બિયારણ, મીનીકીટસ, બ્લોક નિદર્શન, પાક સંરક્ષણ સાધનો, પાક સંરક્ષણ દવા, સુધારેલ ખેત ઓજારો, ખેડુત શિબીર, વીડીસાઈડ, માઈક્રોન્યુટ્રીયન્ટ, આઈ.પી.એમ. બ્લોક વિગેરે જેવા ઘટકોમાં સહાય ચુકવવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ દરમ્યાન રૂ. ૩૫૨.૪૩ લાખના લક્ષ્યાંક સામે રૂ. ૩૬૦.૦૦ લાખની સહાય ખેડૂતોને ચુકવવામાં આવેલ છે.

**૫. મેક્રોમેનેજમેન્ટ વર્ક પ્લાન યોજના :-**

આ યોજના હેઠળ ધાન્ય પાકો, શેરડી અને કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન આપતા ઘટકો જેવા કે વધુ ઉત્પાદન આપતી જાતોના બિયારણમાં સહાય, ધાન્ય અને શેરડી પાક નિદર્શન, શેરડી બીજ વૃધ્ધિકરણ, ખેડુત શિબીર, પ્રેરણા, પ્રવાસ, ટ્રેકટર, પાવર ટીલર, રોટાવેટર, ખાસ પ્રકારના ખેત ઓજારો જેવા ઘટકોમાં સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ દરમ્યાન રૂ. ૧૦૧.૧૦ લાખના લક્ષ્યાંક સામે રૂ.૧૩૫.૫૬ લાખની વિવિધ ઘટકોમાં સહાય ખેડૂતોને ચૂકવવામાં આવેલ છે.

**૬. કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન આપતી યોજના:- (R.K.V.Y)**

આ યોજના હેઠળ કૃષિ યાંત્રીકરણને પ્રોત્સાહન આપતા ઘટકો જેવા કે રોટાવેટર ,પાવર થ્રેશર ,ઓટોમેટીક ઓરણી,ઓઇલ એન્જીન,સબમર્સીબલ પંપ,પાક સંરક્ષણ સાધન વગેરે જેવા ઘટકોમાં સહાય ચૂકવવામાં આવેછે. વર્ષ દરમ્યાન રૂ.૪૦૭.૯૦ લાખના લક્ષ્યાંક સામે રૂ.૪૯૭.૯૬ લાખની વિવિધ ઘટકોમાં ખેડૂતોને સહાય ચુકવવામાં આવેલ છે.

**૭. ખાતેદાર ખેડુત અકસ્માત વિમા યોજના :-**

રાજયના જમીન ધારણ કરેલ ખતેદાર ખેડૂતોને અકસ્માતે મૃત્યુ થાય અથવા તો કાયમી અપંગતા આવે તો રૂ. ૧.૦૦ લાખ સુધી વીમા કવચ પુરૂ પાડવામાં આવેલ છે. સને ૨૦૧૧-૧૨ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં આ યોજના હેઠળ સહાય મેળવવા માટે કુલ ૧૧૬ અરજીઓ મળેલ હતી જે પૈકી ૨૬ અરજીઓનો નિકાલ થયેલ છે અને ૧૭ લાભાર્થીઓને રૂ. ૧૭ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. ગુજરાત રાજય સામુહીક જુથ (જનતા) અકસ્માત વિમા યોજના હેઠળ મૃત્યુ પામેલ વારસદારોને / અપંગ થયેલ અરજદારોને વિમાની રકમ સરકારશ્રીના તા. ૨૫-૬-૦૭ ના ઠરાવની જોગવાઈઓ મુજબ વર્ષ ૨૦૧૧-૧૨ માં મૃત્યુ પામેલ વારસદારોને રૂ. ૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા અને અપંગ થયેલને રૂ ૫૦,૦૦૦/- અંકે રૂપીયા પચાસ હજાર વીમા સહાય પુરી પાડવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં આ યોજના હેઠળ સહાય મેળવવા માટે કુલ ૧૫૩ અરજીઓ થયેલ હતી. જે પૈકી ૧૭ અરજીઓનો મંજુર થયેલ છે.

**૮. સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહન આપવું :-**

સુક્ષ્મ પિયત પધ્ધતિના અનેક વિધ ફાયદાઓ અંગે ખેડૂતોને જાણકારી આપી આ પધ્ધતિ વધુને વધુ ખેડૂતો અપનાવે તે બાબતે સમજણ આપવામાં આવે છે. ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા સેટની કિંમતના ૫૦% હેકટર દીઠ મહતમ રૂ. ૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લાના હેકટર વિસ્તારના લક્ષ્યાંક સામે ૮૯૨૧ હેકટર વિસ્તાર આવરી લેવામા આવેલ.

**૯. કિસાન કોલ સેન્ટર :-**

ખેડૂતોને ઘેરબેઠા ખેત વિષયક સમસ્યાઓના માર્ગદર્શન મળી રહે તે હેતુ માટે સરકાશ્રીએ કિસાન કોલ સેન્ટર શરૂ કરેલ છે. જેના ફોન નંબર ૧૫૫૧ છે. સવારના ૬ થી રાત્રીના ૧૦-૦૦ સુધી આ સેવા વિના મુલ્યે ઉપલબ્ધ છે. ખેડૂતો કોલ કરીને કૃષિલક્ષીમાર્ગદર્શન મેળવે છે.

**૧૦. ઓડીટ પારાઓ :-**

સને  ૨૦૦૩-૦૪ સુધીના ૧૨ બાકી પારાના જવાબ તૈયાર કરી લોકલ ફંડ જૂનાગઢને મોકલતા તે પૈકી ૧૦ (દસ્) પારા માન્ય રહેતા હવે ફક્ત ૧ (એક) પારા બાકી રહેલ છે તેમના જવાબો તૈયાર કરી મોકલી આપવામાં આવશે  તેમજ એ.જી. ઓડીટ પારા એક બાકી હોય તેમનો જવાબ તૈયાર કરી મોકલી આપવામાં આવેલ છે.

**૧૧. કૃષિ મહોત્સવ :-**

ખરીફ ઋતુની શરૂઆત અગાઉ ખેડૂતોને ખેતી પધ્ધતિ, વિવિધ પત્રકો, રાસાયણિક ખાતર, સુધારેલી બિયારણોની જાતો અને અન્ય ખેતી વિષયક બાબતોની અદ્યતન માહિતીની જાણકારી તજજ્ઞો તેમજ વૈજ્ઞાનિકો દવારા તમામ ખેડૂતોને લાભ મળે અને તેનો ખેતી પાકોમાં મહત્તમ ઉપયોગ કરવા માટે ગુજરાત સરકાર દવારા સને  ૨૦૦૫ થી કૃષિ મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે. તેમજ ચાલુ વર્ષે પણ સરકારશ્રી દવારા કૃષિ મહોત્સવમાં તાલુકા પંચાયતની બેઠક મુજબ કલસ્ટર વાઇઝ બેઠકના ગામમાંથી નક્કી થયેલ ગામમાં સવારે ૯.૦૦ કલાકથી રાતના ૯.૦૦ કલાક સવારે પશુ આરોગ્ય કેમ્પ ,બપોર બાદ કેનાલ સાફ કરવાના,તળાવ ભરવા બાબતે,ટ્યુબવેલ શરૂ કરવા જીજીઆરસીના કામો,વૈજ્ઞાનિકો તેમજ કૃષિના અધિકારી દ્વારા કૃષિને લગતું પરિસંવાદ,પ્રગતીશીલ ખેડુતો દ્વારા તેમણે કરેલ સફળ નફાકારક ખેતીની જાણકારી ગામના માન્ય ખેડુતોને આપેલ .

**૧૨.ટ્રેકટર સહાય યોજના:-**

આ યોજના હેઠળ ખેડૂતોને કૃષિ યાંત્રીકરણ માટેના પ્રોત્સાહન માટે ટ્રેકટર ઘટકમાં સહાય ચુકવવામાં આવેછે. વર્ષ દરમ્યાન રૂ.૬૯૩.૭૫ લાખના લક્ષ્યાંક સામે રૂ.૭૩૨.૦૦ લાખની ટ્રેકટર ઘટકમાં ખેડુતોને સહાય ચુકવવામાં આવેલા છે.

# પ્રકરણ-૧૨

**સમાજ કલ્યાણ :-**

જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના અનુસુચિત જાતિના લોકો માટે સમાજ કલ્યાણ શાખા,જિ.પં.જૂનાગઢ ધ્વારા વિવિધ ક્ષેત્રે ચાલતી યોજનાઓનો અને તેની થયેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

**શૈક્ષણિક ક્ષેત્રે:-**

**એસ.એસ.સી. પુર્વેના વિદ્યાર્થીઓ માટે પરિક્ષિત લાલ મજમુદાર શિષ્યવૃતિ યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય / શહેરી વિસ્તારના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને તથા ધો. ૮ થી ૧૦ માં ગ્રામ્ય વિસ્તારની હાઈસ્કુલોમાં અભ્યાસ કરતા બાળકોને નીચે મુજબના દરે આ લાભ મળવા પાત્ર છે.

ધોરણ ૧ થી ૪ કુમારને રૂ.૭૫/૦૦ અને કન્યાને રૂ. ૧૦૦/૦૦

ધોરણ ૫ થી ૭ કુમારને રૂ૧૨૫/૦૦ અને કન્યાને પણ રૂ. ૧૨૫/૦૦

ધોરણ ૮ થી ૧૦ કુમાર/કન્યાને રૂપિયા ૨૦૦ ના દરે શિષ્યવૃતિ તેમજ ફી પણ મળવાપાત્ર થાય છે.

**ગરીબી નાબુદી કાર્યક્રમ હેઠળ એસ.એસ.સી. પુર્વેના વિદ્યાર્થીઓ માટે રાજય શિષ્યવૃતિ યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય / શહેરી વિસ્તારના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને તથા ધો. ૮ થી ૧૦ માં ગ્રામ્ય વિસ્તારની હાઈસ્કુલોમાં અભ્યાસ કરતા બાળકોને નીચે મુજબના દરે આ લાભ મળવા પાત્ર છે.

ધોરણ ૧ થી ૪ કુમારને રૂ.૭૫/૦૦ અને કન્યાને રૂ. ૧૦૦/૦૦

ધોરણ ૫ થી ૭ કુમારને રૂ૧૨૫/૦૦ અને કન્યાને પણ રૂ. ૧૨૫/૦૦

ધોરણ ૮ થી ૧૦ કુમાર/કન્યાને રૂપિયા ૨૦૦ ના દરે શિષ્યવૃતિ તેમજ ફી પણ મળવાપાત્ર થાય છે.

**અનુ.જાતિના અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના બાળકોને પુર્વે એસ.એસ.સી. મુનિ મેતરાજ રાજય શિષ્યવૃતિ યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય / શહેરી વિસ્તારના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને તથા ધો. ૮ થી ૧૦ માં ગ્રામ્ય વિસ્તારની હાઈસ્કુલોમાં અભ્યાસ કરતા અસ્વચ્છ વ્યવસાય કરતા વાલીઓના બાળકોને આ લાભ મળવા. પાત્ર છે. બાળકોને નીચે મુજબના દરે આ લાભ મળવા પાત્ર છે.

ધોરણ ૧ થી ૧૦ કુમાર/કન્યાને રૂ.૧૮૫૦/૦૦ લેખે શિષ્યવૃતિ મળવાપાત્ર છે.

**અનુસુચિત જાતિના બાળકોને મફત પુસ્તક / કપડા સહાય ( ગણવેશ સહાય )**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય / શહેરી વિસ્તારના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને બે જોડ ગણવેશ ખરીદવા માટે રૂ. ૨૦૦ /- લેખે સહાય આપવાની રહે છે. જેમાં વાલીની આવક મર્યાદા વાર્ષિક રૂ.૨૦,૦૦૦ /- ની છે.

**અનુ.જાતિ પૈકીના અતિપછાત જાતિના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃતિ સહાય યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય / શહેરી વિસ્તારના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃતિ નીચેના દરે આપવાની થાય છે.

ધોરણ ૧ થી ૭ કુમારને રૂ.૬૫૦/૦૦ અને કન્યાને રૂ.૬૫૦/૦૦

**અનુ.જાતિ પૈકીના અતિપછાત જાતિના ધો. ૮ થી ૧૦ માં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃતિ સહાય યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના ધો. ૮ થી ૧૦ માં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃતિ નીચેના દરે આપવાની થાય છે.

ધોરણ ૮ થી ૧૦ કુમારને રૂ.૬૫૦/૦૦ અને કન્યાને રૂ.૬૫૦/૦૦

**સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયને અનુદાન યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ૭૦ % વિદ્યાર્થીઓ તથા બક્ષી પંચના ૨૦ % વિદ્યાર્થીઓ તથા ૧૦ % ઈત્તર બીન પછાત વિદ્યાર્થીઓને છાત્રાલયમાં દાખલ કરવા જોગવાઈ છે. માન્યતા પ્રાપ્ત છાત્રાલયોને એક વિદ્યાર્થી દીઠ રૂ. ૬૦૦/- માસિક લેખે નિભાવ અનુદાન આપવાની જોગવાઈ છે. તેમજ વિદ્યાર્થીદીઠ પ્રતિ માસ રૂ. ૫૦/- લેખે સંસ્થાને મકાન ભાડું ચુકવવાની જોગવાઈ છે. તેમજ છાત્રાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓને સરકારશ્રી તરફથી નિયત થયેલ વેતન સંસ્થા મારફત ચુકવવાની યોજના અમલમાં છે.

**સરસ્વતી સાધના ( સાયકલ ભેંટ ) યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિની ધો. ૮ માં અભ્યાસ કરતી અને કન્યાના ગામમાં હાઈસ્કુલની સગવડતા ન હોય અને નજીકના હાઈસ્કુલવાળા ગામે આવક - જાવક કરતી હોય તે માટે કન્યાને સાયકલ સહાય ચુકવવાની યોજના અમલમાં છે. જેમાં વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧૫,૦૦૦/- ની છે. સાયકલ ગ્રીમકો તરફથી મળે છે.

**આર્થિક ઉત્કર્ષ ક્ષેત્રે:-**

**અનુસુચિત જાતિના લોકોને ખેતીની જમીન ખરીદવા નાણાંકીય સહાય**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના લોકોને એકર દીઠ કિંમતના ૫૦ % અથવા રૂ.૨૫,૦૦૦ /- પૈકી બે માંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજુર કરવાની રહે છે. બે એકર માટે વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦ /- ની સહાય આપવાની રહે છે. આ યોજનાનો લાભ બી.પી.એલ. લાભાર્થીઓને જ આપવાનો થાય છે.

**આરોગ્ય અને ગૃહ નિર્માણ:-**

**અનુ.જાતિ ના ગ્રામ્ય વિસ્તારના લોકોને મફત તબીબી સહાય યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના કેન્સર,રકતપિત્ત ,ટી.બી. જેવા રોગોથી પીડાતા લોકોને સહાય પેટે ડોકટરની ભલામણથી સહાય આપવાની યોજના અમલમાં છે.

**ડો. આંબેડકર આવાસ યોજના**

અનુસુચિત જાતિના ગ્રામ્ય વિસ્તારના લોકોને પોતાની માલિકીની જમીન /પ્લોટ / જર્જરિત મકાન પર આવાસ બાંધવા માટે રૂ. ૪૩,૫૦૦ /- સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ બી.પી.એલ.યાદીના ૧૭ થી ૨૦ ના સ્કોરમાં આવતા ઇસમોને આપવાનો થાય છે.

**ડો. આંબેડકર આવાસ યોજના ( અતિપછાત જાતિના લોકો માટે )**

અનુસુચિત જાતિ પૈકીના અતિપછાત જાતિના ગ્રામ્ય વિસ્તારના લોકોને પોતાની માલિકીની જમીન / પ્લોટ / જર્જરિત મકાન પર  આવાસ બાંધવા માટે રૂ. ૪૩૫૦૦ /- સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ બી.પી.એલ.યાદીના ૧૭ થી ૨૦ ના સ્કોરમાં આવતા ઇસમોને આપવાનો થાય છે.

**કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના**

અનુસુચિત જાતિના ગ્રામ્ય વિસ્તારની કન્યાઓને લગ્ન થયેથી રૂ.૫૦૦૦ /- ની સહાય આપવાની યોજના અમલમાં છે. યુગલ પૈકી યુવકની ઉંમર લગ્નની તારીખે ૨૧ વર્ષ કે તેથી વધારે હોવી જોઈએ , કન્યાની ઉંમર લગ્નની તારીખે ૧૮ વર્ષ કે તેથી વધારે હોવી જોઈએ. .લગ્ન નોંધણી કરાવવી ફરજીયાત છે. .લગ્નની તારીખથી એક વર્ષની અંદર અરજદારએ ફોર્મ સંબંધિત સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીને રજુ કરવાનું રહે છે.

**માતુશ્રી રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન યોજના**

નોંધણી થયેલ સંબંધિત સંસ્થાઓ તરફથી અનુસુચિત જાતિના સમુહ લગ્નનું આયોજન કરવામાં આવે તો કન્યાને રૂ. ૫૦૦૦ /- ના શ્રી નિધી બોન્ડ આપવાની યોજના અમલમાં છે. તેમજ નોંધણી થયેલ સંસ્થા ઓછામાં ઓછા ૧૦ યુગલોના સમુહ લગ્ન કરે તો આયોજક સંસ્થાને યુગલદીઠ રૂ. ૧૦૦૦ /- લેખે તથા વધુમાં વધુ રૂ. ૨૫,૦૦૦ /- આપવાની યોજના અમલમાં છે.

**સામાજિક અને શૈક્ષણિક શિબીરો**

અનુસુચિત જાતિના લોકોને યોજનાકીય પ્રચાર અને પ્રસાર માટે તથા શિક્ષણ અંગેની જાગૃતિ કેળવવા માટે શિબીરો યોજવાની યોજના અમલમાં છે.

**સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય ( અંત્યેષ્ઠી સહાય )**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના ઈસમો કે જેઓ ગરીબી રેખા હેઠળ જીવે છે. તેમના કુટુંબના સભ્યોના મરણ પ્રસંગે અંતિમ ક્રિયા કર્મ માટે રૂ. ૨૫૦૦ /- ની સહાય આપવામાં આવે છે.

**ગરીબી નાબુદી કાર્યક્રમ ક્ષેત્રે:-**

**ગરીબી નાબુદી કાર્યક્રમ હેઠળ અનુ.જાતિ ના ગ્રામ્ય વિસ્તારના લોકોને મફત તબીબી સહાય યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના  કેન્સર , રકતપિત્ત અને ટી.બી. જેવા રોગોથી પીડાતા લોકોને સહાય પેટે ડોકટરની ભલામણથી સહાય આપવાની યોજના અમલમાં છે.

**એસ.એસ.સી. પૂર્વેના વિદ્યાર્થીઓ માટે પરિક્ષીત લાલ મજમુદાર શિષ્યવૃતિ યોજના**

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય / શહેરી વિસ્તારના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને તથા ધો. ૮ થી ૧૦ માં ગ્રામ્ય વિસ્તારની હાઈસ્કુલોમાં અભ્યાસ કરતા બાળકોને આ લાભ મળવા પાત્ર છે.

**સમાજ કલ્યાણ ક્ષેત્રે પ્રગતિઃ-**

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ દરમિયાન સમાજ કલ્યાણ ક્ષેત્રે વિવિધ યોજનાકીય કામગીરી નીચે મુજબની વિગતે પછાત વર્ગનાં લોકોના આર્થિક ઉત્થાન માટે પ્રયત્નો કરી સરકારી યોજનાનો લાભ આપેલ છે.

યોજનાવાર નાણાંકિય, ભૌતિક પ્રગતિની વિગતો નીચે મુજબ છે.

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | વિગત | મળેલ ગ્રાન્ટ | ખર્ચ | ભૌતિક સિધ્ધિ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બી.સી.કે.-૨<br>એસ.એસ.સી. પુર્વે વિધાર્થીઓને રાજ્ય શિષ્યવૃતિ | ૨૭.૩૧ | ૨૭.૩૧ | ૧૩૭૨૭ |
| ૨ | બી.સી.કે.-૪<br>અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલના બાળકોને શિષ્યવૃતિ | ૪૩૭.૮૦ | ૪૩૭.૭૯ | ૨૭૫૪૯ |
| ૩ | બી.સી.કે.-૧૬<br>રૂ.૧૫૦૦૦/સુધીની વાર્ષિક આવક મર્યાદામાં આવતાં અનુ.જાતિના બાળકોને બેજોડ ગણવેશ | ૨૨.૬૫ | ૨૨.૬૫ | ૧૬૧૯૭ |
| ૪ | બી.સી.કે.-૧૭<br>વાલ્મીકી,હાડી,નાડીયા,અનેસેનવા,તુરીગરો,વણકર,સાધુ,અને દલિત,બાવા જાતિના ધોરણ ૧-૭ ના વિધ્યાર્થીઓ અને વાલીઓને ખાસ શિષ્યવૃતિ | ૧૪.૦૩ | ૧૪.૦૩ | ૧૭૩૯ |
| ૫ | બી.સી.કે.-૧૭<br>વાલ્મીકી,હાડી,નાડીયા,અનેસેનવા,તુરીગરો,વણકર,સાધુ,અને દલિત,બાવા જાતિના ધોરણ ૮-૧૦ ના વિધ્યાર્થીઓ અને વાલીઓને ખાસ શિષ્યવૃતિ | ૧.૭૨ | ૧.૬૭ | ૨૫૫ |
| ૬ | બી.સી.કે.-૧૯<br>છાત્રાલયોને સહાયક અનુદાન | ૭૪.૦૦ | ૭૪.૦૦ | ૩૦ |
| ૭ | બી.સી.કે.-૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૪૫ |

| | | | | |
|---|---|---|---|---|
| | સરસ્વતી યોજના સાયકલની ભેટ | | | |
| ૮ | બી.સી.કે.-૭૪ (ગરીબી નાબુદી કાર્યક્રમ)<br>મફત તબીબી સહાય | ૦.૮૮ | ૦.૮૮ | ૫૬ |
| ૯ | બી.સી.કે.-૭૧ (ગરીબી નાબુદી કાર્યક્રમ)<br>એસ.એસ.સી. પુર્વે વિધાર્થીઓને રાજ્ય શિષ્યવૃતિ | ૩.૬૦ | ૩.૬૦ | ૫૩ |
| ૧૦ | બી.સી.કે.-૪૭<br>મફત તબીબી સહાય | ૧.૬૦ | ૧.૬૦ | ૨૦૩ |
| ૧૧ | બી.સી.કે.-૫૦<br>ગૃહ નિર્માણ માટે વ્યક્તિગત ધોરણે નાણાંકીય સહાય | ૨૦.૦૦ | ૦ | ૦ |
| ૧૨ | બી.સી.કે.-૫૫<br>કુંવરબાઈના મામેરા સહાય | ૧૬.૨૫ | ૧૬.૨૫ | ૩૨૫ |
| ૧૩ | બી.સી.કે.-૫૮<br>સમાજ કલ્યાણ શિબિરો | ૦.૪૦ | ૦.૪૦ | ૮ |
| ૧૪ | બી.સી.કે.-૬૨<br>અન્ત્યેષ્ઠિ ક્રિયા માટે સહાય | ૬.૩૫ | ૬.૩૫ | ૨૫૪ |

# પ્રકરણ-૧૩

**શિક્ષણ ક્ષેત્રે સિધ્ધી :-**

**સામાન્ય માહિતી:-**

જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ આપતી કુલ- ૨૦૩૮ શાળાઓ છે. જેમાં જિલ્લા પંચાયતની કુલ-૧૩૨૬ શાળાઓ છે. ખાનગી શાળાઓ – ૭૧૦ જેમાં ગ્રાન્ટ લેતી ૭ શાળાઓ આવેલ છે.

જિલ્લાની શિક્ષણ સમિતી હસ્તકની કુલ શાળાઓમાં અભ્યાસ કરતા ૨૫૨૮૭૮ બાળકો અભ્યાસ કરતા હતાં. જેમાં કુમાર ૧૨૨૭૧૩ અને કન્યા ૧૩૦૧૬૫ નો સમાવેશ થતો હતો. આ જિલ્લા શિક્ષણ સમિતી હસ્તકની શાળાઓમાં કુલ ૯૧૧૪ શિક્ષકો કામ કરે છે.

**પ્રાથમિક શિક્ષણનું વિસ્તરણ:-**

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે વધુમાં વધુ બાળકો પ્રવેશ મેળવે અને ગુણવતાલક્ષી શિક્ષણ મેળવે તે હેતુથી શાળાઓ તેમજ ખાનગી શાળાઓ પણ ખોલવામાં આવેલ છે. આ પ્રાથમિક શાળાઓ તેમજ તેમા અભ્યાસ કરતા બાળકો માટે સરકારશ્રી તરફથી વખતો વખત જુદીજુદી યોજનાઓ અમલમાં આવતાં જેનુ અમલીકરણ અસરકારક રીતે કરવામાં આવેલ હતું.

**શાળા પ્રવેશોત્સવ-૨૦૧૧ :-**

દર વર્ષની જેમ આ વર્ષે પણ દરેક શાળામાં ધોરણ-૧ માં પ્રવેશપાત્ર તમામ બાળકો એકી સાથે એકજ દિવસે પ્રવેશ મેળવી લે તેવા હેતુ સભર શાળા પ્રવેશોત્સવની ઉજવણી ગ્રામ્ય વિસ્તારમાં તા..૧૬-૧૭-૧૮/જુન-૨૦૧૧ અને શહેરી વિસ્તારમાં ૨૩,૨૪,૨૫/જુન-૨૦૧૧ ના રોજ પ્રવેશોત્સવ કાર્યક્રમ તથા કન્યા કેળવણી રથના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય/શહેરી વિસ્તારમાં કુલ ૧૨૭૫૬ કુમાર તથા ૧૨૫૬૯ કન્યા મળી કુલ ૨૫૩૨૫ બાળકો ને ધો-૧ માં નવા પ્રવેશ આપવામાં આવેલ.

**કન્યા કેળવણી : -**

સ્ત્રી સક્ષરતા દર વધે અને ડ્રોપ આઉટ દર ઘટે તે માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ અને જેમાં ચાલુ વર્ષ ૨૦૧૧-૧૨માં ગ્રામ્ય વિસ્તારમાં તા..૧૬-૧૭-૧૮/જુન-૨૦૧૧ અને શહેરી વિસ્તારમાં ૨૩-૨૪-૨૫/જુન-૨૦૧૧ ના રોજ પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ કન્યા કેળવણી મહોત્સવ

દરમ્યાન પ્રવેશને દિવસેજ પાત્રતા ધરાવતી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોંડ, પુસ્તકો ,શૈક્ષણિક કીટસ તેમજ શિષ્યવૃતિનું  વિતરણ કરવામાં આવેલ છે.

**વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના**

જે ગામોમાં સ્ત્રી સાક્ષરતાદર ૩૫% કે તેનાથી ઓછો છે તેવા ગામોમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તેવા હેતુથી વિદ્યાલક્ષ્મી બોંડ યોજના સરકારશ્રી દ્વારા અમલમાં મુકેલ છે.જેમાં ધોરણ -૧ માં પ્રવેશ મેળવેલ કન્યાઓને પ્રવેશના દિવસેજ રૂ.૧૦૦૦/- ના વિદ્યાલક્ષ્મી બોંડનું વિતરણ કરવામાં આવે છે. ધોરણ-૭ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તેવી બાળાઓને પાકતી મુદતે આ રકમ પરત આપવામાં આવે છે.

**વર્ગ ખંડનું બાંધકામ:**

જૂનાગઢ જિલ્લા શિક્ષણ સમિતી હેઠળ આવેલી ૧૩૨૬ પ્રાથમિક શાળાઓમાં હાલ ૯૨૪૯ વર્ગખંડો ઉપલબ્ધ છે. અને ૭૪૦ પ્રા.શાળાઓમાં ૨૦૬૦ ઓરડાઓની ઘટ છે. ચાલુ વર્ષ દરમ્યાન જુદી-જુદી યોજનાઓમાંથી ૭૫૦ વર્ગખંડોનું બાંધકામ હાથ ધરવામાં આવશે. જે શાળાઓમાં જગ્યાઓનો અભાવ હોય તેવી શાળાઓમાં જી પ્લસ-૧ યોજના હેઠળ વર્ગખંડનું બાંધકામ કરવામાં આવે છે. ખૂટતા વર્ગ ખંડો માટે નિયામકશ્રી, પ્રા.શિ. ગાંધીનગરને દરખાસ્ત કરવામાં આવેલ છે.

**વિદ્યાદીપ યોજના:**

ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીનું આકસ્મિક અકસ્માતે અવસાન થાય તો આ યોજના હેઠળ મૃત્યુ પામનાર વિદ્યાર્થીના વાલીને રૂ.૫૦,૦૦૦/- વિમાની રકમ પેટે આપવામાં આવે છે. આ માટેનું પ્રિમીયમ ગુજરાત સરકારશ્રી દ્વારા નિયત કરેલ એજેન્સીઓને સરકારશ્રી દ્વારા સીધુજ ભરવામાં આવે છે.

**કોમ્પ્યુટર વસાવવાની યોજના:-**

ઇન્ફોર્મેશન અને ટેકનોલોજીના યુગમાં ભાવિ પેઢી સમય સાથે કદમ મિલાવી શકે અને ગ્રામ્ય વિસ્તારના પછાત બાળકો પ્રત્યક્ષ અનુભવ દ્વારા કોમ્પ્યુટરથી માહિતગર થાય તેવા શુભ આશયથી ગુજરાત સરકારશ્રી દ્વારા શાળાદીઠ દસ કોમ્પ્યુટર અને એલ.સી.ડી.ટી.વી.સાથે કોમ્પ્યુટર લેબ આપેલ છે. તે શાળાના શિક્ષકોને કોમ્પ્યુટરની તાલીમ આપવા માટે એવરોન કંપની દ્વારા લેબ દીઠ ૧ વ્યક્તિની નિમણૂંક કરવામાં આવેલ છે.તેમજ આજુબાજુની પ્રા.શાળાઓના બાળકો/શિક્ષકો પણ કોમ્પ્યુટર લેબનો ઉપયોગ કરી કોમ્પ્યુટર અંગે જાણકારી મેળવે છે. ચાલુ વર્ષે સરકારશ્રી તરફથી કુલ ૧૦૧૭  શાળાઓમાં કોમ્પ્યુટર લેબ આપવામાં આવેલ છે. અને ૭૯ શાળાઓમાં અગાઉના વર્ષોમાં એસ.એસ.એ.યોજના અંતર્ગત કોમ્પ્યુટર લેબ

ફાળવવામાં આવેલ છે.આમ જૂનાગઢ જિલ્લાની કુલ ૧૦૯૬ સરકારી  પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ છે.અને બાળકો તેમજ શિક્ષકો તેનો ઉપયોગ કરેછે.

**સ્કુલ સેનીટેશન પ્રોગ્રામ:**

જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓમાં સેનીટેશન બનાવવાની યોજના અમલમાં છે. જે પૈકી અત્યાર સુધીમાં કુલ ૧૩૨૬ પ્રાથમિક શાળાઓ પૈકી ૧૩૧૭ શાળાઓમાં સેનીટેશન બ્લોકની સગવડતા પુરી પાડવામાં આવેલ છે. બાકીની શાળાઓમાં સેનીટેશન બ્લોક બાંધવાની કાર્યવાહી પ્રગતિમાં છે. ધોરણ-૧ થી ૪ વાળી શાળાઓને રૂ.૨૪૦૦/-તથા ૫ થી ૮ વાળી શાળાઓને રૂ.૪૮૦૦/ સફાઇ માટે વાર્ષિક ગ્રાંટ ફાળવવામાં આવેછે.

**પ્રયોગશાળાના સાધનોની સુવિધા**

જૂનાગઢ જિલ્લાની બિન આદીવાસી વિસ્તારની ૪૨૪ શાળાઓમાં તેમજ ખાસ વિસ્તારની ૧૪૦ શાળાઓ મળી કુલ ૫૬૪ અપર પ્રાથમિક શાળાઓમાં પ્રોયગશાળાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**ફસ્ટ એઇડ  બોક્ષ:-**

જૂનાગઢ જિલ્લાની જિલ્લા શિક્ષણ સમિતી હસ્તકની શાળાઓમા શાળા સમય દરમ્યાન કોઇ આકસ્મિક ઇજા કે હાની થાય ત્યારે શાળાના બાળકોને તાત્કાલિક પ્રાથમિક સારવારની દવાઓ ખરીદવા માટે શાળા દીઠ રૂ.૫૦૦/- લેખે બિન આદીવાસી વિસ્તારની ૮૯૬ શાળાઓ તેમજ ખાસ અંગભુત વિસ્તારની ૩૫૦ શાળાઓ મળી કુલ ૧૨૪ શાળાઓમાં  રૂ.૫૦૦/- લેખે, કુલ રૂ.૬,૨૩,૦૦૦/-ની ફાળવણી કરવામાં આવેલ છે.

**ભૌતિક સુવિધા:-**

જૂનાગઢ જિલ્લા શિક્ષણ સમિતી હેઠળ આવેલી પ્રાથમિક શાળાઓમાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી પ્રાથમિક શાળાની ભૌતિક સુવિધા જેવી કે વીજળીકરણ, પીવાના પાણી,,સેનીટેશન, અને કમ્પાઉન્ડ વોલ વધારવા માટે ના કામ હાથ ધરવામાં આવેછે. જેમાં આ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ચાલુ વર્ષે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે.ચાલુ વર્ષ સુધીમાં કુલ ૧૩૨૧ પ્રાથમિક શાળાઓ પૈકી ૧૧૮૭ શાળાઓમાં પીવાના પાણીની સુવીધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. બાકી રહેતી શાળાઓમાં પાણીની સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન કરેલ છે.

**શિક્ષકોની ભરતી અંગે:-**

જૂનાગઢ જિલ્લા શિક્ષણ સમિતી હેઠળ આવેલી પ્રાથમિક શાળામાં સરકારશ્રી દ્વારા ધોરણ ૫થી ૮ શરૂ કરતાં આ જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળાઓબી..એસ.સી.બી.એડ./બી.એ.બી.એડ.(અંગ્રેજી) ના કુલ ૧૦૬૪ શિક્ષકોની ભરતી કરવામાં આવેલછે.

**આર.ઓ.પ્લાન્ટ અંગે:-**

જૂનાગઢ જિલ્લા શિક્ષણ સમિતી હેઠળ આવેલી પ્રાથમિક શાળાઓમાં જિલ્લા પંચાયત દ્વારા ૧૨ માં નાણા પંચની જોગવાઇ મુજબ જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે ગ્રામ્ય વિસ્તારમાં ૩૬૬ પ્રાથમિક શાળાઓમાં આર.ઓ.પ્લાન્ટ ફીટ કરવામાં આવેલા છે.

**શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ:-**

જૂનાગઢ જિલ્લા શિક્ષણ સમિતી હેઠળ આવેલી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકોને એવોર્ડ આપવા માટે સરકારશ્રી દ્વારા રાજ્ય પારિતોષિક શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ વંથલી તાલુકાની સિતારમ નગર (નરેડી)ની પ્રાથમિક શિક્ષિકા બેન જાગૃતિબેન કાંતિલાલ ઓઝાને એનાયત કરવામાં આવેલ છે.

# પ્રકરણ-૧૪

**સિંચાઇ ક્ષેત્રે સિધ્ધિઃ-**

**બજેટેડ વર્ક**

લોકો દ્વારા સૂચવાયેલ નાની સિંચાઈ યોજના, ચેકડેમ, ચેકડેમ કમ કોઝવે, પુર સંરક્ષણ યોજનાઓ, તળાવો, અછત રાહતમા થયેલ તળાવોને સલામત તબકકાના કામો ઉદવહન સિંચાઈ યોજનાઓ વગેરે કામોની વાર્ષિક સંકલીત દરખાસ્ત, સરકારશ્રીમાં કરતા, મંજૂર થયેલ કામો હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન આ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

**પુર મરામતના કામો / સી..આર.એફ. યોજના**

ભારે વરસાદને કારણે પુરથી નુકસાન થયેલ આ વિભાગ હેઠળની નાની સિંચાઈ યોજનાઓ, ચેંકડેમ કમ કોઝવે, તળાવ, પુર નિયંત્રણ યોજનાઓના મરામતના કામો સરકારશ્રીની કક્ષાએથી મંજૂર થયેલ કામો હાથ ધરી પૂર્ણ કરવાનું યોજના આ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

પંચાયત સિંચાઇ વિભાગ,જૂનાગઢ હસ્તક જુદા જુદા તાલુકામાં સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં હાથ ધરેલ કમોની વિગતો નીચે મુજબ છે.

જિલ્લા પંચાયત જૂનાગઢ સિંચાઇ વિભાગ હસ્તક નાની સિંચાઇ, અનુશ્રવણ તળાવો, ચેક ડેમ, પુર નિયંત્રણ યોજનાઓ તેમજ અછતમાં થયેલ તળાવોને સલામત તબક્કે લાવવાના કામો હાથ ધરવામાં આવેલ છે. તેમજ કામોની મરામત અને જાળવણીની કામગીરી પણ કરવામાં આવે છે.

**નાની સિંચાઇ યોજનાઃ**

આ યોજના હેઠળ નાની સિંચાઈ યોજનાના પાંચ કામોની અંદાજિત કિમત રૂ.૧૦૩૯.૭૮ લાખની સામે ચાલુ નાણાંકિય વર્ષની ૧૧.૪૦ લાખની જોગવાઇની સામે વર્ષ દરમ્યાન ૩.૫૭ લાખનો ખર્ચ થયેલ છે.

**અનુશ્રવણ તળાવોઃ**

આ યોજના હેઠળ ૭ અનુશ્રવણ તળાવના અંદાજિત કિમત રૂ.૫૯.૪૦ લાખની સામે ચાલુ નાણાંકિય વર્ષની ૫૯.૪૦ લાખની જોગવાઇની સામે વર્ષ દરમ્યાન રૂ.૦.૬૮ લખનો ખર્ચ થયેલ છે. જે કામ હાલ ચાલુ છે, જે પૂર્ણ થતાં ૧૪૦ હેકટરમાં સિંચાઇનો આડકતરો લાભ થશે.વર્ષ ૨૦૧૧-૧૨ માં સલામત તબક્કાના તળાવના કુલ ૪ કામો મંજુર થયેલ જે પૈકી ૧ કામો પૂર્ણ થયેલ છે.આ કામોમાં રૂ.૬.૮૦ લાખનો ખર્ચ થયેલ છે.આ યોજનાથી ૮૦ હેકટરમાં સિંચાઇનો આડકતરો લાભ થશે

**પુર સંરક્ષણ યોજનાઃ**

પુર સંરક્ષણ યોજનાના કામો હાથ ધરવામાં આવે છે જેનાથી જમીનનું ધોવાણ અટકાવી ખેત ઉત્પાદનમાં વધારો મેળવી શકાય છે તેમજ પુરના પાણીથી જાન-માલને થતી નુકશાની સામે સંરક્ષણ મેળવી શકાય છે. સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન પુર નિયંત્રણ યોજના હેઠળ ૪૯ કામો હાથ ધરેલ જે પૈકી ૩૦ કામ પુર્ણ થયેલ છે. ૧૯ કામો ચાલુ છે.આ યોજના હેઠળ ૪૯ કામોની અંદાજિત કિમત રૂ.૩૧૬.૩૦ લાખની સામે ચાલુ નાણાંકિય વર્ષની રૂ.૩૧૬.૫૦ લાખની જોગવાઇની સામે વર્ષ  દરમ્યાન રૂ ૨૮૮.૭૮ લાખનો ખર્ચ થયેલ છે.

**એન.આર.ઈ.જી.એ.(જિલ્લા કક્ષા):-**

જિલ્લા કક્ષાના એ.આર.ઈ.જી.એ. હેઠળના વાર્ષિક પ્લાનમાં સમાવિષ્ટ થયેલ અને લગત ગ્રામ પંચાયત દ્વારા પ્રાયોરીટી નકકી થયા મુજબના નવા તળાવો, તળવા ઉંડા કરવા, પુર નિયંત્રણ, ચેક ડેમના કામો, બોરી બંધ, ચેકડેમ વિગેરે કામો ગ્રામ્ય વિસ્તારનાં મજુરો દ્વારા માંગણી આવ્યેથી ખાતાકીય રીતે કામો હાથ ધરી કામો પુર્ણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૭ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.જેનો ખર્ચ રૂપિયા ૫૯.૯૭ લાખ થયેલ છે.જેમાં ૮૭૮૦ માનવદિન ઉત્પન્ન થયેલ છે.

| ક્રમ | યોજનાની વિગત | લક્ષ્યાંક રૂ.લાખમાં | થયેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નાની સિંચાઇ યોજના | ૧૧.૪૦ | ૩.૫૭ |
| ૨ | અનુશ્રવણ તળાવ | ૫૯.૪૦ | ૦.૬૮ |
| ૩ | પુર રક્ષણ યોજના | ૩૧૬.૫૦ | ૨૮૮.૭૮ |

# પ્રકરણ-૧૫

**પશુપાલન ક્ષેત્રેઃ-**

૧. આ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકોનો મુખ્ય ધંધો ખેતી હોવાથી પશુપાલન એ જિલ્લાના લોકોનો પુરક વ્યવસાય છે. હાલનાં સંજોગોમાં પશુપાલન એ ખેતી સાથે મુખ્ય ધંધા તરીકે વિકસી રહેલ છે.

૨. વહીવટી માળખું

(૧) નાયબ પશુપાલન નિયામકશ્રી વર્ગ-૧ ની જગ્યા છે. જે તા.૩૦-૦૬-૨૦૦૯ થી ખાલી હતી જે તા.૧૬/૦૧/૨૦૧૨ થી ભરાયેલ છે.

(૨) મદદનીશ પશુપાલન નિયામકશ્રી વર્ગ-૨ ની જગ્યા છે. જે તા.૨૧/૦૭/૦૯ થી ભરાયેલ છે.

(૩) વર્ગ-૩ સીનીયર કલાર્ક (મહેકમ) ની એક જગ્યા છે. જે ભરાયેલ છે.

(૪) વર્ગ-૩ ની સીનીયર એકાઉન્ટ કલાર્કની એક જગ્યા છે. જે જગ્યા તા.૦૩/૧૧/૨૦૦૮થી ખાલી હતી જે તા.૨૦/૧૦/૨૦૧૧ થી ભરાયેલ છે.

(૫) વર્ગ -૩ ની જુનીયર ક્લાર્ક (વહીવટ)ની એક જગ્યા છે જે ભરાયેલ હતી પરંતુ તા.૦૪/૦૫/૨૦૧૧ થી ખાલી છે.

(૬) વર્ગ -૩ ની જુનીયર ક્લાર્ક (તાંત્રિક )ની એક જગ્યા છે જે તા.૦૩/૦૯/૨૦૦૬ થી ખાલી છે.

(૭) વર્ગ-૩ની ડ્રાઇવરની એક જગ્યા છે જે ભરાયેલ છે.

(૮) વર્ગ -૪ ની પટાવાળાની એક જગ્યા છે જે ભરાયેલ છે.

૩. જિલ્લા પંચાયત જૂનાગઢની નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરી નીચે જિલ્લામાં આવેલ જુદી જુદી પશુ સારવાર સંસ્થાઓની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| પશુ દવાખાના (નોન પ્લાન) સંખ્યા- | ૨૧ |
| પશુ દવાખાના (પ્લાન) સંખ્યા- | ૨૧ |
| શાખા પશુ દવાખાના (નોનપ્લાન) સંખ્યા- | ૦૩ |
| પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર (નોન પ્લાન) સંખ્યા - | ૧૨ |
| ફરતુ પશુ દવાખાનુ (પ્લાન) સંખ્યા- | ૦૧ |
| ફરતુ પશુ દવાખાનુ કમ પ્રોગશાળા (પ્લાન) સંખ્યા- | ૦૧ |

૪. પશુપાલન અંગેની યોજનાઓ નીચે મુજબ છે.

૧) પશુઓની બિમારી બાબતે સારવાર કરવાથી તેની કાર્યક્ષમતા તથા દુધ ઉત્પાદન ક્ષમતા જળવાઇ રહે છે. આ બાબતે નજીકના પશુ સારવાર કેન્દ્રમાં પશુઓને લઈ જવાથી જરૂરી સારવાર મળી રહે છે.

૨) ખસીકરણ કરવાથી બાંગરા સાંઢ ઉપર નિયંત્રણ થઈ શકે છે. તેથી દુધાળા પશુઓની શુધ્ધ ઓલાદ જાળવી શકાય છે. તેમ જ ખેડૂતોને ખેતી કામ માટે બળદ મળી રહે છે.

૩) રોગ નિદાન માટે લોહી,દુધ,પેશાબ,મળ વગેરેના નમૂનાઓનું પરીક્ષણ કરવાથી રોગનું સચોટ નિદાન કરવાથી યોગ્ય અને સચોટ તથા સસ્તી સારવાર મળી રહે છે.

૪) કૃત્રિમ બીજદાન કામગીરીથી સારા ઓલાદના સાંઢ/પાડાના બીજથી સંવર્ધન કરવાથી સારી ઓલોદના વાછરડી/પાડી ઉત્પન્ન થવાથી દુધ ઉત્પાદનમાં ઉત્તરોતર વધારો થાય છે.

૫) રસીકરણ કામગીરી ચેપી રોગચાળા વિરોધી કરવાથી પશુઓને રોગચાળાથી બચાવી શકાય છે. આ માટે સાકરડો, ગાંઠિયો તાવ, ખરવા-મોવા રોગ વિરોધી વિના મુલ્યે રસીકરણ કરવામાં આવે છે. આ માટે નજીકના પશુ દવાખાના પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોનો સંપર્ક સાધવાથી વિના મુલ્યે રસીકરણ પશુઓને થઈ શકે છે.

૬) રાજય સરકારશ્રીની યોજના મુજબ ૧૦ ગુંઠા જમીન પુરતુ ઘાસચારા મીનીકીટસ સુધારેલ જાતના ઘાસચારાની કીટસ એક-એક ખેડૂત પશુપાલકને વિના મુલ્યે આપવામાં આવે છે. તેથી એકમ જમીનમાં વધુ ઘાસચારો ઉત્પાદન થાય છે.

૭) ચાફ કટર ખરીદી પર સહાય યોજના હેઠળ પશુઓ માટે ઘાસચારો ટુકડા કરીને આપી શકાય છે. જેથી પશુઓ ઘાસચારો સારી રીતે ખાય શકે છે. તેમજ ઘાસચારાનો ૩૦% ટકા જેટલી બચત થાય છે.

૮) કેન્દ્ર સરકારની યોજના મુજબ ૫ ગુંઠા જમીન પૂરતુ ઘાસચારા મીનીકીટસ, કેન્દ્ર સરકારશ્રી તરફથી મળે છે. જે પશુપાલન દરેક ખેડૂતોને વિના મુલ્યે આપવામાં આવે છે.

૯) અનુસુચિત જાતિ માટે :-

- બકરા યુનિટની સ્થાપના માટે રૂ.૨૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે. જેથી ગ્રામ્ય કક્ષાએ અનુ.જાતીના લાભાર્થી પગભર બની પોતાની આવકમાં બકરીઓના દુધ, વાળ, ખાતરના વેંચાણથી મેળવી શકે છે.

- ચાફ કટર સહાયથી ઘાસચારાના ટુકડા કરી પોતાના પશુઓને ખવડાવીને ઘાસચારાની બચત થાય છે.
- કેટલ શેડ બનાવવા માટે રૂ.૧૫,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. જેથી અનુ.જાતિના પશુપાલકો તેમના પશુઓને ટાઢ/તડકો/વરસાદ/રાની પશુઓથી રક્ષણ મળે છે.

૧૦) આર્થિક રીતે નબળા વર્ગના લોકોને બકરા યુનિટ (૧૦ બકરી તથા ૧ નર બકરો) ની યુનિટ સ્થાપવા માટે રૂ.૨૦૦૦૦/- સહાય અપાય છે. તેથી દુધ, વાળ, ખાતરની આવક થવાથી તેની સામાજીક સ્થિતિમાં આવક વધવાથી સુધારો થાય છે.

૧૧) પશુ ઉત્પાદકતા વૃધ્ધી શિબિર દ્વારા ગ્રામ્ય કક્ષાએ બીન ઉપયોગી માદા પશુઓને સારવાર આપી ઉત્પાદન લક્ષી બનાવવામાં આવે છે. અને પશુ સંવર્ધન શિક્ષણ શિબિર દ્વારા પશુપાલકોને પશુપાલનના આધુનિક જ્ઞાનથી વાકેફ કરવામાં આવે

૧૨) પશુ આરોગ્ય મેળા સામાન્ય રીતે ડીસેમ્બર-જાન્યુઆરીમાં યોજવામાં આવે છે. તેમાં ગ્રામ્ય કક્ષાએ પશુપાલકોને પોતાના પશુઓને દરેક પ્રકારની સારવાર, ઓપરેશન, રસીકરણ તથા માલધારીઓના ઘેટા-બકરાને વિના મુલ્યે કૃમિ નાશક દવાઓ પીવડાવવામાં આવે છે.

૧૩) કૃષી મહોત્સવમાં ઘનિષ્ઠ રસીકરણ ઝુંબેશ કરવામાં આવે છે. જેનાથી પશુધન ગળસુંઢો અને ખરવા મોવાસા રોગ સામે રક્ષણ આપી દુધ ઉત્પાદન વધે/જળવાઇ રહે. તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

**પશુપાલન ક્ષેત્રેની વિવિધ યોજનાઓની ભૌતિક તેમજ નાણાંકિય લક્ષ્યાંક, સિધ્ધિની વિગતો**

**વર્ષ : ૨૦૧૧-૧૨**

| ક્રમ | યોજનાની વિગત | ભૌતિક | | નાણાંકીય (રૂપિયામાં) | |
|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ |
| ૧ | પશુઓને સારવાર | ---- | ૧૮૮૩૭૯ | ---- | ---- |
| ૨ | ખસીકરણ | ૭૨૭૫ | ૭૭૯૯ | ---- | ---- |
| ૩ | રોગની તપાસ માટેના નમુના | ૪૨૨૫ | ૫૬૨૮ | ---- | ---- |
| ૪ | કૃત્રિમ બીજદાન | ૯૦૦૦ | ૧૨૩૭૪ | ---- | ---- |
| ૫ | રસીકરણ | ૧૨૩૨૫૦ | ૪૪૯૧૮૪ | ---- | ---- |
| ૬ | એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | | | | |
| ૬.૧ | ૧૦, ગુંઠા મીનીકીટસ | ૧૯૦ | ૨૫૦ | ---- | ---- |
| ૬.૨ | ચાફ કટર(રાઉન્ડ વ્હીલ) | ૧૮ | ૧૮ | ૨૭૦૦૦ | ૨૭૦૦૦ |
| ૬.૩ | ચાફકટર (માનવ સંચાલીત) | ૨૦ | ૨૦ | ૯૦૦૦ | ૯૦૦૦ |
| ૬.૪ | કેટલ શેડ | ૮ | ૮ | ૧૨૦૦૦૦ | ૧૨૦૦૦૦ |
| ૭ | ૫ ગુંઠા મીનીકીટસ (કેન્દ્રપુરુસ્કૃત) | ---- | ---- | ---- | ---- |
| ૮ | **અનુ.જાતિ પેટા યોજના** | | | | |
| ૮.૧ | ચાફ કટર(રાઉન્ડ વ્હીલ) | ૨૦ | ૨૦ | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ |
| ૮.૨ | ચાફકટર (માનવ સંચાલીત) | ૨૪ | ૨૪ | ૧૦૮૦૦ | ૧૦૮૦૦ |
| ૮.૩ | કેટલ શેડ | ૩૨ | ૩૨ | ૪૮૦૦૦૦ | ૪૮૦૦૦૦ |
| ૮.૪ | બકરા યુનિટ (૧૦ બકરી અને એક બકરો) | ૫ | ૫ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ |
| ૮.૫ | પશુખાણદાણ સહાય | ૧૫૦ | ૧૨૦ | ૩૦૦૦૦૦ | ૨૪૦૦૦૦ |
| ૯ | બકરાયુનિટ(જનરલ કેટેગરી) (૧૦ બકરી અને એક બકરો) | ૧૦ | ૧૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ૧૦ | સંકલ્પ પત્ર યોજના<br>(૧) પશુ ઉત્પાદકતા વૃધ્ધી શિબીર<br>(૨) પશુ સંવર્ધન | <br>૧૦૦<br>૧૦૦ | <br>૧૦૧<br>૧૦૦ | <br>૪૦૦૦૦<br>૧૫૦૦૦૦ | <br>૩૯૮૯૨૩<br>૧૪૯૦૮૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | શિક્ષણ શિબીર | | | | |
| ૧૧ | પશુ આરોગ્ય મેળા | ૧૩૦ | ---- | ૯૨૦૦૦૦ | ૬૬૫૦૪૨ |

# પ્રકરણ-૧૬

## સહકાર ક્ષેત્રે :-

(૧) સને ૨૦૧૦-૧૧ ના વર્ષ દરમિયાન જિલ્લા પંચાયતની સહકાર શાખા મારફત નીચે મુજબની અલગ અલગ મંડળીની નોંધણી કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | મંડળીનો પ્રકાર | સંખ્યા |
|---|---|---|
| ૧ | સામુહિક ખેતી મંડળી | ૦ |
| ૨ | ગ્રાહક ભંડાળ – ધિરાણ | ૦ |
| ૩ | પોલટ્રી ફાર્મ્સ | ૦ |
| ૪ | સેવા મંડળી | ૦ |
| ૫ | વૃક્ષ ઉત્પાદન | ૦ |
| ૬ | શાકભાજી તથા ફુડ પ્રોસેસીંગ | ૦ |
| ૭ | હસ્તકલા ઉધોગ મંડળી | ૧ |
| ૮ | પથ્થર ખાણ ઉધોગ/મત્સ્યોદ્યોગ | ૦ |
| ૯ | ગોપાલક | ૦ |
| | કુલ ......... | ૧ |

(૨) સને-૨૦૧૧-૧૨ ના વર્ષ દરમિયાન નીલ સેવા સહકારી મંડળીને પુનઃજીવીત કરવામાં આવેલ છે.

(૩) અલગ-અલગ પ્રકારની મંડળીઓના ૧૧ (અગીયાર) પેટા કાયદામાં સુધારા મંજુર કરવામાં આવેલ છે.

(૪) સને-૨૦૧૧-૧૨ ના વર્ષમાં નીચે પ્રમાણેના સભાસદ વૃધ્ધિના લક્ષ્યાંક ફાળવવામાં આવેલાં હતા.

| ક્રમ | સભાસદ વૃદ્ધિ લક્ષ્યાંક | ફાળવેલ લક્ષ્યાંક | સિધ્ધિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | સામાન્ય વિસ્તાર | ૩૨૦૦ | ૩૦૯૭ | ૯૬.૭૮ |
| ૨ | ખાસ અંગભુત | ૨૫૦ | ૩૨૬ | ૧૩૦.૪૦ |
| ધીરાણ લેનાર સભાસદ વૃદ્ધિ લક્ષ્યાંક. | | | | |
| ૩ | સામાન્ય વિસ્તાર | ૨૨૦૦ | ૧૭૪૫ | ૭૯.૩૧ |
| ૪ | ખાસ અંગભુત | ૨૫૦ | ૨૮૭ | ૧૧૪.૮૦ |

૫. સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં વાર્ષિક સાધારણ સભાનો નીલ  મંડળીનો મુદત વધારો મંજુર કરેલ છે.

# પ્રકરણ-૧૭

**વિકાસ કાર્યક્રમ ક્ષેત્રે સિધ્ધી :-**

**જિલ્લા કક્ષાએ કચેરી સ્ટાફ :-** **વર્ષ : ૨૦૧૧-૧૨**

| ક્રમ | વિગત | વર્ગ | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી | ૧ | ૧ | ૦ |
| ૨ | નાયબ ચીટનીશ | ૩ | ૧ | ૨ |
| ૩ | જુનિયર કલાર્ક | ૩ | ૨ | ૧ |
| ૪ | ડ્રાઈવર | ૨ | ૧ | ૧ |
| ૫ | પટ્ટાવાળા | ૬ | ૬ | ૦ |

**૧૭.૧ વિકાસ કાર્યક્રમ**

સરકારશ્રી તરફથી જિલ્લા પંચાયતને તબદીલ થયેલ યોજનાઓની અમલવારી તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ કરવામાં આવે છે. સરકારશ્રી તરફથી આવતા અનુદાનોની ફાળવણી અને તેના ખર્ચ ઉપર નિયંત્રણ  તેમજ ફાળવેલ રકમના હિસાબો ઉપર દેખરેખ તેમજ યોજનાઓની નાણાંકીય અને ભૌતિક સિધ્ધિ હાંસલ થાય તે માટે યોજનાઓના અમલીકરણનું વખતોવખત મોનીટરીંગ કરવામાં આવે છે.

**ગ્રામ ગૃહ નિર્માણ :-(સરદાર પટેલ આવાસ યોજના)**

ભૂમિહિન ખેત મજૂરો, ગ્રામ્ય કારીગરોને વસવાટ કરવા માટે ઘરથાળ પ્લોટની ફાળવણી કરવાની યોજના ૧૯૭૨ થી અમલમાં હતી. તેમજ આ ફાળવેલ પ્લોટો ઉપર મકાન બાંધકામ માટે સહાય આપવાની યોજના સને-૧૯૭૬થી અમલમાં હતી.

આ યોજના અન્વયે સરદાર પટેલ આવાસ યોજના તા.૧/૪/૯૭ થી અમલમાં આવેલ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને ૧૦૦ ચો.વાર મફત પ્લોટ તથા રૂ..૪૩૫૦૦/-ની કિંમતનુ મકાન અરજદારે જાતે બનાવવાની  યોજના અમલમાં છે. અહેવાલ હેઠળના વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ફાળવેલ વાર્ષિક ભૌતિક લક્ષ્યાંક સામે મકાનોના ૬૩૧ કામો હાથ ધરવામાં આવેલ છે. અને નાણાંકીય ક્ષેત્રે સને ૨૦૧૧-૧૨ માં રૂ.૨૮૩.૯૫ લાખ ફાળવેલ છે.

જે લક્ષ્યાંક પાછળ રૂ.૫૫.૨૩  લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જયારે સ્પીલ ઓવરના બાકી ૨૨૪ કામો પૂર્ણ કરેલ છે. તેની પાછળ રૂ.૮૫.૪૮ લાખનો ખર્ચ થયેલ છે.

**એચ.એસ.જી.-૩**

ગ્રામિણ આવાસન યોજના અન્વયેની સંપાદન અને માળખાકીય સુવિધાના કામો પૈકી માળખાકીય સુવિધાના કામોમાં રાજય સરકારશ્રી ધ્વારા ગ્રામ્ય કક્ષાએ ગ્રામીણ આવાસ યોજના હેઠળ સરદાર આવાસ યોજના તથા ૧૦૦ ચોરસ વાર પ્લોટ વિસ્તાર અને  ઈન્દિરા આવાસ યોજના વસાહતોમાં ૧૫ કરતાં વધારે કુટુંબો વસવાટ કરતા હોય તેઓને પાયાની સુવિધા મળી શકે તે માટે સી.સી.રોડ, પીવાના પાણીની પાઈપ લાઈન, ગટર, સ્ટ્રીટ લાઈટ, વીજળી કરણની સુવિધા ઉપલબ્ધ કરાવવા સારૂ ઉકત એચ.એસ.જી.-૩ યોજના સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં અમલમાં મુકેલ.

જે અન્વયે જુનાગઢ જિલ્લાને સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં માળખાકીય સુવિધાના તેમજ જમીન સંપાદનના કામો માટે રૂ.૭૦..૦૦ લાખ ફાળવેલ હતા. ભૌતિક ૧૪ ગામોનો લક્ષ્યાંક ફાળવેલ જે સામે  ૨૦૧૧-૧૨ના વર્ષમાં રૂ.૬૯.૬૯ લાખનો ખર્ચ થયેલ છે. આ યોજનાના સ્પિલ ઓવરના બાકી ૮૪ કામો પૂર્ણ  કરવામાં આવેલ છે.અને તે કામો માટે રૂ.૭૦.૭૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**૧૩મું નાણાપંચ :-**

આ યોજના ભારત સરકારશ્રી ધ્વારા અમલમાં મુકાયેલ છે. જે ગુજરાત સરકારશ્રી તરફથી ૧૩ નાણાપંચની ભલામણ અનુસાર પંચાયતો માટે નાણાંકીય આવકના સાધનો સંગીન બનાવવા માટે પંચાયતી રાજ સંસ્થાઓને આર્થિક સહાય આપવા સને ૨૦૧૦-૧૧ થી ૨૦૧૪-૧૫ સુધી પાંચ વર્ષ માટે અમલમાં મુકેલ છે. આ યોજનામાં ગ્રાન્ટ ભારત સરકારશ્રી ધ્વારા રાજય સરકારશ્રીને ફાળવવામાં આવે છે. સરકારશ્રી તરફથી દર વર્ષે રૂ.૧૧૧૬.૬૦ લાખ ગ્રાન્ટ ફાળવશે. જે ગ્રાન્ટ મુજબ ૧૫ % જિલ્લા પંચાયત ૧૫% તાલુકા પંચાયત અને ૭૦% ગ્રામ પંચાયતને ફાળવવાની જોગવાઈ થયેલ છે. તે મુજબ તાલુકા કક્ષા, ગ્રામ્ય કક્ષા અને જિલ્લા કક્ષાના કામો હાથ ધરવાના હોય છે. જેમાં અમલીકરણ અધિકારી તરીકે જિલ્લા કક્ષાના કામો માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા. અને મ./સિંચાઈ વિભાગ તથા તાલુકા અને ગ્રામ્ય કક્ષાના કામો માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી રહે છે. ૧૩માં નાણાંપંચના અનુદાનની ફાળવણી અને તેના ખર્ચ ઉપર

નિયંત્રણ તેમજ ફાળવેલ રકમના હિસાબો ઉપર દેખરેખ તેમજ યોજનાની સિધ્ધી હાંસલ થાય તે માટે વખતો વખત મોનીટરીંગ કરવામાં આવે છે.

૧૩મા નાણાંપંચમાં વર્ષ ૨૦૧૧-૧૨, ની ફાળવેલ કુલ ગ્રાન્ટ રૂ.૧૪૧૦.૩૩ લાખ સામે માર્ચ-૧૨ અંતિત કુલ ૫૬૩ કામ પૂર્ણ થયેલ છે અને ખર્ચ રૂ..૪૫૫.૨૨ લાખનો થયેલ છે. તેમજ વર્ષ ૧૦-૧૧ના વર્ષની ફાળવેલ ગ્રાન્ટ રૂ.૧૧૧૬.૬૦ લાખ સામે કુલ ૧૭૩૬ કામો પૂર્ણ થયેલ છે.તથા રૂ.૯૯૩.૫૬ લાખનો ખર્ચ થયેલ છે.

**પંચવટી યોજના :-**

સરકારશ્રી તરફથી સને ૨૦૦૪-૦૫ થી રાજયના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય પ્રજાના આનંદ પ્રમોદ માટે સુવિધાયુકત બાગ બગીચાને પ્રોત્સાહન આપતી નવતર પંચવટી યોજના અમલમાં મુકેલ છે. આ યોજનાનો લક્ષ્યાંક વિકાસ કમિશ્નરશ્રી ધ્વારા ફાળવવામાં આવે છે. જેના ઉપરથી તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને લક્ષ્યાંક આપવામાં આવે છે. આ યોજનામાં જિલ્લા / તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ અમલીકરણ સમિતીની રચના થયેલ છે. આ સમિતી પંચવટી તરીકે જાહેર કરેલ ગામોમાં પંચવટી બનાવવાની કાર્યવાહી અંગે નિયંત્રણ રાખે છે.

આ યોજનામાં સરકારશ્રી તરફથી પંચવટી દીઠ અનુદાન રૂ..૧.૦૦ લાખ મળે છે. તેમજ જે ગ્રામ પંચાયત પંચવટી બનાવવા સમંત થાય તેમણે લોકફાળા તરીકે રૂ..૦.૫૦ લાખ ભરવાના હોય છે. પંચવટી યોજનાની ગ્રાન્ટ ફાળવણી અને તેના ખર્ચ ઉપર નિયંત્રણ તેમજ ફાળવેલ રકમનાં હિસાબો ઉપર દેખરેખ તેમજ યોજનાની સિધ્ધી હાંસલ થાય તે માટે વખતો વખત મોનીટરીંગ કરવામાં આવે છે.

આ યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨ માં કુલ ૩૪ ના લક્ષ્યાંક સામે ૪ પંચવટીઓ મંજુર થયેલ છે.જે જુન-૧૨ અંતિત પૂર્ણ થશે.

પંચાયતઘર કમ ત.ક.મ. આવાસ યોજના :-

રાજય સરકારશ્રી તરફથી રાજયના ગામોએ જર્જરીત અને બેસવા લાયક ન હોય તેવા પંચાયતઘરોની જગ્યાએ નવા પંચાયતઘર કમ ત.ક.મ. આવાસ બનાવવાની યોજના સને ૨૦૦૨-૦૩ થી અમલમાં મુકેલ છે. જેની યુનીટ કોસ્ટ રૂ. ૩.૩૨ લાખ નકિક કરાયેલ છે.

આ યોજના હેઠળ સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં કોઇ ભૌતિક લક્ષ્યાંક તથા નાણાકીય ફાળવવામાં આવેલ નથી. જયારે સ્પીલ ઓવરના બાકી કામો પૈકી ૧૩ કામો પુર્ણ કરવામાં આવેલ છે. અને તેની પાછળ રૂ. ૨૩.૪૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. .

**૧૭.૨ નાની બચત ક્ષેત્રે સિધ્ધી:-**

૧. અહેવાલના વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન જૂનાગઢ જિલ્લાનો લક્ષ્યાંક રૂ. ૦.૦૦ લાખનો હતો. પંચાયત વિસ્તારમાં રૂ. ૯૪.૩૦ લાખની સિધ્ધિ  હાંસલ કરેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૧-૨૦૧૨નો લક્ષ્યાંક | ૨૦૧૧-૨૦૧૨ની સિધ્ધિ | સિધ્ધિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જૂનાગઢ | ૦.૦૦ | ૨૧.૧૬ | --- |
| ૨ | વિસાવદર | ૦.૦૦ | ૩.૩૨ | --- |
| ૩ | વંથલી | ૦.૦૦ | ૬.૯૮ | --- |
| ૪ | મેંદરડા | ૦.૦૦ | ૯.૪૫ | --- |
| ૫ | ભેંસાણ | ૦.૦૦ | ૮.૯૭ | --- |
| ૬ | માંગરોળ | ૦.૦૦ | ૨.૨૮ | --- |
| ૭ | માણાવદર | ૦.૦૦ | ૪.૭૫ | --- |
| ૮ | વેરાવળ | ૦.૦૦ | ૦.૦૦ | --- |
| ૯ | ઉના | ૦.૦૦ | ૯.૫૪ | --- |
| ૧૦ | કેશોદ | ૦.૦૦ | ૧.૪૮ | --- |
| ૧૧ | કોડીનાર | ૦.૦૦ | ૩.૩૫ | --- |
| ૧૨ | તાલાળા | ૦.૦૦ | ૫.૮૬ | --- |
| ૧૩ | માળિયા | ૦.૦૦ | ૧૬.૪૨ | --- |
| ૧૪ | સુત્રાપાડા | ૦.૦૦ | .૭૪ | --- |
| કુલ-------- | | ૦.૦૦ | ૯૪.૩૦ | --- |

૩. ઉપરની વિગતે પંચાયત વિસ્તારના તાલુકાઓમાં નાની બચત ક્ષેત્રે  જુનાગઢ  તાલુકાએ ૨૧.૧૬ લાખની સિધ્ધિ સાથે પ્રથમ સ્થાને આવે છે. જ્યારે માળીયા તાલુકાએ  ૧૬.૪૨ લાખની સિધ્ધિ મેળવી દ્વિતિય સ્થાને આવે છે.

૪. જિલ્લાના શહેરી વિસ્તારના વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં  રૂ.૫૦૮.૪૬ લાખની સિધ્ધિ હાંસલ કરેલ છે.

# પ્રકરણ-૧૮

**આંકડાકિય ક્ષેત્રે સિધ્ધી:-**

**વહિવટી માળખું ;**

આંકડા શાખામાં આંકડાકિય કામગીરી તથા મહેકમ / વહિવટની કામગીરી અર્થે નીચે મુજબની જગ્યાઓનુ સેટ અપ મંજુર થયેલ છે.

| ક્રમ | જગ્યાનુ નામ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | વિ.નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા આંકડા અધિકારી | વર્ગ-૧ | ૧ | ૧ | તા.૨૬-૦૯-૨૦૦૬ થી ભરાયેલ છે. |
| ૨ | સંશોધન મદદનીશ | વર્ગ-૩ | ૩ | ૨ | તા.૦૩-૧૨-૦૯ થી એક ખાલી છે. |
| ૩ | આંકડા મદદનીશ | વર્ગ-૩ | ૧ | ૦ | તા.૨૩-૦૫-૧૧ થી ભરાયેલ છે. |
| ૪ | જુનીયર કલાર્ક | વર્ગ-૩ | ૨ | ૨ | તા.૦૩-૦૫-૧૧ થી એક ખાલી છે. |

**આંકડાકિય ક્ષેત્રે સિધ્ધિઃ**

પંચાયતી રાજની સ્થાપના બાદ જિલ્લા પંચાયતની કામગીરી વર્ષો વર્ષ વધતી રહેવા પામેલ છે જેનુ સિધુ  પરિણામ જિલ્લા આંકડા અધિકારીની કચેરીના થયેલ વિસ્તરણ ઉપરથી માલૂમ પડે છે. શરુઆતમાં જિલ્લા આંકડા અધિકારીની જગ્યા આંકડાકીય સંવર્ગ-૨ ની હતી. જે ૧૯૮૧ થી વર્ગ-૧ ની કરવામાં આવેલ છે. તાલુકા  કક્ષાએ આંકડાકિય કામગીરી તાલુકાના આંકડા

મદદનીશ દ્વારા કરવામાં આવે છે. જ્યારે ગ્રામ્ય કક્ષાએ આ કામગીરી ગામના તલાટી-કમ-મંત્રી મારફતે કરવામાં આવે છે. તાલુકા કક્ષાએ આંકડા મદદનીશ આંકડાકિય કામગીરીથી વાકેફ રહે તથા આંકડાકિય કામગીરીની ગુણવત્તામાં ઉત્તરત્તર સુધારા-વધારા લાવી શકાય તેમજ એકત્રીકરણ,સંકલન, પૃથ્થકરણ, અને ચકાસણી વગેરેમાં ઝડપ લાવી શકાય તે માટે બીન તાલીમી આંકડા મદદનીશને રાજ્યના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના નિયામકશ્રીની કચેરી દ્વારા તાલીમ આપવામાં આવે છે.

**જિલ્લામાં સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ દરમિયાન આંકડાશાખાની કાર્યસિધ્ધિ નીચે મુજબ છે.**

**જિલ્લાની આંકડાકિય રૂપરેખાઃ**

નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આકડાશાસ્ત્ર, ગાંધીનગરની સૂચના મુજબ સમગ્ર રાજ્યમાં એક સુત્રતા જળવાય તે માટે જિલ્લાના જુદા જુદા વિષયો જેવાં કે વિસ્તાર,વસતિ, ભૌગોલિક સ્થાન, આબોહવા, ખેતીવાડી, પશુધન, મત્સ્યોઘોગ, ખનીજ, વીજળી, જીવન વિમો,બેન્કીંગ, ભાવ, વાહનવ્યવહાર વગેરે ક્ષેત્રોને લગતી માહિતી તાલુકા તથા જિલ્લા કક્ષાની કચેરીઓ પાસેથી એકત્ર કરી ચકાસી અને જિલ્લાની આંકડાકિય રૂપરેખા પ્રકાશિત કરવામાં આવે છે. ૨૦૦૯-૧૦ ના વર્ષની જિલ્લાની આંકડાકિય રૂપરેખા જુન-૧૧ માં પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની જિલ્લાની આંકડાકિય રૂપરેખા જાન્યુઆરી-૧૧ માં પ્રકાશિત કરવામાં આવેલ છે.

**તાલુકાની આંકડાકિય રૂપરેખાઃ**

તાલુકાની આંકડાકીય કામગીરીઃ- નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગરથી જિલ્લા કક્ષાની આંકડાકીય રૂપરેખાની સાથે તાલુકા કક્ષાની આંકડાકીય રૂપરેખા તૈયાર કરવાની મળેલ સૂચના મુજબ તાલુકા કક્ષાની આંકડાકીય રૂપરેખા તૈયાર કરાવવા નિયત કરેલ એક સરખા પત્રકો પૂરા પાડેલ છે. આવા નિયત પત્રકોમાં વર્ષ:૨૦૧૦-૧૧ ની ૧૪ (ચૌદ) તાલુકાની આંકડાકીય રૂપરેખા તૈયાર કરીને સપ્ટેમ્બર-૨૦૧૧ માં પ્રકાશિત કરેલ છે.

**જિલ્લાની સામાજિક આર્થિક સમીક્ષાઃ**

જૂનાગઢ જિલ્લાની સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૧૦-૧૧ના વર્ષની તૈયાર કરીને મે-૨૦૧૧ માં પ્રકાશિત કરેલ છે. જે જિલ્લા પંચાયતની વેબ સાઇટ www.junagadhdp.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

**જિલ્લા પંચાયતનો વાર્ષિક વહિવટી અહેવાલઃ**

જિલ્લા પંચાયતની જુદી જુદી શાખા મારફતે વર્ષ દરમિયાન હાથ ધરાયેલ વિવિધ પ્રવૃતિઓનું સંકલન કરી કાયમી ધોરણે તે માહિતી જળવાય રહે તે હેતુથી વિકાસ કમિશ્નરની

સૂચનાથી આ પ્રકાશન બહાર પાડવામાં આવે છે. છેલ્લે ૨૦૧૦-૧૧ ના વર્ષનો જિલ્લાનો વાર્ષિક વહિવટી અહેવાલ જુન-૨૦૧૧ માં પ્રકાશિત કરવામાં આવેલ છે.

**ગ્રામ સવલત મોજણી :૨૦૦૮**

ગ્રામ સવલત મોજણી-૨૦૦૮ની કામગીરી હાથ ધરેલ જે માહિતી નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરીને મોકલી કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે..

વિલેજ પ્રોફાઇલ-૨૦૧૦ની કામગીરી:-

વિલેજ પ્રોફાઇલ-૨૦૧૦ની કમગીરી ગામવાર ડેટા મેળવી ગામવાર ડેટા એન્ટ્રીની ઓન લાઇન કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ બાબતના મહેનતાણાની માનદ વેતનની રકમ તાલુકા વિકાસ આધિકારીશ્રીના હવાલે મુકવામાં આવેલ છે.અને આ કામગીરીના U.T.C. પણ મોકલી આપેલ છે.

**૧૮ મી પશુધન વસતિ ગણતરી-૨૦૦૭:-**

નિયામકશ્રી, પશુપાલન ધ્વારા ૧૮મી પશુધન વસતિ ગણતરી-૨૦૦૭ ની કામગીરીમાં ગાંધીનગર મૂકામે તાલીમ લઇ, જિલ્લા મથકે તેમજ તાલુકા મથકે જિલ્લાના મુખ્ય ટ્રેઇનર તરીકેની ફરજો બજાવી સમયમર્યાદામાં ગ્રામમિત્રો મારફતે ફિલ્ડવર્ક કરાવી તાલુકાના કોમ્પ્યુટર ઓપરેટરો મારફતે રીતે ઓનલાઇન જિએસવાનમાં ગામવાર/વોર્ડવાર તારીજની ડેટા એન્ટ્રીની કામગીરીનું સંપુર્ણ મોનીટરીંગ કરેલ છે. ગત ૧૭મી પશુધન વસતિ ગણતરી કરતા નોંધનીય વધારો નોંધાયેલ છે. જિલ્લા કક્ષાની કમીટીમાં પરિણામો આખરી કરી નિયામકશ્રીને જાણ કરેલ છે. કુટુંબ વાર ડેટા એંટ્રી ની કામગીરી પણ પૂર્ણ કરેલ છે..આ સંબંધે માનદ વેતનના ચુકાદાની કામગીરી પૂર્ણ કરેલ છે.આ બાબતના ગ્રાન્ટ વપરાશના U.T.C. પ્રમાણપત્રો પણ મોકલી આપવામાં આવેલ છે.

**ભાવ વિષયક માહિતી:-**

જિલ્લા મથકેથી દર માસના પ્રથમ અને ત્રીજા શુક્રવારના છુટક તથા જથ્થાબંધ ભાવો મેળવી નિયત નમુનામાં સમય મર્યાદામાં નિયમિત મોકલવામાં આવે છે. તથા ઓન લાઈન ડેટા એન્ટ્રી પૂર્ણ કરવામાં આવેલ છે.

**૮૦ ટકા નોર્મલ પ્લાન અંગેની કામગીરીઃ**

રાજ્ય હસ્તકની ૮૦ ટકા નોર્મલ પ્લાન હેઠળની જિલ્લા પંચાયતને તબદીલ થયેલ યોજનાઓનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ એકત્ર કરી સમીક્ષા નોંધ સાથે જિલ્લા આયોજન મંડળને મોકલવામાં આવે છે.

**પ્રાદેશિક કક્ષાએ આંકડાની જાળવણી :-**

નિયત નમુનાના રજીસ્ટરોમાં ૧૯૭૫-૭૬ થી શરૂ કરીને ૨૦૦૬-૦૭ સુધીની પ્રાપ્ય માહિતી નિભાવેલ તેમજ વધુમાં આ શાખામાં જિલ્લાની આંકડાકીય રૂપરેખાના વસતિ, વરસાદ, ઉષ્ણતામાન, ખેતીવાડી, પશુપાલન અને શિક્ષણ વિગેરે જેવા ક્ષેત્રોની માહિતી ૧૯૬૩ થી રજીસ્ટરોમાં નિભાવેલ પરંતુ તા. ૨૧-૦૨-૨૦૦૭ ના રોજ અકસ્માતે લાગેલ આગમાં આંકડાશાખાનું તમામ રેકર્ડ નાશ પામેલ છે. તેમાં પ્રાદેશિક કક્ષાએ આંકડાની માહિતીના અસલ રજીસ્ટરો નાશ પામેલ છે. પરંતુ આંકડાશાખા ધ્વારા જૂનાગઢ જિલ્લાની આબોહવા વિષયક વરસાદ અને ઉષ્ણતામાનની માહિતી વર્ષ ૧૯૫૯-૨૦૦૭ સુધીની તૈયાર કરીને જાન્યુઆરી-૦૮ માં પુસ્તિકારૂપે પ્રકાશિત કરેલ છે. જે જિલ્લા પંચાયતની વેબસાઇટ www.junagadhdp.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. તેમજ વસતિના અને વરસાદના આંકડાઓનું કોમ્પ્યુટરાઇઝેશન કરેલ છે.

વધુમાં વસતિ વિષયક તાલુકાવાર સંકલિત માહિતિની સમય શૃંખલા નામની પુસ્તિકા સપ્ટેમ્બર-૨૦૧૦માં પ્રકાશિત કરેલ છે. જે પણ જિલ્લા પંચાયતની વેબસાઇટ www.junagadhdp.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

**વિકેન્દ્રીત જિલ્લા આયોજન :-**

જિલ્લા આયોજન મંડળ દ્વારા અમલમાં મુકાતી ૧૫ ટકા વિવેકાધીન જોગવાઇ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઇ, આર્થિક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉત્કર્ષ માટેની જોગવાઇ તથા સ્થાનિક અગત્ય ધરાવતાં કામો, ધારાસભ્ય માટેની જોગવાઇ વગેરે હેઠળ ખાસ કરીને ખુટતી કડીરૂપ સ્થાનિક વિકાસના ન્યુનતમ જરૂરિયાત કાર્યક્રમને અનુરૂપ ગ્રામ્ય રસ્તા, પીવાના પાણી, પ્રાથમિક શિક્ષણ, ગ્રામ્ય આરોગ્ય, ગ્રામ્ય વીજળીકરણ, ગ્રામ્ય ગૃહનિર્માણ, ગંદા વસવાટોની નાબુદીની યોજનાઓ, સિંચાઇ, ખેતીવાડી, નાના ઉદ્યોગો તથા સામાજિક ઉત્થાનને અનુરૂપ નાના-નાના વિકાસ કામો હાથ ધરવા તેની દરખાસ્તનું ઘડતર તાલુકા પંચાયત હેઠળની તાલુકા આયોજન સમિતિ દ્વારા થાય છે. તે યોજનાકિય દરખાસ્તોની ચકાસણી બાદ આયોજન મંડળને ભલામણ કરવામાં આવે છે. જિલ્લા આયોજન મંડળ તેને મંજૂરી આપ્યા બાદ તે અમલમાં મુકાય છે. આમ યોજનાઓની દરખાસ્તોનું ઘડતર હાથ ધરાયેલ કામોની પ્રગતિની સમીક્ષા તથા વિનિયમનની કામગીરી કરવામાં આવે છે. જિલ્લા આંકડા અધિકારી, આયોજન મંડળના સભ્ય સચિવ તરીકે નીમાયેલ છે.

**જિલ્લા પંચાયત કચેરીનું કોમ્પ્યુટરાઇઝેશન:-**

જિલ્લા પંચાયતની દરેક શાખાઓમાં કોમ્પ્યુટર આપી તે તમામ કોમ્પ્યુટરને નેટવર્કમાં જોડી GSWAN ની સગવડ ચાલુ કરેલ છે. તેમજ સરકારશ્રીનાં E-GOVERNERS નાં હેતુ અનુસાર શાખાઓની વિવિધ કામગીરીનું કોમ્પ્યુટરાઇઝેશન કરવાની પ્રક્રિયા હાથ ધરાયેલ છે

જિલ્લા પંચાયત તથા તાબાની તમામ કચેરીના કર્મચારીઓના GPF એકાઉન્ટસ ONLINE કોમ્પ્યુટરાઇજ કરેલ છે. જે માટેના સોફ્ટવેર NIC નાં સહયોગથી તૈયાર કરેલ છે.જેના ભાગરૂપે જિલ્લા પંચાયતના કર્મચારીઓની વર્ષ ૨૦૧૧-૧૨ ની G.P.F.ની સ્લીપો નવા સોફ્ટવેરમાં તૈયાર કરીને નાણાંકીય પૂર્ણ થતાની સાથેજ તેજ દવસે ૩૧-૩-૨૦૧૨ ના રોજ માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રીના વરદ હસ્તે કર્મચારીઓને તેમની G.P.F.ની સ્લીપો સાંજના ૧૮:૦૦ કલાકે આપવામાં આવેલ છે. આ કામગીરી ગુજરાત રજ્યમાં સૌ પ્રથમ અગ્રતાને ધોરણે કરીને હિસાબી શાખાએ પ્રશંશનીય કામગીરી કરેલ છે.

# પ્રકરણ-૧૯

## દબાણ ક્ષેત્રેઃ

૧. સરકારશ્રીના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ અન્વયે પંચાયત અધિનિયમની જોગવાઇ મુજબ ગ્રામ્ય/નગર પંચાયતોને સુપ્રત થયેલ ગૌચર તથા અન્ય જમીનો ઉપરના દબાણો દૂર કરવાની જવાબદારી ગામ/નગર પંચાયતોની તેમજ તાલુકા પંચાયતોની છે. પરંતુ એક યા બીજા કારણોસર આવા દબાણો પુરતા પ્રમાણમાં દૂર કરાવી શકાતાં નથી. દબાણોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જતી હોવાથી આવા દબાણો દૂર કરવાનો પ્રશ્ન મહત્વનો બન્યો છે. જે અન્વયે જિલ્લા પંચાયતમાં એક ખાસ સેલ ઉભુ કરવામાં આવેલ છે. જે માટે મંજુર થયેલ મહેકમ અને ભરાયેલ જગ્યા ચાલુ વર્ષ દરમિયાન નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|
| ૧ | સર્કલ ઇન્સ્પેકટર | ૧ | ૦ |
| ૨ | સર્વેયર | ૨ | ૦ |
| ૩ | જુનીયર ક્લાર્ક | ૧ | ૧ |
| ૪ | પટાવાળા | ૧ | ૧ |

૨. વર્ષની શરુઆતના દબાણો વર્ષ દરમિયાન શોધાયેલ દબાણો અને વર્ષ દરમિયાન દૂર કરવામાં આવેલ દબાણોની વિગત નીચેના પત્રકમાં આપેલ છે.

**વર્ષ : ૨૦૧૧-૧૨**

| ક્રમ | દબાણનો પ્રકાર | વર્ષની શરુઆતમાં બાકી | વર્ષ દરમિયાન શોધાયેલ | કુલ દબાણો | વર્ષ દરમિયાન દૂર | વર્ષના અંતે બાકી દબાોની |
|---|---|---|---|---|---|---|

| | | દબાણોની સંખ્યા | દબાણોની સંખ્યા | | કરાયેલ દબાણની સંખ્યા | સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| 1 | ગૌચર | ૧૩૭૦૯ | ૦ | ૧૩૭૦૯ | ૧૧૬૮૭ | ૨૦૨૨ |
| ૨ | અન્ય | ૪૪૭૨ | ૦ | ૪૪૭૨ | ૫૭૫ | ૩૮૯૭ |
| કુલ | | ૧૮૧૮૧ | ૦ | ૧૮૧૮૧ | ૧૨૨૬૨ | ૫૯૧૯ |